# મઢેલાં મોતી

કાવ્યસંગ્રહ

શુભેચ્છાઓ સાથે

- રઘુવીર ચૌધરી

૨૨-૧૦-૧૫

રમેશ પટેલ
'આકાશદીપ'

સર્વ હક્ક લેખકને સ્વાધિન

**સંપર્ક : રશ્મિકાન્ત**
c/o વિષ્ણુભાઈ જે. પટેલ
**મુખીની ખડકી, મુ.પો. - મહિસા**
**તા. મહુધા, જિ. ખેડા-૩૮૭૩૪૦**
**ફોન-૨૬૮૨૫ ૭૬૪૪૯**

**કેતન પટેલ**
માંગલિક પાર્ટી પ્લૉટ, (આણંદ) Anand-388001 (Guj)
ફોન - ૯૮૨૫૦ ૯૧૦૪૨ (M)

સૌજન્ય
પ્રકાશક : **શ્વેતા, મેનકા અને વિતલ** (પુત્રી પરિવાર)
(જાનકી, ખુશી, સલોની, આદિ, રોહન - શુભેચ્છક)

પિતાશ્રી ઝવેરભાઈ મુખીને માતૃશ્રી કાશીબાના પુણ્ય સ્મરણે..

સૌજન્ય...
મુખી પરિવાર..
શ્રી વિષ્ણુભાઈ, શ્રી બળવંતભાઈ, શ્રી અશોકભાઈ

પ્રથમ આવૃત્તિ : 2016

કિંમત : ₹200 / $8

મુદ્રક : BookPub, Ahmedabad

All rights reserved. No part of this book may be reproduced in any form or by any means without permission of the author.

## વાંચન દ્વારા સર્જન એટલે "બેઠક"

## "પુસ્તક પરબ"... સૌજન્ય

કવિ શ્રી રમેશભાઈ પટેલ 'આકાશદીપ'ની, છંદ-લયના વૈવિધ્ય સાથેની, સુંદર રચનાઓને આપણે લખતાં-વાંચતાં "બેઠક"માં સહિયારી માણી છે, એમના આ કાવ્ય-સંગ્રહ 'મઢેલાં મોતી'ને આપ સુધી પુસ્તક સ્વરૂપે પહોંચાડવાનું અમે માત્ર નિમિત્ત બન્યા છીએ એ ગૌરવ સાથે, કવિશ્રીની કલમ અવિરત લખે તેવી "બેઠક" તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવતાં અમને આનંદ થાય છે.

**ડૉ. પ્રતાપભાઈ પંડ્યા**

---

**સાહિત્ય સર્જનને**
**સંસ્કાર સીંચનનો સેતુ કહી પોંખનાર....**
**મારા ભાઈશ્રી વિનુભાઈ પુરુષોત્તમ મરચંટની પુણ્ય સ્મૃતિમાં ભેટ.**

*મયુર કેવાં રે કામણ તમે કીધાં*
*હરિએ તમારાં સરનામાં રે દીધાં*

'મઢેલાં મોતી' કાવ્યસંગ્રહ એટલે 'માણસ મંજાવો જોઈએ'ના ભાવથી મઢેલી કાવ્યકૃતિઓ. કવિશ્રીએ વતનપ્રેમ ને ઋતુકાવ્યોથી આપણને સૌને ગૌરવવંતા કર્યા છે.

બે એરિયા, કેલિફોર્નીઆ
૧૧ એપ્રિલ,૨૦૧૭

શુભેચ્છા સહ
**જયશ્રીબેન મરચંટ** (સાહિત્યકાર)

# બે શબ્દો...

સાહિત્યપ્રેમી ડૉ. શ્રી પ્રતાપભાઈ પંડ્યાના સૌજન્યથી, કેલિફોર્નિયાના બે એરિયાના આંગણે આપણી "પુસ્તકપરબ"નો શુભારંભ થયો. આપ સૌએ માતૃભાષાના વિવિધ પુસ્તકો દ્વારા નવા વિચારો સમાજને આપવા અને વાંચનની સંવેદનાઓને ખીલવવાના, આ અમારા નમ્ર પ્રયત્નને એટલા જ ઉમંગે આવકાર્યો છે. પરદેશમાં સતત અંગ્રેજી વાતાવરણમાં, આપણી માતૃભાષાનો ધબકાર જાળવી રાખવો, એ એક અઘરું કામ અનુભવાતું હતું પણ એક ભાવ રમતો કે 'વાંચન સાથે જો સર્જન થાય તો ભાષા વહેતી રહે.' ગુજરાતી ભાષાના વૈશ્વિક પ્રચાર, પ્રસાર અને જાળવણીના એક નાનકડા પ્રયાસ રૂપે આ "બેઠક"ની શરૂઆત થયેલી. ભાષાપ્રેમને ઉજાગર કરવા, બે એરીયામાં રહેતા ગુજરાતી ભાષાના પ્રેમીઓએ, વાંચન સાથે ઉપાડી કલમ ને તેના ફળ સ્વરૂપે માત્ર વાંચન નહીં, પણ લખવાનું કાર્ય 'બેઠક'ની પ્રેરણાથી થયું. નિત નવા વિષયો સાથે ઉચ્ચ કોટિના લેખકોનું વાંચન કરતાં કરતાં, કલમને કેળવવાનો સર્જકોનો પ્રયત્ન આજે પણ ચાલુ છે. ગુજરાતી ભાષા થકી સંવેદનાઓ ઝીલીને સંસ્કારોને માણતા રહેવાના, અમારા આ નમ્ર પ્રયાસને અનેક જાણીતા લેખકોએ "બેઠક"માં આવી પ્રેરણાનાં પાન પાયાં છે.

૨૦૧૦માં શ્રી રમેશભાઈ (આકાશદીપ) ''શબ્દોનું સર્જન'' બ્લૉગ સાથે સંકળાયા, એમની ઉત્સવો અને વતન પ્રેમની વિવિધ કવિતાઓ બેઠકમાં અવાર નવાર હું વાંચતી ને, ''શબ્દોનું સર્જન'' પર મુકી, નવા સર્જકોને તેમનું ઉદારણ આપીને લખવા પ્રેરતી. અમારે ત્યાં દર મહીને મળતી ''બેઠક''માં, કવિશ્રી રમેશભાઈ (આકાશદીપ) પ્રત્યક્ષ હાજર ન હતા પણ તેમના વિવિધ વિષયના કાવ્યો થકી, બીજા અનેક લોકો ''બેઠક''માં પ્રેરણા મેળવતા થયા.. આમ ''બેઠક'' અને તેના સર્જકો, શ્રી રમેશભાઈના સાહિત્ય સર્જનના સાક્ષી બની, એ રાહ પર આગળ વધ્યા છે. "બેઠક"ના નવા સર્જકો માટે છંદ સાથે લખવું અઘરું હતું, પણ સંસ્કાર લેખિનિથી નવાજાયેલ તેમની કલમને છંદ સાથે માણવી એ એક લ્હાવો હતો. આજે નેટ-જગતમાં ગઝલને બાદ કરતા ભાગ્યે જ કોઈએ છંદ પર હાથ અજમાવેલો જોવામાં આવે છે. તેમની કલમે ટપકતા છંદોબદ્ધ કાવ્યો, સૌ નવા સર્જકોને આજે પણ વાંચતા પ્રેરણા આપે છે. શ્રી રમેશભાઈ (આકાશદીપ)ની કવિતાઓને છંદની પાંખો મળી છે. છંદ

થકી જ કવિત્વના શિખરોને સ્પર્શ કરતી તેમની ઋતુ કવિતાઓ જેવી અનેક રચનાઓ, શબ્દપ્રભાથી સાહિત્યનું ગૌરવ બનશે તેમાં કોઈ શક નથી.

કવિશ્રીએ, તેમને કાવ્ય-કેડી પર રમણા કરવા પ્રેરણા દેનાર, ગુજરાતી સાહિત્યને ઉપખંડે ગરવું સ્થાન અપાવનાર, શિખરસ્થ સાહિત્યકાર ને ભારતીય જ્ઞાનપીઠના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત, શ્રી રઘુવીરભાઈ ચૌધરીને આ કાવ્યસંગ્રહ અર્પણ કર્યો છે, એ ઉલ્લેખ કરતાં અત્રે અમને વિશેષ હર્ષ થાય છે. શ્રી રમેશભાઈ રાજભોગ સમ રચનાઓના આ થાળ ભેટ ધરીને, આપણી ભાષાને પરદેશમાં રળિયાત કરી રહ્યા છે. એમની આ ઉપાસના ને વધાવતા "બેઠક" વિશેષ ગૌરવ અનુભવે છે ને ભાવિ પેઢીઓમાં આ સુગંધ પુસ્તક રૂપે સચવાઈને રહેશે, એ અભિલાષા સાથે અભિનંદન પાઠવે છે..

**– પ્રજ્ઞા દાદભાવાળા**
"બેઠક"ના આયોજક

# સૌજન્ય...
# પુત્રી પરિવાર આવકાર

'મઢેલાં મોતી' એટલે 'આકાશદીપ'ના કાવ્ય-તારલાની ઝૂલ. આદરણીય સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટના, તેમના કાવ્યસંગ્રહને આપેલા મીઠડા આવકારના શબ્દો અમારે હૈયે સદા જડાયેલા છે... *''વિપુલ શબ્દ ભંડોળ જેમની પાસે હોય અને તે શબ્દની સુવર્ણ સાંકળ એક સમાન કડીને સર્જી શકે તે સફળ કવિની કક્ષામાં આપોઆપ સ્થાન પ્રાપ્ત કરી શકે... આટલા વિધવિધ વિષયો પર રચના કરવી એ કંઈ સામાન્ય ઘટના નથી.''*

પૂ. પિતાશ્રીના કવિતા અને માતૃભાષા પ્રત્યેના પ્રેમને, અમે દીકરીઓ તરીકે ગૌરવથી વધાવીએ છીએ... અમારી માતુશ્રી સવિતાબેનના સાહિત્ય પ્રેમથી જ, ભાવ ગીતો ઘરમાં ગુંજ્યાં છે. અમે આજે તેમના આ ચોથા કાવ્ય-સંગ્રહ પ્રકાશન પ્રસંગે ગૌરવ અનુભવીએ છીએ... ને તેમના જ આ કાવ્યથી સ્વાગત કરીએ છીએ.

***માન સરોવરના ધવલા હંસલા, ઊડી ઊડી આવોને અમારે દેશ***
***'મઢેલાં મોતી'ના ધરવા છે થાળ, નહીં લાગે તમને આ પરદેશ***
***આવો આવોને અમારે દેશ***

***વિચાર સાગરનાં મોંઘેરાં મોતી ને, ભાતીગળ શોભે મનના રે વેશ***
***શુભમ શંખનાદના ગરવા રાગે, ગગને ગજાવજો સંદેશ***
***આવો આવોને અમારે દેશ***

***ઉર મોતીડાં લાખે લાખેણાં, ખીલવે જીવન દર્શન સુજાણ***
***પ્રસન્ન પુષ્પે ઝૂમતાં જ મનડાં, ભરજો તમે ઊંચી ઉડાણ***
***આવો આવોને અમારે દેશ... નહીં લાગે તમને આ પરદેશ***

***પ્રગટી છે જ્યોત માનવને મનડે ને ઝગમગતો 'મઢેલાં મોતી'નો થાળ***
***વાગ્યા આ ઢોલ, સંગ બંસરીના સૂર, અંતરે પથરાયા ગમતા ઉજાશ***
***આવો આવો ને ગુર્જરીને દેશ, નહીં લાગે તમને આ પરદેશ (૨)***

**રમેશ પટેલ** 'આકાશદીપ'

શ્વેતા, મેનકા ને વિતલ (પુત્રી પરિવાર)

# અર્પણ

સૂર્ય, ચંદ્ર, સાગર, સરિતા, પુષ્પો અને અંતરની બંસરીની મધુરતા મનભરી માણે, એ સાચો સાહિત્યકાર. ગુજરાતી સાહિત્યને ઉપખંડે ગરવું સ્થાન અપાવનાર, શિખરસ્થ સાહિત્યકાર ને ભારતીય જ્ઞાનપીઠના સર્વોચ્ચ સન્માને સન્માનિત, શ્રીરઘુવીરભાઈ ચૌધરી, જેમણે કવિતાની કેડી પર યાત્રા કરવા, મારા ત્રીજા કાવ્યસંગ્રહ 'ત્રિપથગા'ને આશિષ, માર્ગદર્શન સાથે વધામણી દીધેલ કે... "શ્રી રમેશભાઈ પટેલ ઇજનેર છે અને સાહિત્ય, ધર્મ, અધ્યાત્મ પ્રત્યે સહજ રૂચિ ધરાવે છે, એમને વતન, ગૃહ-જીવન, ગુજરાત, ભારત અને એની સભ્યતા-સંસ્કૃતિ માટે સમાદર છે. આ એમની મુખ્ય મૂડી છે. જે વિવિધ લય ને છંદ સાથે રજૂ થાય છે. રમેશભાઈની આ નિર્દોષ અને આનંદલક્ષી યાત્રાનો આલેખ છે.''

આ યાત્રાના પરિપાક રૂપે આજે મારા આ ચતુર્થ કાવ્ય-સંગ્રહ ''મઢેલાં મોતી''ને, તેમને અર્પણ કરતાં સહર્ષ ગૌરવ અનુભવું છું.

**રમેશચંદ્ર જે. પટેલ** (આકાશદીપ)

કરોના, કેલિફોર્નિયા,

તા - ૧/૧/૨૦૧૬

# તેજપૂંજની તવારીખ

**બી.એચ. પટેલ / સી.બી. કનેરીઆ** (ઇજનેર-ગાંધીનગર)

તા - ૧ મે, ૨૦૧૬

"આકાશદીપ"ના તેજોમય તેજપૂંજ... અખંડોત્સાહી રહેજોના મધુરા ભાવના શબ્દ-ધ્વનિ, આપણા મેઘાવી સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટની, 'ત્રિપથગા' કાવ્યસંગ્રહની વધામણીની યાદો સાથે...મારે ને મારા ઇજનેર મિત્ર શ્રી સી.બી. કનેરીયાને... આજે શ્રી રમેશભાઈ પટેલ (આકાશદીપ)ની કાવ્ય-દીપની નવલી આગામી શ્રેણી માટે શુભેચ્છા સાથે, આપ સૌને મળવું છે.

અમે તો, તેમની ઇજનેરી કારકિર્દીની જ્વલંત આભાના પ્રત્યક્ષ સાક્ષી બનવાનું ગૌરવ ધરાવીએ છીએ. વણાકબોરી થર્મલ પાવરસ્ટેશન માટે, મહિસાગરની ઊંડા વેરાન કોતરો ને સંલગ્ન જમીન સંપાદન થઈ. શરૂઆતમાં કોઈપણ પાયાની સુવિધા વગર... રોડ, રહેઠાણ કે પાણીની વ્યવસ્થાના અભાવવાળા પ્રોજેક્ટો પર, પોસ્ટિંગ પામનાર સ્ટાફ એટલે સાચા કર્મયોગીની કપરી કામગીરીની શરૂઆત. ધીરે ધીરે કામ સિવિલ ઇજનેરો સાથે આગળ વધે. સાઈટ મોબિલાઇઝેશન સાથે અવર-જવર દિવસે દેખાય ને સાંજે નજીકના ગામે વાસો થાય. જી.ઈ.બી.એ સર્વપ્રથમ બૉઇલર, ટર્બાઇન અને કંટ્રોલરૂમ માટે એક ટીમ બનાવી પોસ્ટિંગ કર્યું. આ ટીમની કાર્યકુશળતા ઉપર જ આ ખૂબ જ મોટા, ગુજરાતના નવા પાવર પ્રૉજેક્ટનું ભાવિ હતું. તેઓની બૃહદ જવાબદારીમાં નવા સ્ટાફને ટ્રેઇન કરવાનું અને નવા ભરતી કે ટ્રાન્સફર થતા સ્ટાફની શૃંખલા માટે સૂત્રધાર બની સતત જવાબદારીભર્યા કામનું એ ભગીરથ કાર્ય શીરે હતું.

આજે WTPSના આ મહાકાય સ્ટીમ જનરેટિંગ યુનિટો (આપણી ભાષામાં બૉઇલર) કંસ્ટ્રક્શન, ઈરેકશન, કમિશનીંગ પછી તેના સંચાલન સાથે, ગુજરાતને વીજપૂરવઠે પગભર કરી, અનેક ઍવોર્ડો સાથે યશોગાથા રટતા કાર્યરત છે. શ્રી આર.જે. પટેલના આ મણકામાં સંચાલન સમયે, તેમના એક સહભાગી તરીકે, ૧૯૭૯થી ૨૦૦૦ની તેમની ઇજનેરી કારકિર્દીની સેવાના અમે પ્રત્યક્ષ રીતે સાક્ષી છીએ. ત્યારબાદ (૨૦૦૦-૨૦૦૫)માં, અમે ગાંધીનગર ખાતે પણ ઍશ-હેન્ડલિંગ સિસ્ટીમ માટે, તેમની સાથે કામ કરવાની તકના સુભાગી બન્યા છીએ. તેમની દૂરોગામી લાભ દેતી યોજનાના સાક્ષી બનવાનું શ્રેય પણ

અમને લાધ્યું છે. કોલ રિજેક્ટને, એશ નિકાલના બોર્ડને આર્થિક ફટકો દેતા પ્રશ્નોના નિરાકરણ માટે, હેડ ઑફિસ ને ટૅક્નિકલ મેમ્બરે, તેમના પર મૂકેલો વિશ્વાસ, તેમણે સિદ્ધ કરી બતાવેલ. આ ટેક્નિકલ રિપોર્ટ વાંચીએ ત્યારે, તેમની પરદેશની પાવર પ્લાન્ટની ડિઝાઇન સપ્લાય કરનાર તજજ્ઞોને, આપણી વર્કિંગ કન્ડીશન માટે જે ફેરકાર કરાવી ઇજનેરી અનુભવનો લાભ દીધો, ગુજરાત નહીં પણ સમગ્ર ભારતના વીજનિગમોને લાભાન્વિત કર્યા... એ યશકલગી સમાન છે. સિમેન્ટ કંપનીઓને ઉપયોગી એવી, ફ્લાય-ઍશ ક્વૉલીટીને અલગ કરી (સાયલો સિસ્ટીમ), વિતરણની શરૂઆત માટે તેમણે પ્લાનિંગ કરી, બોર્ડને કોતરોમાં ખૂબ જ પાણી સાથે લઈ જવી પડતી ઍશ, ને પોલ્યુશનના વિકટ પ્રશ્નના હલ માટેની શરૂઆત કરી હતી. આજે નિગમને એ પૉલિસી આર્થિક વળતરની યોજના બની ગઈ છે. આજે તો થર્મલ સ્ટેશનની નજીક સિમેન્ટ કંપનીઓ ઊભી થવાની શરૂઆત થઈ ગઈ છે. આવા ઇજનેર શ્રી આર.જે. પટેલને ભીતર કવિતા છલકતી હતી.. એ વાત પણ રોચક છે... આવો એ ‘આકાશદીપ’ને વધાવીએ.

ગુજરાત સમાચારના, શનિવારે પ્રગટ થતી પ્રાસંગિક રચનાઓની કટાર ‘શબ્દ-સિદ્ધિ’ સાહિત્ય-રસિયાઓની પ્રિય કટાર હતી. ત્યાં એક દિવસ જી.ઈ.બી. સંકુલમાં વાત વાયરે ચડી... ‘મારે શોધવા છે બીજા એક બાપુ’ - રમેશ પટેલ (આકાશદીપ) - ગાંધીનગર થર્મલ કૉલોની... અરે! આ તો આપણા આર.જે. પટેલ સાહેબ. આમ અમે તો ગાંધીનગર થર્મલમાં, તેમના આ કાવ્ય રચવાના શોખના સાક્ષી બની ગયા. એ ખુશી ત્યારથી, આજ સુધી હૈયે રમાડીએ છીએ. પછી તો, ગુજરાત સરકારના માહિતીખાતાના માસિક ‘ગુજરાત’માં પણ, તેમના વિધવિધ વિષયોના કાવ્યો, અવાર-નવાર પ્રગટ થવા લાગ્યાં. અમારા ઇજનેરી યુનિયનના માસિક સમાચારપત્રમાં, તેમની પ્રાસંગિક કવિતાઓએ તો, ગુજરાતના ખૂણેખૂણે, ઇજનેરી આલમમાં રંગ જમાવી દીધો. તેઓ પોતાનો આ શોખ મિત્રો સાથે ગોષ્ઠી રૂપે માણતા.

જ્યારે તેમણે યુ. એસ.એ. આવવાનું નક્કી કર્યું, ત્યારે મેઘાવી સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટે, અમારા મિત્રવર્તુળની વિનંતીને માન આપી, તેમની રચનાઓના પ્રથમ કાવ્ય-સંગ્રહ ‘સ્પંદન’ને આવકાર આપ્યો. તેમના વિદાય સમારંભનું અમે આયોજન કર્યું... એ હતી... પહેલી મે ૨૦૦૫. તેમને, તેમની જ કવિતાઓથી વધાવવાનું ટાણું ઊભય પક્ષે લાખેણું હતું. આ પ્રસંગે આ. સાહિત્યકાર

શ્રી દોલતભાઈ ભટ્ટે, આશિષ આપતાં કહ્યું... *'રમેશભાઈ, તમારામાં પડેલાં કવિતત્ત્વે, તમને કલમ ઉપડાવી છે... તો લખતા રહેજો... તમે કવિની પંગતમાં બેસી ગયા છો હવે.'*

કેલિફોર્નિયા (યુ.એસ.એ)માં આવ્યા બાદ, તેમની દીકરી શ્વેતાના ઘરે, તેમણે આ. સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટના આશિષ ગણી, કુદરતના ખોળે ઝીલેલી ને, હૈયે રમતી ભક્તિ આરાધનાને રચનાઓમાં ઢાળવાની શરૂઆત કરી. કોઈ વખતે વતનની યાદ, તો ઉત્સવોની માણેલી મજાને ગીતથી છલકાવી નિજાનંદમાં ગાતા રહેવાની મજામાં મગ્ન થતા ગયા. તેમણે કહેલી એક યાદ, આપ સૌને કહું તો.., 'કવિલોક' બ્લૉગના ડૉ. શ્રી દિલીપભાઈ પટેલે (યુએસ.એ)... એક દિવસ સ્વામિનારાયણ મંદિરે, મિત્ર ચંદ્રેશભાઈ (જમાઈરાજ) પાસેથી, તેમને ગમેલી, રમેશભાઈની વતનપ્રેમની એક કવિતા, ૧૫મી ઑગષ્ટે બ્લૉગમાં પ્રસિદ્ધ કરી. રમેશભાઈએ પહેલ-વહેલી, પોતાની આ રચનાને નૅટ જગતે વાંચી, ખૂબ જ રોમાંચ અનુભવ્યો. પછી તો તેઓ 'કવિલોક' બ્લૉગના વાચકોના ચહિતા કવિ થઈ ગયા. એક પછી એક તેમની નવલી રચનાઓ, સૌને ગમતી રચનાઓ બની ગઈ. ધીરે ધીરે બ્લૉગજગતમાં, તેઓ ઉભરતા કવિ તરીકે યશ પામતા ગયા.

સુશ્રી નીલાબેન કડકીઆ (મેઘધનુષ), 'શબ્દ સાગરને કિનારે'- ઑસ્ટ્રેલિયા (રાજીવ ગોહેલ), કવિલોક... ડૉ. શ્રી દિલીપભાઈ, કાવ્યસૂર.. શ્રી સુરેશભાઈ જાની, મનનો વિશ્વાસ... ડૉ. શ્રી હિતેશભાઈ (ગુજરાત), રીડ ગુજરાતી (વડોદરા) - મૃગેશભાઈ શાહ, ટહુકો... જયશ્રીબેન ભક્તા (યુ.એસ.એ), સબરસ - શ્રી અશોકભાઈ કૈલા, ગુજરાતી... શ્રી ભરતભાઈ સૂચક, વિણેલાં મોતી, બીનાબેનનો બ્લૉગ, લેસ્ટર ગુર્જરી... શ્રી દિલીપભાઈ ગજ્જર (યુ.કે.), ભજનામૃત... શ્રી અતુલ જાનીના ચાહકોએ, 'આકાશદીપ'ને – પ્રતિભાવોથી હરખે વધાવી લીધા.

રમેશભાઈએ આ રચનાઓનું સંકલન કરી 'ઉપાસના' કાવ્ય સંગ્રહ તૈયાર કર્યો' આ. શ્રી દોલતભાઈ ભટ્ટને, તેમણે આવકાર આપવા વિનંતી કરી. અમને પણ તેમણે બુક-પ્રિન્ટિંગ માટે તેમનો વિચાર જણાવ્યો. તેઓ અમેરિકામાં હતા... વતનની મુલાકાતનો કોઈ કાર્યક્રમ ન હતો. એટલામાં તેમના મોટાભાઈ શ્રી વિષ્ણુભાઈએ... વતન મહિસામાં, અમારી તથા શ્રી દોલતભાઈ ભટ્ટ સમક્ષ બીજા પુસ્તક 'ઉપાસના'ના વિમોચન માટે પ્રસ્તાવ મૂક્યો. રમેશભાઈના પ્રેમ

આગળ, સૌના મુખે સંમતિના સૂર જ ઢળ્યા. અમે 'ઉપાસના'ને પુસ્તકદેહ આપવા... શ્રી વિષ્ણુભાઈ સાથે કામ ઉપાડી લીધું. રમેશભાઈએ અમારા આ ઉત્સાહની વાત શ્વેતાને (યુએસએ)માં કરી. શ્વેતાબેને પરદેશમાં પણ, સાથોસાથ વિમોચન માટેની તૈયારી કરી દીધી... ને અમને પુસ્તકો મોકલવા કહ્યું.

સૌથી આનંદિત ને રોમાંચ, હું ને મિત્ર કનેરિયા અનુભવી રહ્યા હતા. અમે, આ. શ્રી દોલતભાઈ ભટ્ટ સાથે, કવિ શ્રી રમેશભાઈના વતન, મહિસા ગામે વિમોચન કરવા, શ્રી વિષ્ણુભાઈના આમંત્રણે પહોંચી ગયા. રમેશભાઈ અમારી સાથે ન હતા... પણ જે સ્થળે શાળાના પટાંગણમાં કાર્યક્રમ હતો... તે સઘળે તેમના નામનો રણકાર હતો. આ એ જ શાળા હતી, જ્યાં તેઓ, તે વખતે મેટ્રિક સુધી ભણેલા... બૉર્ડ પર ૧૯૬૫માં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થી તરીકે તેમનું નામ હતું... અમે સાનંદ વાંચી, વાતો સાંભળતા, શાળાના આચાર્યશ્રી ને પ્રસંગના આયોજક સમિતિ સાથે આગળ વધ્યા. મહિસા કેળવણી મંડળના આજીવન ટ્રસ્ટી તરીકે સેવા આપનાર, શ્રી ઝવેરભાઈ મુખી, કવિશ્રીના પિતાશ્રીની મધુરી સુવાસ, શિક્ષણજગતે આજે પણ અનુભવાતી હતી. અમે તેમના કુટુંબીજનો ને મિત્રો સાથે, ગામની વાટે આગળ વધ્યા.. ગામની ભાગોળે સરસ મજાનાં ખેતર, કૂવો ને વળી નામ તેનું 'વાડી'... બેસવાનો મજાનો ઓટલો, જાંબુના ઝાડ નીચે. બાજુમાં ભાથીદાદાનું મંદિર... પરબ. કેટલું રૂડું ગ્રામ્ય વાતાવરણ. આ વાડી, એટલે શ્રી રમેશભાઈના પિતાશ્રીનું ખેતર... જ્યાં આપણા આ કવિએ અહીં જ, શિશુવયનાં સંભારણાં હૈયે જડેલાં. અમારી ખુશીનો પાર ન હતો... આ તેમના ઉદ્‌ગારઃ

*પુષ્પની પાંખડીએ પરોવી પરાગ પ્રભુ પ્રેમે રે પોંખીએ*
*અમારા અંતરમાં અમીરસ આનંદ ઝીલી આતમ અજવાળીએ*

નજીક જ વિશાળ તળાવને કિનારે પાળે અમે ઊભા રહ્યા. મંદિરોની ફરફર ફરકતી ધ્વજાઓની હારમાળા... સરવર તીરે... જાણે કાંકરિયા (અમદાવાદ) ની યાદ દેતો આશ્રમ (મઢી), ને વિશાળ વડલાએ પંખીઓનો મેળો. ગુલાબી કમળની શોભા ને, જળચર પંખીઓ. ભાઈશ્રી વિષ્ણુભાઈ, બળવંતભાઈ, અશોકભાઈ ને બહેન જશોદાજીની સાથે, રમેશભાઈના સહાધ્યાયીઓ વચ્ચે, અમે સાચે જ ખોવાઈ ગયા. તેમના બાપોતી ઘેર ગયા... મુખીની ખડકી... સરસ કોતરણીવાળા હવેલી ટાઈપ આગળનો વિશાળ ચોક. આ મોભાદાર આવાસમાં, તેઓએ સંસ્કાર ઝીલ્યાની ઝલક અમને મળી ગઈ. ઘરમાં પિતાશ્રીએ

વસાવેલ પુસ્તકાલય સાચે જ પ્રેરણા રૂપ હતું. મને, આપણા મહાન સાહિત્યકાર શ્રીપન્નાલાલ પટેલની 'મળેલા જીવની' વાત કરતા એક સાહિત્યવિદની નોંધ યાદ આવી ગયેલી... કે અહીંથી જ શ્રી પન્નાલાલને એ બધાં પાત્રો જડ્યાં હશે... એમ આપણા રમેશભાઈના સંસ્કાર, આ વતનની માટીમાં જ ભલા બીજ રોપાઈને પાંગર્યા હશે.

શ્રી આર. જે. પટેલસાહેબના મિત્રો ને સંબંધીઓ, તેમના વતન, મહિસાને આંગણે... 'ઉપાસના'ને વધાવવા આવી પહોંચેલા જોઈ અમે સાચે જ ગૌરવ અનુભવવા લાગેલ... એ કેમ ભૂલાય? શ્રી વિષ્ણુભાઈના પરમ મિત્રશ્રી, ગાંધીનગરથી સાહિત્યકાર પ્રો. કિશોરસિંહ સોલંકી, સુરતથી પ્રો. વિજયભાઈ સેવક... શાળાના આંગણે અમારી સાથે ઉપસ્થિત થઈ ગયા ને એકબીજાના અભિવાદન ઝીલ્યાં. સ્વાગત સાથે સમારંભની સૌરભ છલકાતી ગઈ. સાહિત્યવિદો થકી સમારંભમાં, કવિતાઓને માણવી...એ તો ઝીલીએ ત્યારે જ સમજાય.

વાહ! ડૉ. પ્રો. કિશોરસિંહના એ સમારંભના શબ્દો... શ્રી રમેશભાઈ માટે... ''જીવન મહેંક્યું ઇજનેરી કૌશલ થકી ને આ લેખિની જાણે સંસ્કારવલોણું''... કેટલા બધા સાચા અનુભવાય. આ 'ઉપાસના' કાવ્યસંગ્રહે... અમને અમારા ઇજનેર શ્રી આર.જે. પટેલની બીજી બાજુ એટલે... કવિ પ્રતિભાની ઓળખાણ દઈ દીધી. સુરતના પ્રો. વિજયભાઈ સેવક અને નાટ્યક્ષેત્રના તજજ્ઞ... એ સૌએ અમને દીધી ઓળખ..

''આપનાં કાવ્યો વાંચવા ગમે છે, આપનાં કાવ્યોને 'સંસ્કૃતિકાવ્યો' કહેવાનું મને ગમે." તો શ્રી દોલતભાઈ ભટ્ટે... કાવ્ય-સંગ્રહને વિવિધ વાનગીઓથી ભરાયેલા રાજભોગ જેવો રસથાળ કહી બિરદાવી. ભક્તિપ્રધાન રચનાઓને તેમણે તેજોમય રીતે તરવરતી નીરખી. રણભેરી કે વતન પ્રેમની ઊંચાઈઓને સૌએ બિરદાવી... સૌએ રમેશભાઈને યાદ કરી એક જ વાત રટી... રમેશભાઈ 'આકાશદીપ'ના તખલ્લુસનો દીપક ઝળહળતો રાખજો. અમે તો તે પછી 'આકાશદીપ'ને ઓળખતા થઈ ગયા... પણ સાચી ઓળખ તો આપ સૌએ અમને દીધી એમ અમારે કહેવું જ રહ્યું...

'ત્રિપથગા'ને મિત્રોના પ્રતિભાવોની યાદો, અત્રે માણવી એ લાખેણું ટાણું કહી વિરમું...

## માતૃભાષાના સ્નેહને વહાવો...

*હરખે હાલી હું સરોવર પાળ*
*આભલે રંગો રમાડે રવિરાજ*
*ગગનનો ખોળો ભરે રે કલશોર*
*આજ મારે જાવું પંખીડાંના મેળે રે લોલ*

પ્રકૃતિનું આવું સુંદર વર્ણન, જે કુદરતના ખોળે મનભરી મહાલ્યું હોય એ જ કૃતિમાં ઊભારી શકે. 'આકાશદીપ' એટલે અજવાળાની ભાષા. આ અજવાળાને જીવન, વતન અને ઉત્સવોના ઉમંગ થકી હૈયે રેલાતું અનુભવવું હોય તો, આ કાવ્ય-સંગ્રહ વાંચતાં તમને પ્રસન્નતાથી જરૂરથી ભરી દેશે. શ્રી રમેશભાઈની રચનાઓમાં વતન ગુજરાતની સૌરભ છે. મૈયા નર્મદા, સાવજ ને ગાંધીબાપુ કે સરદાર જેવી વિભૂતિઓનાં પ્રેરક કવન છે. સાહિત્યનો સાગર તો વિશાળ છે, આ કાવ્ય-સંગ્રહ તેની એક લહેર છે. 'મઢેલાં મોતી'ની ગેય રચનાઓને કલાકારોના કંઠ મળ્યા છે ને તેથી સાચે જ કહેવાય છે કે 'કવિતાઓ એ કરમાઈ જાય એવાં પુષ્પો નથી.'

કવિશ્રીની આ આપકમાઈને કૅલિફૉર્નિયાની 'પરબ બેઠક'ને આંગણે વધાવતાં મને આનંદ થાય છે. આપ સૌ આ કાવ્ય-સંગ્રહને વાંચો વંચાવોને ને માતૃભાષાના સ્નેહને વહાવો, એ અભિલાષા સહ..

આપનો
ડૉ. પ્રતાપભાઈ પંડ્યા

## યુવાકવિ અનિલભાઈ ચાવડાના શબ્દો....

રમેશભાઈ પરદેશમાં પણ માતૃભાષામાં જીવે છે, હસે છે, વસે છે અને શ્વસે છે...

*સૌથી સોહામણી ઓ, ચંચલ વસંત તું, હાલ હર્ષે વધાવું*
*ખૂશ્બુભર્યા કટોરા, કુદરત મધુરી, વ્હાલ ઝૂલે ઝૂલાવું*

*થાઉં હું ધન્ય આજે, અંતર દર્શનથી, ઝીલતાં દિવ્ય ભાવો*
*ને લીલા ડુંગરાઓ, નવલ રૂપ ધરી, ગાય ગીતો ઉરેથી*

## Pragnaju | પ્રજ્ઞાબેન વ્યાસ (યુએસએ)

વાહ! સુંદર રચના!

સૌજન્ય સાથે પ્રેરણા દેનાર... બ્લૉગ જગતના વિદુષી... સંસ્કૃત, ઉર્દૂ, હિન્દી ને ગુજરાતી સાહિત્યના પ્રખર અભ્યાસી

સ્વાગત અને અભિનંદન!

તમે તો તમારાં કાવ્યો દ્વારા ખૂબ પરિચિત લાગો છો! બરકતની રચનાની યાદ દઈ જાઓ છો આપ.

*સુણું છું મારી વાતો તો મને એ થાય છે અચરજ,*
*કે મારાથી વધારે શું મને લોકો પિછાણે છે?*

## ડૉ. મહેશ રાવલ

May 2nd, 2010 કલમનો સથવારો...
'સબરસ ગુજરાતી' પ્રથમ ઇનામી કવિતા–
**'ધરા સ્વજન સી'** (છંદ બસીત) (ગઝલ) **રમેશ પટેલ** (આકાશ દીપ)

વાહ... રમેશભાઈ, વતનપ્રેમથી નિતરતી સુંદર અભિવ્યક્તિ. ખૂબ-ખૂબ અભિનંદન.

## ત્રણ કાવ્ય માળા

'ત્રિપથગા' પુસ્તકમાંથી સાભાર. 'રીડગુજરાતી'. શ્રી રમેશભાઈનો (અમેરિકા) ખૂબ ખૂબ આભાર.

**શ્રી મૃગેશ શાહ**

## ઋતુકાવ્યોનાં કામણ...

### સાહિત્યકાર શ્રી હસમુખભાઈ પટેલ (યુએસએ)

તમારાં ઋતુકાવ્યોથી કાંતના ખંડકાવ્યો સમસ્ત મનોજગતમાં ફરી વળ્યાં અને કાંતવાળું કામણ ફરી રમણે ચઢ્યું. આદરણિય સાહિત્યવિદ શ્રી વલીભાઈએ 'કાવ્યસરવરના ઝીલણે' કાવ્યસંગ્રહની પ્રસ્તાવના... Lyric is a poem that expresses the personal feelings of the lyricist. રમેશભાઈએ ઊર્મિ કાવ્યોની ઉપરોક્ત વ્યાખ્યાને પોતાનાં અનેક કાવ્યોમાં સાર્થક કરી બતાવી છે.

## ગોવિન્દભાઈ પટેલ (સ્વપ્ન) યુએસએ

*સંતકોટી થઈ જીવ જો પ્રભુ ચરણમાં રમે*
*તું જ છે એ પારસમણિ, યુગોયુગોને પલટી શકે*
*સંતોની ભૂમિ અને અધ્યાત્મિકતાનું આકાશ ને પ્રભુનું પાતાળ*
*એટલે જ ભવ્ય ભારત.*

ખૂબ સરસ!

## અશોકકુમાર - `દાદીમાની પોટલી' (યુ.કે.)

*છે શક્તિ ધન્ય તારી, ધખ ધખ રવિનાં, ઝીલતાં તેજ તીખાં*
*સંતાયે સૌ જ છાંયે, તન જ તપવતો, ખેતરો જાય ખેડી*

આપની રચના માણવાની ખૂબ જ મજા આવે છે, તો ઘણું જ નવું જાણવા ને માણવા આપની રચનાઓમાંથી મળેલ છે. ધન્યવાદ!

## DR. CHANDRAVADAN MISTRY
http://www.chandrapukar.wordpress.com

રમેશભાઈ અને સવિતાબેન અને પરિવાર

તમારી આ જીવન-સફરમાં, ૧૯મી મે, ૧૯૭૨માં પ્રભુતાનાં પગલે, જીવનસાથી સવિતાબેનના સાથે શરૂ કરેલી યાત્રા, આ વર્ષ કેલિફોર્નિયામાં યાદ કરી રહ્યા છો... સાથે તમારી રચના... ભાવભરી સુંદર.

*ગમતી ઉર સિતારી રણઝણતી રે રસીલી*
*જામી મહેફિલ આજ તો કહેવા કહાણી*
*ના રે સમાયે નજરમાં જ દીવાનગી રે*
*છે 'દીપ ગાતો મનભરી કહેવા કહાણી*

## www.girishparikh.wordpress.com

Please read આજનો પ્રતિભાવઃ 'આકાશદીપ'નાં અજવાળાં on http://www.girishparikh.wordpress.com and give your comments. Thanks.

Girish Parikh

## રીતેશ મોકાસણા

(કતાર-દોહા)... ગુજ. ફિલ્મ સર્જક

રમેશ પટેલ 'આકાશદીપ'

નિખાલસ, નૈસર્ગિક અને નમ્ય રચનાઓ થકી ફાગી ઉઠેલો બ્લૉગ!

ખૂબ મજા આવી...

## પી.કે. દાવડા - (યુ.એસ.એ)

લેખકશ્રી : 'મળવા જેવા માણસ'

આવા સંસ્કારી સાહિત્ય બદલ ગુજરાતીઓ તમારા ઋણી રહેશે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે,

## J JUGALKISHOR

પૃથ્વી છંદ સાચ્ચે જ વિકટ કેડી જેવો છે. સોનેટ માટે આ છંદને સૌથી વધુ માર્ક મળ્યા છે.

તમે છંદોબદ્ધ કાવ્યમાં પણ પૃથ્વીને અપનાવીને બહુ સરસ કામ કર્યું છે. છંદની સાથે કાવ્યભાવ પણ મૅચ થઈ જાય છે. નેટ પર ગઝલોને બાદ કરતાં વૃત્તો કે છંદોમાં ભાગ્યે જ હાથ અજમાવાય છે. તમે આ ચાલુ જ રાખશો...એનાથી ઘણાને પ્રેરણા મળશે.

ખૂબ શુભેચ્છાઓ સાથે!

**જુગલકિશોર વ્યાસ** (અમદાવાદ)

## રઘુવીર ચૌધરી

તા-૧૦/૦૯/૨૦૦૮, બાપુપુરા

શ્રી રમેશ પટેલ (આકાશદીપ)ની કેટલીક ગેય રચનાઓ લોકગીતની સ્ફૂર્તિ ધરાવે છે. જીવનની કેટલીક ક્ષણો આ ઉમદા પ્રવૃત્તિ માટે સમર્પિત કરવા બદલ એમને અભિનંદન અને શુભેચ્છા. (ત્રિપથગા)

(ગુજરાતી ભાષાના મૂર્ધન્ય આ. સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી (ભારતીય સાહિત્યના નૉબેલ સમાન જ્ઞાનપીઠ પુરસ્કાર ને રણજીતરામ સુવર્ણ ચંદ્રક વિજેતા..)

*ચાલો કવિની પંક્તિઓ હૈયે રમાડી વીરમું...*
*અમે જમતા , પંખી જમતા, જમતી જગની જમાત*
*તારી અમી ખૂટે ના ખૂટાતી , કેવી નવલી વાત*
*ના મળે તાળું, ના લૂંટે લૂંટાતું, વાહ રે ધૂળનું ઢેફું*
*અનંત ઉપકાર જાણી, તારા ખોળે માથું મૂકું*

– **રમેશ પટેલ** (આકાશદીપ)

**બી.એચ. પટેલ** (ઇજનેર)
**સી.બી. કનેરીઆ** (ઇજનેર)
ગાંધીનગર ૨૧ મે, ૨૦૧૬

# આવકાર

નીલમ દોશી

'મઢેલાં મોતી' કાવ્ય સંગ્રહ

રમેશ પટેલ (આકાશદીપ) વતનથી દૂર રહીને માતૃભાષામાં લખતા કવિ છે. તેમને પ્રત્યક્ષ કદી મળી નથી અને છતાં અપરિચિત છે, એમ પણ કહી શકતી નથી. તેમના શબ્દોથી પરિચિત છું જ અને એ શબ્દો તેમની ઓળખાણ સુપેરે આપી રહી છે, અને એ ઓળખાણે તેમના માટે એક આદર જન્માવ્યો છે, જેને લીધે તેમણે જ્યારે આવકાર લખી આપવા માટે કહ્યું ત્યારે ઇન્કાર ન કરી શકી અને તેમના કાવ્ય સંગ્રહ 'મઢેલાં મોતી'ની ભાવયાત્રા કરી. એ યાત્રા મજાની રહી એમ કહેવું જરૂર ગમશે.

કવિ કે લેખક હોય એ સ્વભાવિક રીતે જ સંવેદનશીલ હોવાનો - તેમની સંવેદના શબ્દોમાં ઉતરે છે ત્યારે વિવિધ રંગ રૂપમાં ઢળે છે. માતૃભાષાની ચાહત તેમના કાવ્યોમાં પણ છલકે છે. જુઓ, માતૃભાષાને એ કેવા સુંદર શબ્દોમાં નવાજે છે. માતૃભાષાને એ સંબંધની રેશમ દોરી જેમ વિશેષણથી નવાજે છે, અને કવિનો મિજાજ તો જુઓ- કેવા દમામથી એ કહે છે...

***રાહ ભલે ને ઉબડ-ખાબડ હો***
***તારો ઍવરેસ્ટ ચડી બતાવું.***

જીવનના ઉતાર-ચઢાવ કે સંઘર્ષથી આ કવિ ગભરાય એમ નથી. એ તો જીવન રાહમાં ઍવરેસ્ટ ચડી બતાવવાની ઝંખના રાખે છે.

તો કવિને તરસ છે અવિનાશી અજવાળાની- તારું મારું નહીં પણ સહિપણની અહીં વાત છે અને જ્યાં સહિયારું હોય ત્યાં ઉજાશની આશા રાખી શકાય ને? જુઓ કવિ કેવી મજાની રીતે કહી બેસે કે...

***નથી અમારું, નથી તમારું, આ જગ સૌનું સહિયારું***
***મારામાં રમતું, તે તારામાં રમતું, અવિનાશી અજવાળું***

તો જીવનની પાનખર અને વસંતને વધાવવાની વાત પણ કવિ કેવી સહજતાથી કરે છે.

ખરતાં પીળાં પાંદડાંની સાથે સાથે એની નજર છે... ફૂટતી લીલીછમ

ટચૂકડી કૂંપળ પર - જીવન પ્રત્યે વિધાયક દૃષ્ટિ એતો કવિનો ધર્મ ને કવિનું કર્મ કહેવાય ને? જુઓ, નીચેની પંક્તિઓ...

*પીળાં પાદડાં માયા છોડી, દૂર જતાં ભાઈ દોડી*
*પીડા પાનખરની વેઠી ધ્રૂજે, સૂસવાટે ઠંડી ડાળી*

*ત્યાં ફૂટી હસતી કૂંપળ*
*આ કોણ ખીલવતું તંતર...રણઝણતું મારું અંતર*

કવિ મનની ભીતર ઉઠતા વમળોની વાત પણ એ કેવી સરસ રીતે કહી જાય છે. માનવ મનનો તાગ પામવો આસાન નથી હો તો...

કવિ ભગવતીકુમાર શર્માએ પણ કહ્યું છે કે...

*આમ તો સત્ય, ત્રેતા ને દ્વાપર જાણું*
*અઘરો છે તાગ પામવો માનવીના મનનો.*

- અહીં કવિ પણ એ જ વાત જુદી રીતે કહે છે. ભીતર સાત સમંદર ઘૂઘવતા હોય એનો તાગ કોણ પામી શકે?

*વમળના ઓછા અંદર*
*ભીતર સાત સમંદર*

વતનથી દૂર વસતા દરેક માનવીને, વતન-ઝુરાપો તો વત્તે-ઓછે અંશે હોવાનો જ. દેશની માયા છૂટતી નથી અને દેશમાં અવાતું પણ નથી. આ બે વચ્ચેની કશ્મકશમાં ડાયસ્પૉરિક વ્યક્તિની ભીતર વતનની માટીની તરસ હોવાની જ... જુઓ કેવી રીતે આ ઝંખનાને કવિ શબ્દોમાં ઉતારે છે --

*હાલને ભેરુ મીઠડા દેશે*
*સાદ પાડે છે કોઈ*
*ગમતું ગામ; ગમતું શેરી*
*ગમતું એમાં કોઈ*
*પ્રભાતિયાના સૂરે જ્યાં પ્રગટે પ્રભાત*
*જાણજો એ જ મારું વતન ગુજરાત*

– તો કવિને મેળામાં મહાલવાની પણ હોંશ છે....પણ એ મેળો કયો?

કવિ શ્રી રમેશ પારેખ- મન પાંચમના મેળાને યાદ કરે તો અહીં એમના જ નામેરી કવિ પંખીના મેળાને યાદ કરે છે. એના ટહુકાને યાદ કરે છે...

આજ મારે જાવું, પંખીડાંને મેળે રે લોલ.

*લીલુડા પોપટ રમે લીલુડે પાન*
*છૂપાછૂપીના વ્હાલા કોયલના ખેલ*

*ભીંના ટહુકે કોક બોલાવે રે લોલ*
*આજ મારે જાવું, પંખીડાંને મેળે રે લોલ*

-- કવિના અનેક કાવ્યોમાં વતનપ્રેમ, પ્રકૃતિપ્રેમ, સંસ્કૃતિપ્રેમ સાફ ઝલકે છે. સંગેમરમરના પથ્થરમાં એ સંવેદનાના સૂર શોધતા રહે છે.

*સંગેમરમરના પથ્થર સમ આજ હું,*
*સંવેદનાના સૂરો ખોળું પરદેશમાં.*

ઋતુઓ, પર્વો, વૃક્ષો, વતન- તો ઈશ્વરને... કોઈ પણ કવિ કે કોઈ પણ માનવી કેમ ભૂલી શકે? સાચા અર્થમાં માનવ બનીને ઈશ્વરને છોભીલા ન પાડવાની વાત કવિ કેવી સહજતાથી કહી જાય છે.

*હું અંધારે ભટકી ભટકી, જોઉં રોજ પ્રભુની વાટું*
*મારી રીતે હજુએ આજે, હું માનવને ખોળું*

*આવો સાથે મળી શોધીએ, પ્રભુના એ માનવ રંગીલા*
*હવે ના કરશો તમે, ઘડવૈયાને વધુ વધુ છોભીલા*

ધર્મમાં જુદાગરો કોઈ પણ કવિને મંજૂર ન જ હોય ને? અહીં પણ કવિ એજ વાત નીચેના શબ્દોમાં રજૂ કરે છે. ગુજરાતની વાતું કરતાં કવિ ગુજરાતના ગરબાને, ગુજરાત દિનને, ગાંધીજીને પણ ભૂલ્યા નથી.

*ધર્મ મારો ધર્મ તારો, છે જ કિનારા બે જુદા*
*જલ વહાવે એક બંને, સત્ય એ સાચું બધે*

અંતે એટલું જ કહીશ - થોડું લખ્યું ઝાઝેરું કરીને વાંચજો. શ્રી રમેશભાઈના આ મજાના પુસ્તકને પોંખતાં આનંદ અનુભવું છું. હજુ પણ વધારે લખતા રહે અને સાહિત્યની સેવા કરતા રહેશે, એ ભાવના અને શુભેચ્છા સાથે, અસ્તુ.

**નીલમ દોશી**

તારીખ - ૧ ઑક્ટોબર ૨૦૧૫

## પ્રસ્તાવના... રસાસ્વાદ...

વિનોદ પટેલ

'મઢેલાં મોતી' કાવ્ય સંગ્રહ

"કવિની કવિતાનો આસ્વાદ જ કવિને જીવંત રાખે છે." ...ઉમાશંકર જોશી.

મૂળ ખેડા જિલ્લાના મહુધા તાલુકાના ગામ મહિસાના વતની, રમેશચંદ્ર ઝવેરભાઈ પટેલ 'આકાશદીપ', (બી.ઈ. ઈલેક્ટ્રીકલ) એ ગુજરાત ઈલેક્ટ્રીસીટી બૉર્ડ (જી.ઈ.બી)માં સતત ૩૪ વર્ષની વીજ ઇજનેર તરીકેની સેવાઓ આપી છે. 2004માં ગાંધીનગરથી એક્ઝીક્યુટિવ ઇજનેર તરીકેના પદેથી નિવૃત્ત થઈને તેઓ અમેરિકા આવ્યા. મારા નિવાસસ્થાન સાન ડિયેગોની નજીકમાં જ, કરોના (ટાઉન) કેલિફોર્નિયા (યુ.એસ.એ) ખાતે રહી, ૨૦૦૯થી એમના ગુજરાતી બ્લૉગ "આકાશદીપ"માં એમની કાવ્યરચનાઓ પ્રકાશિત કરી તેઓ એમના સાહિત્યરસને પોષતી, નિવૃત્તિની એક સુંદર રચનાત્મક પ્રવૃત્તિ કરી રહ્યા છે.

વીજ ઇજનેર તરીકે ટેકનિકલ કારકિર્દી ધરાવતા હોવા છતાં, રમેશભાઈમાં કવિનું દિલ ધબકી રહ્યું છે, એ એમના કાવ્યસંગ્રહો અને બ્લૉગમાં પ્રસિદ્ધ એમનાં વિવિધતા સભર કાવ્યોનું પઠન કરતાં સ્પષ્ટ દેખાઈ આવે છે. મા સરસ્વતીની કૃપા અને પ્રેરણા હોય તો જ, રસવતી કવિતાઓ કવિના હ્રદય મનમાં જન્મ લેતી હોય છે.

રમેશભાઈએ જ્યારે મને એમના નવા કાવ્ય સંગ્રહ 'મઢેલાં મોતી' માટે પ્રસ્તાવના લખવા માટે મારી સમક્ષ ઈ-મેલ અને ફોનથી પ્રસ્તાવ મુક્યો ત્યારે એમની સાથેના સ્નેહાળ મૈત્રી સંબંધને લીધે ના કહી ન શક્યો. જો કે હું કોઈ વિવેચક હોવાનો દાવો નથી કરતો, એમ છતાં એમનાં કાવ્યોના એક નિયમિત ભાવક વાચક તરીકે,આ પ્રસ્તાવના અને રસાસ્વાદ લખવાનો મેં પ્રયાસ કર્યો છે.

આજે રમેશભાઈની પ્રાસંગિક કવિતાઓનો નૅટજગતના વિશાળ ફલક પર માતૃભાષાના ચાહકો આસ્વાદ લઈ રહ્યા છે. વધુમાં 'આકાશદીપ'માં પોસ્ટ થયેલ અને અન્યત્ર પ્રકાશિત થયેલ એમની વિવિધતા સભર કાવ્ય રચનાઓને આવરી લઈને, રમેશભાઈએ આજ સુધીમાં નીચે મુજબ પાંચ કાવ્ય સંગ્રહોનું પ્રકાશન કર્યું છે.

૧. **સ્પંદન...** ૨૦૦૪... પ્રિન્ટ મીડિયા
આવકાર.. મેઘાવી સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટ

૨. **ઉપાસના...** ૨૦૦૭... પ્રિન્ટ મીડિયા
આવકાર**...**મેઘાવી સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટ

૩. **ત્રિપથગા...** ૨૦૦૮ ... પ્રિન્ટ મીડિયા (૧૧૬ કાવ્યો).
આવકાર**...** જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત આ.શ્રી રઘુવીર ચૌધરી
મેઘાવી સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટ

૪. **કાવ્ય સરવરના ઝીલણે** - ઈ-બુક
પ્રસ્તાવના ... સાહિત્યવિદ શ્રી વલિભાઈ મુસા

૫. **ઉપવન...** ઈ-બુક
આવકાર - યુએસએસ્થિત ખ્યાત કવિયિત્રી સુશ્રી સરયુબેન પરીખ

હવે તેઓ એમના બહોળા કાવ્ય ઉપવનમાંથી, એમની પસંદગીનાં કાવ્યોનું સંપાદન કરી 'મઢેલાં મોતી'ને નામે કવિતાઓનો થાળ લઈને, ગુજરાતી ભાષાના ભાવકો સમક્ષ એક વધુ પુસ્તક સાથે હાજર થઈ રહ્યા છે. વિષયની વિવિધતા ધરાવતાં સંગ્રહમાંનાં દરેક કાવ્યને ખૂબ રસપૂર્વક વાંચ્યા પછી, હું કહી શકું કે આ કાવ્યસંગ્રહનું નામ સૂચવે છે એમ, એમાંનાં લગભગ બધાં જ કાવ્યો 'મઢેલાં મોતી' જેવાં આકર્ષક છે.

આ કાવ્ય સંગ્રહમાં વતનપ્રેમ, દેશભક્તિ, ઋતુઓ, લોકઉત્સવો, પ્રકૃતિ, ભક્તિરસ, ભાષાપ્રેમ, કુદરત અને ગ્રામ્યજીવન વિગેરે જેવા વિવિધ વિષયોને આવરી લેતી, ૧૦૧ રચનાઓનું સુંદર સંકલન જોવા મળે છે. કાવ્ય સંગ્રહમાંનાં દરેક કાવ્ય માટે જો અલગ રીતે લખવા બેસીએ તો પ્રસ્તાવના બહુ જ લાંબી થઈ જાય, એથી એમાંનાં કેટલાંક કાવ્યોની પંક્તિઓ ટાંકીને, એના પર પ્રકાશ પાડી એનો રસાસ્વાદ કરાવવાનો પ્રયાસ મેં કર્યો છે. મને આશા છે કે એના પરથી વાચકોને, સંગ્રહનાં કાવ્યોની એકંદર ગુણવત્તાનો પરિચય મળી રહેશે.

દરેક શુભકાર્યની શરૂઆતમાં શ્રી ગણેશનું આહ્વાન કરવામાં આવે છે, એ રસમને અનુસરી આ સંગ્રહની શરૂઆત કવિએ 'બિરાજો ગણેશ દેવા'ના સ્તુતિ ગાનથી કરી છે અને કાવ્યાંતે "દેજો આશિષ થાય સુખી જગ "એવી મંગળ ભાવના વ્યક્ત કરવાનું ભૂલ્યા નથી. "ગુરુ નમું ચરણ બડભાગી'' કાવ્યમાં

ગુરુની વંદના કરી, કવિએ એમની ગુરુ પ્રેમ-ભક્તિનાં દર્શન કરાવ્યાં છે.

*વાંચ્છું હું; વાત્સલ્ય વિતરાગી,*
*આત્મ અધ્યાસે રાચું*

*ઓળખ સાચી દો મુજને,*
*ગુરુ શરણ હું માગું*

કાવ્ય 'ધન્ય! માતૃભાષામાં બોલી...'માં આપણી ગરવી ગુજરાતી ભાષા પ્રત્યેનો કવિનો લગાવ અને પ્રેમ બરાબર નીખરતો દેખાય છે."

*રૂડી ભાષા કાલી, કલરવ સમી સુખ ભરતી"*

"ગુજરાતી ભાષા વિષે તેઓ કહે છે :

*તું ગીત કલાની ઝોળી*
*આત્મસન્માનની ડોલી*

*પલપલના વૈભવે, ભરતી તું રે ઝોળી*
*વિશ્વ વધાવે મા બોલી*

ઝોળી, ડોલી અને બોલીનો પ્રાસ કેટલો સરસ રીતે નિરૂપણ કર્યો છે!

"મારી ભાષા તું ગુજરાતી" કાવ્યમાં પણ વિશ્વ માતૃદિન પ્રસંગે, ગુજરાતી ભાષાને ગૌરવ અપાવનાર નર્મદ, પ્રેમાનંદ, નરસૈયો, દલપત જેવા ગુજરાતી ભાષાના આદિ દિગ્ગજ સર્જકોને શરૂમાં યાદ કર્યા બાદ કવિ કહે છે :

***મેધાવી સાક્ષર મોટા હાલે, જાણે અસ્મિતા વણઝાર***
***ગાંધી આધુનિક યુગની આભા, ધરતીનો કનક ઉપહાર***

આ કાવ્યમાં પણ કવિનો ભાષાપ્રેમ ઉજાગર થતો સ્પષ્ટ જણાઈ આવે છે. ગુજરાતી ભાષાનું ગુણગાન કર્યા પછી કવિ એમના વ્હાલા વતન ગુજરાતનું ગુણગાન કરવાનું કેમ ચુકે? રમેશભાઈના આવાં ગુજરાતપ્રેમ વ્યક્ત કરતાં કાવ્યો ઉરસ્પર્શી છે : "મહેંકતું ગુજરાત", ''યશવંતી ગુજરાત", "ધન્ય ધન્ય ગરવી ગુજરાત!, "જય હો! ગુજરાત ગાજે ગગન", ''કેમ ન ગાઉં ગૌરવ થઈ ગુજરાતી!" "વતનના વાયરા વર્તાય છે... ચાલો ગુજરાત; ...ભાઈ માણો ગુજરાત... આ બધાં કાવ્યોમાં "કેમ ન ગાઉં ગૌરવ થઈ ગુજરાતી!" કાવ્ય મને સૌથી વધુ ગમ્યું, કેમ કે એમાં કવિ સોળે કળાએ ખીલ્યા છે. ભાવ, લય અને પ્રાસની ખૂબીઓથી ઝગમગતું આ કાવ્ય છે, આ સરસ ગેય કાવ્ય કોઈ

સારા ગાયકને કંઠે, સંગીતના સાથમાં જો ગવાય તો ચોક્કસ વતન વાસીઓને કંઠે રમતું થઈ જાય એવું મને પ્રતીત થાય છે. આ કાવ્યમાં તેઓ કહે છે...

*સર્વધર્મ સમભાવ રંગ જગ કલ્યાણી,*
*ગાશે ઉન્નતિ ગાથા જ ગુર્જર જ્ઞાની,*
*વિશ્વજનની ગુર્જર ઉર સુખદાતી...*
*અમારી ગજ ગજ ફુલતી છાતી.*

"ગીતા છે મમ હ્રદય" કાવ્યમાં, શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ રજૂ કર્યો છે. કરોડો લોકોના દિલમાં વસતા પવિત્ર ગ્રંથ ગીતા પ્રત્યેની કવિની, પ્રેમ ભક્તિ આ કાવ્યમાં ઉજાગર થાય છે. ગીતાના સંદેશનો અહેસાસ કરાવતી પંક્તિઓમાંની એક ઝલક...

*અર્પણ કર કર્તાને સર્વ કર્મનાં બંધન,કર્તવ્ય ધર્મ નિભાવ*
*ત્યજી આસક્તિ, યોગ સ્થિત થઈ, લે ગાંડિવ તુજ હાથ*

અવિનાશી અજવાળું", રણઝણતું મારું અંતર", "ભીતર સાત સમંદર" એ કાવ્યોમાં કવિની આધ્યાત્મિક પરિકલ્પના દેખાય છે. એમાં જે આધ્યાત્મિક વિચારો અને ભાવ છે એ આ કાવ્યોને, ખરેખરાં મોતી સમાન મૂલ્યવાન બનાવી દે છે. 'અવિનાશી અજવાળું' કાવ્યમાં કવિના બ્લૉગ 'આકાશદીપ'નો ધ્યેય શું છે? અને એની મારફતે કવિને એમના મનમાં શું કરવાની ભાવના છે એ વ્યક્ત થઈ છે.

*'આકાશદીપ' વદે પ્રેમ દીવડે, કલ્યાણ જ્યોત જગાવું*
*ખીલે અવનિએ ભારતીય સંસ્કૃતિ, અમર આશ અજવાળું*
*નથી અમારું; નથી તમારું, આ જગ સૌનું સહિયારું......*

"હું માનવને ખોળું" કાવ્યમાં પણ કવિના હ્રદયની આવી જ ભાવના ઉજાગર થતી વર્તાય છે...

*એક દિન અચાનક, ભગવાન આવી ઊભા રે સામે*
*પૂછે મુજને શું શોધે? 'આકાશદીપ' તું અંધારે*

*દીવો પ્રગટાવી અહોભાવે, બોલ્યો ભાવ ધરીને*
*વિશાળ જગે શોધવા નીકળ્યો હું માનવને*

હાથમાં દીવો લઈને આપણા આ કવિ ઉર્ફે "આકાશદીપ", આ વિશાળ

જગતમાં, અંધારામાં અટવાતી માનવીની માનવતાને શોધવાની નેમ રાખે છે, એના પ્રેમ દીવડે... એમને જગમાં કલ્યાણ-જ્યોત જગવવી છે, સહુના સહિયારા આ જગમાં, ભારતીય સંસ્કૃતિનું અજવાળું પથરાય એવી એમની મહેચ્છા છે. આ કાવ્યોની પરિકલ્પના મનને ગમી જાય એવી ભવ્ય છે. કવિ એમના ''આકાશદીપ"ના આ પવિત્ર ધ્યેયમાં સફળ રહે એવી શુભેચ્છાઓ એમને આપીએ.

"ચરોતરની ધરા", "માળાની મોટાઈ" અને "પરદેશ" કાવ્યોમાં કવિનો વતનપ્રેમ અને વતનઝુરાપો ભારોભાર નજરે પડે છે.

*હાલને ભેરુ મીઠડા દેશે, સાદ પાડે છે કોઈ*
*ગમતું ગામ; ગમતી શેરી, ગમતું એમાં કોઈ*

* * *

*ઠેક્યા દરિયા ને અમે પૂગ્યા પરદેશ*
*છોડ્યા વતનના રે વ્હાલ*

*દોમદોમ સાહેબીની વાતોમાં ડૂબી*
*સોનપીંજરે પુરાયા રે લાલ*
એની વેદનાના સાંભળજો હાલ!

વિદેશમાં રહેતા કવિ, એમના વતનના ગામ, એની શેરી, એના ભોળા દિલનાં મનેખને ભૂલ્યા નથી. વિદેશની દોમદોમ સાહ્યબીમાં રહેવા છતાં જાણે કે એમની સ્થિતિ સોનાના પિંજરે પુરાયેલ કોઈ પક્ષી જેવી લાચાર અને વેદના યુક્ત થઇ હોય એવો ભાવ ઉપરની પંક્તિઓમાં વ્યક્ત કર્યો છે. એમાં એમનો ઉત્કૃષ્ટ વતનપ્રેમ લહેરતો અનુભવાય છે. રમેશભાઈએ કવિ તરીકે છંદોનું જ્ઞાન આત્મસાત કર્યું છે. એમના નીચેનાં કાવ્યો છંદોમય રમ્યતામાં રમણ કરતાં કાવ્યો છે.

સાવજ (છંદ- શિખરિણી), ઝૂમે વ્યોમે ત્રિરંગો (છંદ-સ્ત્રગ્ધરા), વિકટ હોય કેડી ભલે (છંદ- પૃથ્વી...સૉનેટ), હિમવર્ષા (છંદ-સુવદના), હિમલહરમાં (છંદ-શિખરિણી), નામ એનું વસંતી (છંદ-મંદાક્રાન્તા), ઓ ચૈત્ર સુદની( છંદ-સુવદના), 'ગ્રીષ્મ' અને 'ગગન શરદનું' (છંદ-સ્ત્રગ્ધરા) કાવ્યમાં જુઓ કેવી સરસ કલ્પના અને રૂપક પંક્તિઓનો વૈભવ બની છલકે છે!

*શોભે તૃપ્તિ ભરીને, શરદ જન ઉરે, અમૃતાની કટોરી*
*કાલિન્દી રાસ લીલા, શરદ ઉજવણી, બંસરી કોણ ભૂલે?*

દીપાવલી (છંદ- શાર્દૂલવિક્રીડિત) ......

*દેજો ભાવ ભર્યા રૂડા ઉમળકા, ઉજાશ પર્વે દિલે*
*વર્ષાન્તે સરવૈયું હાથ ધરજો, લાભ્યા તમે શું જગે*

કાવ્ય બચપણ (શિખરિણી છંદ)માં બાળપણની યાદો કવિએ રજૂ કરી છે. ..

*વદે વાણી મીઠી, મુખ કમલથી, શૈશવ મહા*
*અમી સીંચે હૈયે, શત સુખમયી, વૈભવ અહા!*

રમેશભાઈએ હાઈકુ કાવ્ય પ્રકાર પર પણ એમનો હાથ અજમાવ્યો છે અને કેટલાંક હાઈકુ પણ ધ્યાન ખેંચે તેવાં છે. ઉદાહરણ તરીકે, ઓ પિતા શ્રીફળ સા (હાઈકુ)

*પિતાનું ન્યારું*
*છત્ર છે જ રૂપાળું*
*શીરે ભાળું*

આ ગણેલા થોડા શબ્દોના હાઈકુમાં પણ, પિતાના આશીર્વાદ-છત્ર છાયાની અનુભૂતિ કરતા કવિની પિતૃભક્તિનાં દર્શન થાય છે.

"મા ચંદન અગિયારી" અને "લખતી મા તું વસિયત" એ દિલને સ્પર્શી જાય એવાં તેમનાં ભાવકાવ્યો છે.

વિશ્વમાં ગુજરાતની વિરાસત સમા અને નવધા ભક્તિ રસની લ્હાણ કરતા નવરાત્રિની રઢિયાળી રાતોમાં ગવાતા.. ધૂમ મચાવતા ગુજરાતના ગરબાઓએ, સાચે જ, વિશ્વે મહોત્સવની છડી પોકારી દીધી છે. આ કાવ્ય સંગ્રહમાં, નવરાત્રિના માહોલમાં સારી રીતે તાલબદ્ધ રીતે ગાઈ શકાય એવા, કેટલાક સુંદર નવલા મધુરા ગરબાઓની, કવિએ આપણા સાહિત્યને ભેટ ધરી છે.

ગુજરાતની વિરાસતની ઓળખ સમા, બે સુંદર ગરબાઓને સંગ્રહના અંતે મૂકી,શ્રી રમેશભાઈએ આ કાવ્ય સંગ્રહનું સમાપન કર્યું છે.

"ઘૂમે ગરબો ગુજરાતમાં" ગરબામાં કવિ હૃદયથી ખીલ્યા છે :

*ઢોલીડા... ઢોલીડા... ધબકે માઝમ રાત (૨)*

*શોભે નવલા નોરતાની રાત (૨)*
*ઘમ્મર ઘૂઘરીઓ ઘૂમે... ઘૂમે ગરબો ગુજરાત*

** * **

*ગબ્બર ગોખ ઝગમગે રે લોલ...*
*માડી તારું મંદિરીયું ગગન ગોખ*

*કોટિકોટિ તારલિયાની દીવડી રે લોલ*
*માડી તારી આરત શોભે પ્રભાત*

*કંકુવરણા રૂપ સાથિયા રે લોલ*

નવરાત્રિમાં આ ગરબા સૂર તાલ અને સંગીતના સંગમમાં ગવાય તો ખુબ જ જામે એવા બળુકા છે. આ બધા જ ગરબાઓમાં શબ્દો, ભાવ અને લય ધ્યાન ખેંચે છે.

કવિ રમેશભાઈ ત્રણ દીકરીઓના પ્રેમાળ પિતા છે. દીકરી પ્રત્યેનો પ્રેમ એમની કાવ્ય રચના ''વહાલી દીકરી''માં ઉભરાય છે...

*મમતાએ મઢી*
*સંસ્કારે ખીલી*
*વહાલી દીકરી*
*હસે તો ફૂલ ખીલે*
*ગાયે તો અમી ઝરે*
*ગુણથી શોભે પૂતળી*

સંગ્રહનાં બીજાં છંદોમય કાવ્યોની વાત આગળ વધારીએ તો ધન્ય છે "મેઘ રાજા (છંદ-સ્ત્રગ્ધરા)'' અને "વિશ્વ વંદ્ય ગાંધી (છંદ-શાલિની)"માં મહાત્મા ગાંધી ને અંજલિ આપતાં કહે છે :

*ગાંધી મારો, શાંત વંટોળ ઘૂમે*
*ગર્જે છોડો, જાવ છે દેશ મારો*

મોંઘવારી ( છંદ–મંદાક્રાન્તા)અને "હું ને તું જ થઈ ગયા સસ્તા" કાવ્યોમાં કવિએ હાલની ચોરે અને ચૌટે ચર્ચાતી "સરકારી" મોંઘવારીને લઈને સર્જાયેલ, લોકોની વેદનાની કરુણ કથા વ્યંગમાં રજૂ કરી છે. સાચો કવિ કદી સામાજિક વલણોથી અલિપ્ત રહી શકતો નથી એનું આ એક ઉદાહરણ છે...

*ભાવો કૂદે, નિત શિખર ને, ખૂટતી આ કમાણી*
*સૌથી સસ્તો, હું જ સબળતો, કોણ સુણે કહાણી*

*નથી વધી મોંઘવારી વીરા*
*વદે રૂપિયા હસતા*
*સાંભળો મારી વાત સયાણી*
*હું ને તું જ થઈ ગયા સસ્તા*
*રંગ રસિલી સરકારી મોંઘવારી.....*

કાવ્ય "ઉછાળો હર હૈયે તોફાન"માં, ભારતમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારના ભોરિંગની વાત કરતાં કવિ કહે છે...

*ભ્રષ્ટાચારી ભોરિંગે દીધા છે ભરડા*
*મહા લોકશાહીના મૂલ્યો બેભાન*

ગઝલના રસિયાઓ માટે ગઝલો પણ પેશ કરી છે. "રૂપલું કોઈ મળ્યું મને" એ ગઝલ છંદ-જદીદમાં રજૂ કરી છે.

*શીદ માંડું દૂર વ્યોમે નજરું હવે*
*ચાંદ શું રૂપ ઘૂંઘટે તો જડ્યું મને*

** * **

*સાત સાગર; સાત ખંડો, રોજ નોખા પાડતો*
*જો વિચરું વ્યોમે હું, છે મારી ધરા ચીતરું બધે*

*દૂર વ્યોમે સૂર્ય જલતો, તપત સાગર આ ધરા*
*મેઘ જ્યારે નાચશે, લીલી ધરા ચારું બધે*

સંગ્રહના અંતે આવતી ગઝલ ''છે કિનારા બે જુદા'' મર્મભરી ગઝલ પણ માણવા જેવી છે.

"વસંતે કલશોર કર્યો ભાઈ..." એ એક શિરમોર સરીખું મજાનું ભાવવાહી ગેય કાવ્ય છે. આ કાવ્યમાં વસંતનું વર્ણન કરવામાં કવિની કાવ્ય પ્રતિભા નીખરી છે. કહેવાય છે ને કે "જ્યાં ના પહોંચે રવિ, ત્યાં પહોંચે એક કવિ"

*ફાગે આ ફાગણ ચૈતર ચીતરે, પાવન રંગ પરોઢી*
*તરૂવર વનચર પંખી હરખે, રમે છૂપાછૂપી ઓઢી..*
*.....ઓઢી... છૂપાછૂપી ઓઢી*

"આટલું વ્હાલ કેમ ઢોળે?" અને "પંખીડાંને મેળે રે લોલ'' "પણ ઓલા વાયરે વાત ઉડાડી''... કે વાયરા વાયા ફાગણના... રે વધાવો પંચમ વસંતની... મેળે ઝટ જઈએ... જોબનિયું આજ રમતું હાલ્યું... એ પણ એવાં જ સરસ મજાનાં ગેય કાવ્યો છે. તેમની આવી રચનાઓ લોકગીતની સ્ફૂર્તિનો અહેસાસ કરાવે છે.

*મેળે ઝટ જઈએ...કાવ્યમાં કવિ કહે છે ...*
*રૂડાં ગીતલડાં ગવાય*
*મુખડું મલક મલક થાય*
*લીલી લીમડીયું લહેરાય*
*ફરફર પાંદડિયું ફરકાય....કે મેળે ઝટ જઈએ*

"જોબનિયું આજ રમતું હાલ્યું''માં જુઓ કેવો સુંદર ભાવ, "મૂછના દોરામાં શીદ લપટાતું'' કહી બતાવ્યો છે.

*સહિયર મોરી... ઢોલને તાલે થનગન થાતું...*
*કે જોબનિયું આજ રમતું હાલ્યું*

ધન્ય! ડૉ અબ્દુલ કલામ....ધન્ય! ઓ વિવેકાનંદ...ધન્ય! અખંડ ભારતના શિલ્પી... વિગેરે કાવ્યોમાં, આ બધા વિશ્વ વંદનીય રાષ્ટ્ર નેતાઓના જીવન કાર્યોને સુંદર અંજલિ આપવામાં આવી છે.

ગુજરાતના એક ગામડામાં જન્મી, ઉછરી, અભ્યાસ કરી, ઈલેક્ટ્રીકલ ઈજનેર બનેલ રમેશભાઈની લાંબી વ્યવસાયી કારકિર્દીમાં, તેઓ ગુજરાતનાં ગામડાં ખુંદી વળ્યા છે. આમ મૂળથી જ તેઓ ધરતીના છોરું હોઈ પ્રકૃતીના વૈભવ અને ગ્રામ્ય સંસ્કૃતિ સાથે એમને બચપણથી જ પ્રીત થઈ ગઈ છે. ધરતી અને આકાશની સીમાઓમાં આવતા અનેક વિવિધ વિષયો ઉપર, આ કવિએ કલ્પના દોડાવી છે અને એમની અનુભવી કલમ ચલાવી, એમનાં કાવ્યોમાં સુંદર રીતે ઢાળી છે. આથી જ, એમના બ્લૉગ 'આકાશદીપ'માં મુકાતાં કાવ્યોમાં, સ્વાભાવિક રીતે જ, ગ્રામ્ય સંસ્કૃતિનો ધબકાર, બદલાતી ઋતુઓનો વૈભવ, વતન પ્રેમ, પ્રકૃતિ, પ્રાણીઓ, પક્ષીઓ, સરોવર તથા જનઉત્સવો, દેશપ્રેમ વિગેરે વિષયોમાં ધરતીની માટીની મહેંક માણવા મળે છે.

રમેશભાઈ એમના એક કાવ્યમાં કહે છે...

*આ માયુડી માટીના કણ કણ મને ઓળખે*
*વતનના વગડે વિહંગોના વ્હાલ મને સાંભળે*

*હશે જગને કિંમત હીરા માણેકની*
*મારા માંહ્યલાને માટીની મહેંક સવા લાખની*

ગુજરાતના પ્રખર વિદ્વાન સાહિત્યકાર, ગુજરાતી સાહિત્યમાં જ્ઞાનપીઠ ઍવોર્ડનું સન્માન પામનાર મુરબ્બી શ્રી રઘુવીર ચૌધરીએ 'ત્રિપથગા' પુસ્તકમાં, આ કવિને એમનાં આશીર્વચનો આપતાં લખ્યું છે : ''રમેશભાઈની કેટલીક ગેય રચનાઓ લોકગીતની સ્ફૂર્તિ ધરાવે છે." એમનાં આ બધાં કાવ્યોનો અભ્યાસ કર્યા પછી, હું એમના આ અભિપ્રાય સાથે સો ટકા સંમત થાઉં છું. કવિને એમના પ્રથમ બે પુસ્તકો માટે પણ જાણીતા સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટનો આવો જ ઉષ્મા ભર્યો આવકાર પ્રાપ્ત થયો છે.

એમના સુશોભિત કાવ્ય સંગ્રહ "ત્રિપથગા"માં રમેશભાઈ લખે છે ...

*શબ્દની સરવાણી વહે સ્પંદનો ઝીલી*
*માણે રસ જગનાં દિલો લળી લળી*

*થાયે ઉપાસના સંસાર વિધાતા વતનની*
*ત્રિપથગા ભાળું વહેતી ઘર આંગણેથી*

જે કાવ્ય વાંચતાં, કવિએ એની રચના વખતે અનુભવ્યાં હોય એવાં વાચકના મનમાં સ્પંદનો જાગે, જે કાવ્યમાં ભાવ, લય, શબ્દોની પસંદગી, અર્થ, છંદ જ્ઞાન, કલ્પના, અનુભવ અને જીવન માટેનો કોઈ સંદેશ હોય એ મારા મતે અગત્યનાં સારા કાવ્યનાં લક્ષણો કહી શકાય. કહેવાય છે ને કે 'જેવું શીલ એવી શૈલી'. વર્ષોથી ઘણાં કાવ્યોની રચનાના અનુભવ પછી, રમેશભાઈમાં સાહિત્યિક સમજ સારી રીતે વિકસી છે અને કાવ્ય રચના માટેની હથોટી આવી ગઈ છે. એમનાં કાવ્યોની ગુણવત્તા, સમય સાથે વિસ્તરતી ગઈ છે, એ એમનાં આ સંગ્રહમાં સંપાદિત બધાં કાવ્યોનો આસ્વાદ કર્યા પછી અનુભવાય છે.

કવિના શબ્દોમાં અજબ શક્તિ પડેલી હોય છે.ગુજરાતના જાણીતા શાયર અમૃત ઘાયલે એમની શાયર તરીકેની ઓળખ આપતાં એમની એક ગઝલમાં ગર્વથી લખ્યું છે "હું શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું."

અંતે, આ કવિ એમનાં નૂતન વર્ષનાં કાવ્યમાં એમના મનની અભિલાષા શું

છે, એ વ્યક્ત કરતાં કહે છે ……

*પ્રાર્થી – પરમેશ્વર નૂતન વરસે*
*હું મંગલ શંખ બજાવું*
*એવો અવસર આપ પ્રભુ તું*
*આ જગમાં કંઈક કરી બતાવું*

પરમ કૃપાળુ પરમાત્મા, રમેશભાઈને એમણે પ્રાર્થેલો અવસર પૂરો પાડે કે જેથી “આકાશદીપ” મારફતે તેઓ, એમની ઉત્તમોત્તમ કાવ્ય રચનાઓરૂપી શંખ બજાવી, માનવતાનો મંગલ સંદેશ પ્રસરાવતા રહે, એવી મારા અંતરની શુભેચ્છાઓ આ શરૂ થતા નવા સંવત વર્ષ ૨૦૭૨માં વ્યક્ત કરીને વિરમું છું.

૧૧-૧૬-૨૦૧૫

**વિનોદ પટેલ**

સાન ડિયેગો, યુ.એસ.એ.

સંપાદક - વિનોદ વિહાર

# લેખકનું નિવેદન

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર અને ભારતીય સાહિત્યનો નૉબેલ સમાન જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા શ્રી રઘુવીરભાઈ ચૌધરીના, મારા ત્રીજા કાવ્ય સંગ્રહ "ત્રિપથગા"ને આવકારતાં આલેખાયેલા શબ્દોની સુગંધ વેરું તો--

"રમેશભાઈને પ્રકૃતિનું સાહચર્ય સાંપડ્યું છે-એમાંથી જાગેલી લાગણીઓ ધરતી-આભને જોડે છે, જે વિવિધ રચનાઓમાં છંદ-લયના વૈભવ સાથે રજૂ થાય છે-એમની કેટલીક ગેય રચનાઓ લોકગીતની સ્ફૂર્તિ ધરાવે છે."

મારા આ કાવ્ય સંગ્રહની કેડીએ, આપ સહપ્રવાસી થશો તો જરૂરથી આ અનુભૂતિ થશે. 'મઢેલાં મોતી' એટલે કવિના ઊર્મિશીલ ઉરનું લાલિત્ય.અમેરિકા કૅલિફોર્નિયાના મારા નિવાસ દરમ્યાન, મેં દેશ-પરદેશની સંસ્કૃતિને કવિ હ્રદય થકી જાણી અને માણીને કવિતાઓમાં ઢાળી છે. ભાષાની અભિવ્યક્તિ થકી જ આ વસુધાની સંસ્કૃતિ યુગોથી ઝૂલતી આવી છે. ગ્રામ્ય સંસ્કૃતિના શિશુ વયના સંસ્કારો થકી, પ્રકૃતિનો મલકાટ આજીવન પડઘાતો રહ્યો છે.ભારતીય પર્વો એટલે જીવનને મધુરતા ને પાવનતાથી મહેકાવવાની કલા.

*વિશ્વ મૌન મહીં જ્યાં જંપે*
*રાગ છેડતું અંતર*
*ના ઉછાળા ઓછા અંદર*
*ભીતર સાત સમંદર*

વતનપ્રેમ, ભારતીય સંસ્કૃતિના રંગ, ઋતુઓની ષટરસી ધારા ઝીલતાં, ભાવમાં ડૂબી જઈ જે રચનાઓ વહી છે... તે વિશે સાહિત્યકાર શ્રી દોલતભાઈએ મારા કાવ્ય-સંગ્રહોમાં આલેખેલા શબ્દ 'વિવિધ રાજભોગનો થાળ' અહીં પણ કવિતાના મેળે મહાલતાં આપ અનુભવશો.

મારા આ કાવ્ય સંગ્રહ "મઢેલાં મોતી"ને ખ્યાતનામ સાહિત્યકાર સુશ્રી નીલમબેન દોશીનો મીઠડો આવકાર મળ્યો છે : ***"કવિના અનેક કાવ્યોમાં વતનપ્રેમ, પ્રકૃતિપ્રેમ, સંસ્કૃતિપ્રેમ સાફ ઝબકે છે. સંગેમરમરના પથ્થરમાં એ સંવેદનાના સૂર શોધતા રહે છે"... પોંખતાં આનંદ અનુભવું છું."***

તો સાહિત્ય વૈભવના ઊંડા ખેડાણોના અભ્યાસી આદરણીય શ્રી વિનોદભાઈ પટેલની પ્રસ્તાવના અને રસાસ્વાદ થકી મારા આ સર્જનને પ્રથમ પગથિયે જ

ગૌરવ મળી ગયું છે. આ બંને સાહિત્યવિદોનો હું અંતરથી આભાર માનું છું.

વિશેષમાં આ મારા ચોથા કાવ્યસંગ્રહને પુસ્તકનું રૂપ આપવા સહયોગી થનાર, સુંદર મુખપૃષ્ઠ માટે કિરણ ઠાકર, સાહિત્યવિદ્ શ્રી જુગલકિશોર વ્યાસ, શ્રી સુરેશભાઈ જાની, શ્રી મૌલિકભાઈ રામી, (વિચારયાત્રા) અને સુશ્રી આરતીબેન પરીખ (સાઉદી અરેબિયા) સૌનો આભાર વ્યક્ત કરતાં ખુબ જ ખુશી અનુભવું છું. આવો... શ્રી દિલીપભાઈ ગજ્જર (યુ.કે.)ના સૌજન્યને પણ કેમ વિસરીએ? તેમણે યુ-ટ્યુબ પર, ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિને, "મઢેલાં મોતી"ની મારી દેશભક્તિની રચના... આજે સપ્તખંડે ગૌરવી રીતે ગુંજી રહી છે... જરૂરથી સાંભળજો.. યુ-ટ્યુબ પર... 2012/01/25 તારી શાન-ત્રિરંગા- આ લિંક પર https://youtu.be/yte1RgffoZs

*શિર સાટે સૌગંદ અમારા, પાવન હિમાલય ગંગા*
*નહીં ઝૂકીએ ન ઝૂકવા દઈશું, તારી શાન ત્રિરંગા*

એક વધુ ખુશાલી સાથે વિરમું તો- કેલિફોર્નિયાના આંગણેથી 'દિવ્યભાસ્કર સમાચાર' પત્રે પણ નેટ જગતે મારા આ કાવ્ય-સંગ્રહની રચના વહેંચી કવિ તરીકે બહુમાન અર્પ્યું છે... એ મીઠાં સંભારણાંને આપ સૌ 'મઢેલાં મોતી' થકી હૈયે ગુંથશો... એવી અભિલાષા સહ...

"હાઇ... રમેશભાઈ

કેમ છો? સુંદર કવિતા માટે થેંક યૂ વેરી મચ.

મારું નામ વલય છે. તમારી કવિતા અમે સાઇટ પર પબ્લિશ કરી છે. જેની લિંક અત્રે આપેલ છે : http://www.divyabhaskar.co.in/news/NRG-USA-californian-poet-pay-tribute-to-president-abdul-kalam-5067003-NOR.html

Regards,

Valay Shah, Sub-Editor, divyabhaskar.com

આપ સૌ મારા આ કાવ્ય સંગ્રહ 'મઢેલાં મોતી'ને હર્ષભેર વધાવશો એ આશા સહ વિરમું છું.

**રમેશ પટેલ** (આકાશદીપ)
બી.ઈ. (ઈલેક્ટ્રીકલ-૧૯૭૧), સરદાર પટેલ યુનિવર્સિટી.. વિદ્યાનગર

## માવતરનાં મીઠડાં વાત્સલ્યઋણને વંદના...

શિક્ષણને સંસ્કારની અણમોલ જીવનમૂડીનો વૈભવ સીંચનાર...



**ઝવેરભાઈ મુખી**

જન્મ તાઃ ૩૦/૫/૧૯૦૮

અવસાન તાઃ ૨૯/૨/૧૯૮૩



**કાશીબેન** (હરખાબેન)

જન્મ તાઃ ૧/૯/૧૯૧૫

અવસાન તાઃ ૫/૪/૨૦૦૦

**પ્રગટ જ્ઞાની ગુરુ પૂ. દાદાશ્રી ભગવાનની કૃપા ઝીલતા...**

વીતરાગના વિનય માર્ગે...

કેવળ જ્ઞાનના અધિકારી થવાની પુણ્યવંતી ક્ષણો.



શ્રી શિરીષભાઈ દોશી સાથે (૧૯૮૨-૮૩)...

વણાકબોરી થર્મલપાવર સ્ટેશન...




કેલિફોર્નીયાના કરોના નિવાસસ્થાને સાહિત્ય 'ઉપાસના'
**ધર્મપત્ની સવિતાબેન** સાથે કવિશ્રી



મેઘાવી સાહિત્યકાર આ. શ્રી દોલતભાઈ ભટ્ટના હસ્તે..
'સ્પંદન' કાવ્યસંગ્રહ વિમોચન (ગાંધીનગર, ૧લી મે ૨૦૦૫)

## 'ત્રિપથગા' કાવ્યસંગ્રહનું વિમોચન તા. ૨૮ નવેમ્બર ૨૦૦૯

ડાબેથી. ડૉ. દિલીપભાઈ, કવિશ્રી, પ્રવીણ શુક્લ, સુરેશભાઈ જાની, ડૉ. ચંદ્રવદન મિસ્ત્રી.





સહૃદયી ને પ્રેરણાસ્રોત
વડીલ શ્રી વિનોદભાઈ પટેલ (સાન ડીએગો, યુ.એસ.એ.) સાથે કવિ

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1 | બિરાજો રે ગણેશ દેવા | | 45 |
| 2 | ધન્ય! માતૃભાષા મા બોલી... | | 46 |
| 3 | મારી ભાષા તું ગુજરાતી | | 47 |
| 4 | હું મંગલ શંખ બજાવું | | 48 |
| 5 | ગુરુ! નમું ચરણ બડભાગી | | 49 |
| 6 | ગીતા છે મમ હૃદય | | 50 |
| 7 | અવિનાશી અજવાળું | | 51 |
| 8 | રણઝણતું મારું અંતર | | 52 |
| 9 | ભીતર સાત સમંદર | | 53 |
| 10 | ચરોતરની ધરા... | | 54 |
| 11 | માળાની મોટાઈ | | 55 |
| 12 | નમું મા નર્મદા! | છંદ : શિખરિણી | 56 |
| 13 | પહેલી મેનું ગાણું | | 57 |
| 14 | મહેકતું ગુજરાત | | 58 |
| 15 | યશવંતી ગુજરાત | | 59 |
| 16 | ધન્ય ધન્ય ગરવી ગુજરાત!.... | | 60 |
| 17 | જય હો! ગુજરાત ગાજે ગગન... | | 61 |
| 18 | આ ધરામાં કંઈક છે એવું | | 62 |
| 19 | કેમ ન ગાઉં ગૌરવ, થઈ ગુજરાતી! | | 63 |
| 20 | વતનના વાયરા વર્તાય છે... | | 64 |
| 21 | સાવજ | છંદ : શિખરિણી | 65 |
| 22 | રૂડી આઝાદી | | 66 |
| 23 | ધન ધન અમે માત ગરવી | | 67 |
| 24 | જય હિન્દ! જય તારો | | 68 |

| | | | |
|---|---|---|---|
| 25 | ફરફર ફરક ત્રિરંગા... | | 69 |
| 26 | શિર સાટે સોગંદ અમારા | | 70 |
| 27 | ઝૂમે વ્યોમે ત્રિરંગો | છંદ : સ્ત્રગ્ધરા | 71 |
| 28 | મુક્તિ પર્વ | | 72 |
| 29 | ભોમ અમારી અમે તો ભોમના | | 73 |
| 30 | વિકટ હોય કેડી ભલે | છંદ : પૃથ્વી, સૉનેટ | 74 |
| 31 | હિમવર્ષા | છંદ : સુવદના | 75 |
| 32 | હિમલહરમાં... | છંદ : શિખરિણી | 76 |
| 33 | નામ એનું વસંતી... | છંદ : મંદાક્રાન્તા | 77 |
| 34 | વસંતે કલશોર કર્યો ભાઈ... | | 78 |
| 35 | આટલું વ્હાલ કેમ ઢોળે? | | 79 |
| 36 | મીઠડાં સ્વાગત થશે... | | 80 |
| 37 | પંખીડાં ને મેળે રે લોલ | | 81 |
| 38 | પણ ઓલા વાયરે વાત ઉડાડી... | | 82 |
| 39 | ફાગણના વાયરા વાયા.... | | 83 |
| 40 | કે વાયરા વાયા ફાગણના... | | 84 |
| 41 | ઓ ચૈત્ર સુદની... | છંદ : સુવદના | 85 |
| 42 | પાનખર | છંદ : હરિણી | 86 |
| 43 | પાનખર અવસરા | | 87 |
| 44 | ગ્રીષ્મ | છંદ : સ્ત્રગ્ધરા | 88 |
| 45 | ધન્ય છે મેઘરાજા | છંદ : સ્ત્રગ્ધરા | 89 |
| 46 | આવ રે મેઘા | | 90 |
| 47 | રે જ અમે નટખટ કાનુડાની જાત.... | | 93 |
| 48 | છે ચોમાસાની ભાતું...... | | 94 |
| 49 | ગગન શરદનું | છંદ : સ્ત્રગ્ધરા | 95 |
| 50 | આવી જ દીપાવલિ... | છંદ : શાર્દૂલવિક્રીડિત | 96 |

| | | | |
|---|---|---|---|
| 51 | આવી દુલારી દિવાળી | | 97 |
| 52 | હું ને પતંગ | | 98 |
| 53 | રે વધાવો પંચમ વસંતની... | | 99 |
| 54 | ત્રિપથગા | | 100 |
| 55 | મારે ગાવું રામ નામનું ગાણું | | 101 |
| 56 | હનુમાનજીનું હાલરડું... | | 102 |
| 57 | રથડે બિરાજજો રણછોડ... | | 103 |
| 58 | રાખડી અમર સ્નેહનું સંધાન | | 104 |
| 59 | હેતે રમાડ્યો ગોપાલ.... | | 105 |
| 60 | ખળખળ વહેતાં, જળ જમુનાનાં કહેતાં... | | 106 |
| 61 | ભાવે નમીએ આરાસુરી માત- | | 107 |
| 62 | તરું આપણું સહિયારું... | | 108 |
| 63 | ઓ પિતા શ્રીફળસા... | હાઈકુ | 109 |
| 64 | મા ચંદન અગિયારી....... | | 110 |
| 65 | લખતી મા તું વસિયત.... | | 111 |
| 66 | વહાલી દીકરી... | | 112 |
| 67 | બચપણ | છંદ : શિખરિણી | 114 |
| 68 | નામ મારું છે ખુશી | | 115 |
| 69 | ગોકુળમાં અવળા વાયરા વાયા! | | 116 |
| 70 | પરદેશમાં | | 117 |
| 71 | મેળે ઝટ જઈએ... | | 119 |
| 72 | જોબનિયું આજ રમતું હાલ્યું | | 120 |
| 73 | ભારત રત્ન | | 121 |
| 74 | હું માનવને ખોળું | | 122 |
| 75 | વિશ્વ વંદ્ય ગાંધી.... | છંદ : શાલિની | 124 |
| 76 | ધન્ય! અખંડ ભારતના શિલ્પી..... | | 125 |

77 ધન્ય! ઓ વિવેકાનંદ... ----------------126

78 ધન્ય! ડૉ. અબ્દુલ કલામ ----------------127

79 ભારત ભાગ્ય વિશેષ ----------------128

80 મોંઘવારી છંદ : મંદાક્રાન્તા----------------129

81 હું ને તું જ થઈ ગયા સસ્તા.... ----------------130

82 રંગરસિલી સરકારી મોંઘવારી..... ---------------- 131

83 ઉછાળો હર હૈયે તોફાન ----------------132

84 ચૂંટણીના ચકરાવા... ----------------133

85 નાયગ્રા ત્રિધોધે ----------------134

86 મયૂરના કામણ..... ----------------135

87 મજાની દાડમડી... છંદ : ઇન્દ્રવજ્રા ----------------136

88 હું કોને કહું? ----------------137

89 શબ્દ જ થઈ મારે ઊગવું છે વ્હાલે ----------------138

90 અંકુર છંદ : શિખરિણી----------------139

91 લખ્યું જે કાગળમાં એ લોક સૌ વાંચે ----------------140

92 કનક તું ભાગ્યશ્રી ઉપહાર.... ---------------- 141

93 આવોને એકલતા ઘૂંટીએ... ----------------142

94 ઈતિહાસ આલેખાય છે. ----------------143

95 રૂપલું કોઈ મળ્યું મને... છંદ : જદીદ ----------------144

96 છે કિનારા બે જુદા... ----------------145

97 ઘૂમે ગરબો ગુજરાત.... ----------------146

98 ગબ્બર ગોખ ઝગમગે રે લોલ..... ----------------148

99 રે ગરબે ઘૂમે ગુજરાત... લાલ સનેડો......----------------149

100 હો માત અમે... ----------------150

101 મૈત્રી તું રે ----------------152

# મઢેલાં મોતી

# બિરાજો રે ગણેશ દેવા

મંગલ મૂર્તિ ઓ દેવ દુંદાળા
વાગે ઢોલ ને વાગે નગારા
ગાઉં ગુણ ગૌરી પુત્ર ગણનાથ
પધારો, પ્રથમ રે ગણેશ દેવા

સૂર્ય કોટિ સમ પ્રભા તમારી
સ્વીકારો મંગલ આરતી અમારી
ઝૂલે તોરણ ને ઉડાડું ગુલાલ
બાજઠે બિરાજો રે ગણેશ દેવા

રિદ્ધિ સિદ્ધિના તમે તો દાતા
હરજો સંકટ સવેળા ઓ ત્રાતા
પ્રસાદમાં મોદક સાકર મેવા
ધન્ય! અમે તવ દર્શને દેવા

સમરીએ ભાવે ગજાનન વિનાયક
દે જો આશિષ; થાય સુખી જગ સકળ

## ધન્ય! માતૃભાષા મા બોલી...

સંબંધની તું રેશમ દોરી
પઢીતી પારણિયામાં પોઢી
વિશ્વ વધાવે આ ખુશહાલિ
ધન્ય! માતૃભાષા મા બોલી

મધુ મીઠડી માતૃભાષા તું,
જીવનની ઉપલબ્ધિ
અનુભૂતિનો અબ્ધિ
ખીલી ખીલવે સંસ્કૃતિ તું ભોળી
વંદું; આજ માતૃભાષા મા બોલી

ધન્ય માતૃભાષા જ!
તું ગીત કલાની ઝોળી
આત્મ સન્માનની ડોલી
પલપલના વૈભવે, ભરતી તું રે ઝોળી
વિશ્વ વધાવે મા બોલી
વંદું! આજ માતૃભાષા મા બોલી

# મારી ભાષા તું ગુજરાતી

પ્રભાતિયા જેવી પુનિત જ; મારી ભાષા તું ગુજરાતી
માતૃભાષા દિન ઉજવે વિશ્વને, ચાહ ઘણી ઊભરાતી

‘નાગદમણ’નો આદિ-કવિ, વ્હાલો રે ભક્ત નરસૈયો
પ્રેમાનંદ; તું ધન્ય જ રે ટેકી, શતવંદી ગુર્જર છૈયો

ખૂલ્યા ભાગ્ય ને મળ્યા રે, નર્મદ દલપત અર્વાચીને
ને મલકાણી ભાષા ગુજરાતી; હસતી રમતી દિલે

મેઘાવી સાક્ષર મોટા હાલે, જાણે અસ્મિતા વણઝાર
ગાંધી આધુનિક યુગની આભા, ધરતી જ કનક ઉપહાર

મોગલ, અરબી, ફારસી- અંગ્રેજી સંગ, બંગ-રંગ મજાના
વાહ! ગુર્જર ભાષા તું હરિયાળી, ઝીલ્યા વિશ્વતણા ખજાના

ફેબ્રુઆરી દિન એકવિસમો, વિશ્વ માતૃભાષાનો ગરવો
ગુર્જર લોકસાહિત્ય સાગર તીરે, માણું રે ચાહત જલવો

# હું મંગલ શંખ બજાવું

પ્રાર્થી; પરમેશ્વર નૂતન વર્ષે
હું મંગલ શંખ બજાવું
એવો અવસર આપ પ્રભુ તું
આ જગમાં કંઈક કરી બતાવું

ના માગું હું નિત વસંત જ
પણ, ભીતર ભાવે કદી ન સુકાઉં
ઋતુ ઋતુના ખોળે જ રમતાં
ધન્ય! રૂપલ ફૂલ બની મુસ્કાઉં

એવા ઉરમાં ભરજો વિશ્વાસ જ
જગ સંગ્રામો ખેલી બતાવું
રાહ ભલે ને ઉબડ-ખાબડ હો
તારો ઍવરેસ્ટ ચડી બતાવું

છોને છોડે તું પર્વત ટોચે
જલ જેમ, સાગર થઈ બતાવું
થા; સારથ એક આશ જ હૈયે
પાર્થ સમ માનવ જાત દીપાવું

એવો અવસર આપ પ્રભુ તું,
તારો ગર્વ થઈ હરખાઉં
ને મંગલ શંખ બજાઉં (૨)

# ગુરુ! નમું ચરણ બડભાગી

આતમ દીપ અજવાળે ભાળું,
ભવભવના સુખ સુભાગી
પૂનમ પાવન અષાઢી ધન્ય,
ગુરુ! નમું ચરણ બડભાગી

ભોળો હું ભગવંત જિજ્ઞાસુ,
મળીયા ગુરુ નિમિત્તે જ્ઞાની
ભેદ જ જીવ- શિવનો લાધ્યો,
સાચી સાધના ઉર પ્રમાણી

દૃશ્યમાં જ દીઠા દૃષ્ટાને,
પ્રગટ દીઠો સ્વસરૂપે
દાદા દોરે અદીઠ તપ પથડે,
મળ્યો નીવડો ગુરુ દ્વારે

વાંચ્છું હું; વાત્સલ્ય વીતરાગી,
આત્મ અધ્યાસે રાચું
ઓળખ સાચી દો મુજને,
ગુરુ શરણ હું માગું (2)

# ગીતા છે મમ હૃદય

શ્રીકૃષ્ણ વદે, સુણ અર્જુન સખા, ગીતા છે મમ હૃદય
સોંપી લગામ પ્રભુને હાથ, આવીજા તું મમ શરણ

આત્માને અમર જાણ, દેહની નશ્વરતાને પહેચાન
થા તું મુક્ત મોહ માયાથી, લઈ ગીતાનું જ્ઞાન

સુણ પાર્થ, જીવન મરણને જાણ પૂર્ણ પુરુષોત્તમ હાથ
થા માત્ર નિમિત્ત, કરવા સઘળાં કલ્યાણી ઈશ્વરીય કામ

અર્પણ કર કર્તાને સર્વ કર્મનાં બંધન,કર્તવ્ય ધર્મ નિભાવ
ત્યજી આસક્તિ, યોગ સ્થિત થઈ, લે ગાંડિવ તુજ હાથ

તું છે મારો ભક્ત સખા ને, જ્ઞાન વીર ધીર ભૂપ
હું જ કાળ, હું જ નિયંતા, નીરખ પાર્થ મમ મહાકાળનું રૂપ

# અવિનાશી અજવાળું

નથી અમારું; નથી તમારું, આ જગ સૌનું સહિયારું
મારામાં રમતું; તે તારામાં રમતું, અવિનાશી અજવાળું

ઋતુ ઋતુના ચક્રે ખીલતું, નિત નવું નજરાણું
સાગર ખોળે; ગિરિ શિખરે, ભરતું મધુરું ગાણું

પ્રસન્ન પુષ્પે ઝૂમતાં મનડાં, પહેરી પ્રેમ પટોળું
ષટરસ ધારી; ધરણી ધરતી, નવલું સરખું વાળું
આ જગ સૌનું સહિયારું

પુનિત પ્રભાતે ઉષા સંગે, દિવ્ય ચેતના ઓઢું
બ્રહ્માંડના મંગલ આશિષે, હરખ સજીને પોઢું

માનવ જન્મ મોંઘેરો મળિયો, આત્મ ચિંતને માણું
સત્સંગના પાવન પ્રકાશે, અંતર મન અજવાળું
આ જગ સૌનું સહિયારું

નિર્મળ ભક્તિ દૈવીશક્તિ, સુખ દાતાનું ભરણું
કરુણા અભય છે વરદાનો, ઉજવો શાંતિ ટાણું

'આકાશદીપ' વદે પ્રેમ દીવડે, કલ્યાણ જ્યોત જગાવું
ખીલે અવનિએ ભારતીય સંસ્કૃતિ, અમર આશ અજવાળું
નથી અમારું; નથી તમારું, આ જગ સૌનું સહિયારું

# રણઝણતું મારું અંતર

ના મહેફિલ ના વાવડ
આ કોણ વગાડે જંતર
રણઝણતું મારું અંતર!

પીળાં પાંદડાં માયા છોડી, દૂર જતાં ભાઈ દોડી
પીડા પાનખરની વેઠી ધ્રુજે, સૂસવાટે ઠંડી ડાળી
ત્યાં ફૂટી હસતી કૂંપળ
આ કોણ ખીલવતું તંતર... રણઝણતું મારું અંતર!

અંધાર પછેડી ઓઢી અવનિ, રૂપ અઘોરી ધરતી
રમે રેલાતી ચાંદની પ્યારી, સાગર લહેરે સરતી
આ કોણ છેડતું સ્પંદન?
ભૂલી ધરા ગગનનાં બંધન... રણઝણતું મારું અંતર!

વસંત વાયરા વાતું કહેતા, દૂર દૂર કોઈ મ્હેંકે
મન મયૂરો નાચે નટખટ, ઉર આંબલે કોઈ ગેહકે
આ કોણ ઝુલાવે યૌવન ઝોલે?
છેડી હરખીલા જંતર... રણઝણતું મારું અંતર!

નયન બીડું ને ધ્યાન ધરું, અગોચર વિશ્વે કોઈ સંતાતું
ના જાણું પણ ખૂબ જાણું, ભાવ બંધને કેવું બંધાતું
બ્રહ્માંડે કોણ ભણાવે મંતર
દે શાતા દર્શન અંદર... રણઝણતું મારું અંતર!

# ભીતર સાત સમંદર

વિશ્વ મૌન મહીં જ્યાં જંપે

રાગ છેડતું અંતર
ના ઉછાળા ઓછા અંદર
ભીતર સાત સમંદર

સાંજ સમ ઢળતો હું ડૂબું
અનુભૂતિને બંદર
નીરવતા એકલ પંડે રમે
રણઝણતું મમ જંતર

ઊર્મિ ઓચ્છવ જાણું વસંતી
વેણુ ધરું અંતર અધર
સૂર નીપજતા ભાવ જગતના
ખેલે સાત સમંદર

માત ખોળે હું નાનો શિશુ
હૂંફ રમે જીવનભર
આંખ તારી મા છે સોમ જ
ઉછળે સ્નેહ સમંદર

મોટપ મનતણી કરુણાધર
દીધી માત જ આંચલ
સ્નેહ શંખલ પકવે મોતી
ભીતર સાત સમંદર

લાગણીઓ આ લીલીસૂકી
ગંભીર ગહન તવંગર
વમળ ના ઓછા અંદર
ભીતર સાત સમંદર(૨)

# ચરોતરની ધરા...

શ્વેત ક્રાંતિ, કલ્યાણપંથી; ચારુ જલધરા
છે ચરોતરની ધરા, જાણે સોના ઉર્વરા
મહી, વાત્રક, શેઢી, મહોર ને આ સાબરા
ચરોતરી ખમીરા જાણું, સાત સાગરે શૂરા

જ્યાં ચરણ ચારુ રત્નોના પડે, અરે મહાસાગર પણ માર્ગો ચીંધે
પૂનમની ચાંદની બની ખીલે આભે, એને કોણ સીમાડે રોકી શકે?

હૂંફાળા, કરુણાથી નીતરતા, ધન્ય પરિશ્રમી ઓ ભેખધારી તમે
જીવન મંગલ એવું જીવો, જાણે ફૂલની ફોરમ વતને અમી પૂરે

કલેજા ચીરતી કંપાવતી, જીવન તડકી-છાંયડી ને વેદનાઓ ભરી પીધી
ચરોતરી ગુર્જરી રંગ શું શું વખાણું? વિશ્વજાતિ જાણે યશકર્મી દધિચી ઋષિ

# માળાની મોટાઈ

હાલને ભેરુ મીઠડા દેશે
સાદ પાડે છે કોઈ
ગમતું ગામ; ગમતી શેરી
ગમતું એમાં કોઈ

રૂપલી વાતો, રંગીલી યાદો
ઝરૂખે ઝુમતી જોઈ!
નાનકી વાટે, હેતના તેડા
જાશું રે એમાં ખોઈ

મ્હાલશું મેળે; નદી તીરે
ગાશું રે હરખાઈ
ઢોલને તાલે; નાચશું હોંશે
ઝીલશું રે જોબનાઈ

થાશું પંખી; ઉડશું ગગન
કરતા પ્રેમની પરખાઈ
સાંજ પડે રે આવશું પાછા,
માણશું માળાની મોટાઈ

# નમું મા નર્મદા!

[છંદ-શિખરિણી]

ઉમટ્યા વ્યોમે આ, પવન લહરે, વાદળ ધસી
છવાયા ગાજીને, વન ગિરિશૃંગે, સ્નેહ ધરવા
વરસ્યો ખાંડે એ, ખળખળ વહે, મસ્ત ઝરણાં
ઠરે આંખો જોઈ, અમરકંટકે, બાળ સરીખા

મળે નાનાં મોટાં, પથ પટ ઘસે, ઘેલ કરતાં
નભે મેઘો કાળો, ધરણ છલકે, કાજલ જલી
છલક્યા બંધોને, સૂચિ વિમલ એ, સર્જન સુધા
રમે રેવા જોશે, જલ રવ યુવા, સાગર સમી

તટે ઝૂમે દોડી, લહર લહરી, રમ્ય નયના
નમું મા નર્મદા, હરહર કૃપા, મંગલમયી
મળી છે મા તારી, ઉપજ હરિતા,આશિષ શિરે
હસી ગાશે વાડી, કલરવ ધરી, ધાન્ય છલકી

ઋણો તારા દીઠાં, શતશત રૂપે, લોક જનની
વહે તું દર્શિની, યશ સભર રે, રાસ રમતી

# પહેલી મેનું ગાણું

સાત સૂરોનું ભાથું બાંધી, ગાશું એક જ ગાણું
પહેલી મેનું ટાણું,
લાખેણું નઝરાણું... લાખેણું નઝરાણું

ધન્ય! ગુર્જરી પ્યારી મૈયા,
દીધાં સાગર હૈયાં
સ્નેહ સમર્પણ સાવજ ત્રાડે,
રંગે જાત જ છૈયાં

હાક દીધી ઈન્દુચાચાએ,
ગર્જ્યા સાગર ગુર્જર
જોમ સીંચ્યા ઑગષ્ટ ક્રાંતિએ,
ગાજ્યા ઘોષ જ અંબર

દીપમાળાઓ ઝગમગ ઝગમગ,
દે દાદા આશિષું
તીર્થભૂમિના સ્પંદન ઝીલી,
ધન્ય! માતના શિશુ

લીલુડી ભાતે ખીલે ખેતર,
ઠારે આંખ જ માડી
શ્વેતક્રાંતિની ગંગા વહેતી,
સીંચે શૈશવ વાડી

વીર વલ્લભ ને ગાંધીબાપુ,
વિશ્વ અખિલના તારા
મૂક દાનવીર કરે સંકલ્પ,
ગુર્જર ગૌરવ ન્યારાં

પ્રેમ અહિંસા આદર હૈયે,
દ્વારે સ્વાગત શાણાં
જ્યાં વસીએ તેના જ થઈએ,
હૈયે ગુર્જર ગાણાં (૨)

# મહેકતું ગુજરાત

ગાજે મેહુલિઓ ને સાવજની દહાડ
જાણજો એજ મારું વતન ગુજરાત

જ્યોતના અજવાળે મા શ્રદ્ધાના પાન
આંખની અમીથી વહે દાનની સોગાત

પ્રભાતિયાના સૂરે જ્યાં પ્રગટે પ્રભાત
જાણજો એજ મારું વતન ગુજરાત

શીખવ્યા આ સાગરે સાહસના પાઠ
ને સાબરે પ્રગટાવી આઝાદીની આગ
ગુંજે જય સોમનાથની હાકો દિનરાત
જાણજો એજ મારું વતન ગુજરાત

શોભતો કચ્છડો મારો શરદની રાત
વલસાડી કેરી જેવા કોયલના ગાન
ચરોતરી ખમીર ને ઓલી પટોળાની ભાત
જાણજો એજ મારું વતન ગુજરાત

તાપીના તટ ને પાવન નર્મદાના ઘાટ
મહીથી મહિમાવંત, મારું ગરવું ગુજરાત
ઘૂમતા મેળાંમાં લોક ભૂલીને જાત
જાણજો એજ મારું વતન ગુજરાત

છે ગાંધી સરદાર મારી ગુર્જરીના નેત્ર
દીપતી સંસ્કૃતિ મારી થઈ જ વિશ્વામિત્ર
સુદામાની પોટલીએ દીધી સખાની યાદ
જાણજો એજ મારું વતન ગુજરાત

ના પૂછશો ભાઈ કોઈને, કેવડું મોટું ગુજરાત
જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં મહેકતું ગુજરાત

# યશવંતી ગુજરાત

ગુણિયલ ગુર્જર ગિરા અમારી, ગૌરવવંતા ગાન
સ્નેહ સમર્પણ શૌર્ય શાંતિના, દીધા અમને પાઠ
રાજવી સાક્ષર સંત મહાજન, ધરે રસવંતા થાળ
જય જય યશવંતી ગુજરાત, શોભે યશચંદ્ર તવ ભાલ

જન્મ્યા ગુર્જર દેશ, સંસ્કૃતિના ખીલ્યા છે ગુલદસ્ત
તવ રંગે સોડમે ખીલ્યાં, મઘમઘતાં માનવ પુષ્પ
વિશ્વ પથ દર્શક ગાંધી ગરવો, ગુર્જર સપૂત મહાન
ધન્ય ધન્ય ગુર્જરી માત, તવ ચરણે મળ્યો અવતાર.

રમ્ય ડુંગરા સરિતા મલકે, ધરતી ઘણી રસાળ
ગરબે ઝગમગે જીવન દીપ ને, જગત જનનીનો સાથ.
ધરતી મારી કુબેર ભંડારી, ભરશું પ્રગતિ સોપાન
જય જય રંગીલી ગુજરાત, શોભે યશચંદ્ર તવ ભાલ.

રત્નાકર ગરજે ગુર્જર દ્વારે, કરે શૌર્ય લલકાર
મૈયા નર્મદા પુનિત દર્શિની, ભરે અન્ન ભંડાર
માત મહિસાગર મહિમાવંતી, તાપી તેજ પ્રતાપ
જય જય રસવંતી ગુજરાત, ધન્ય ધન્ય ગુર્જરી માત

પાવન તીર્થ, તીર્થંકરની કરુણા, અર્પે જ્ઞાન અમાપ
સહજાનંદ યોગેશ્વર વસે અંતરે, સુખદાતા મીરાં દાતાર
વલ્લભ સરદાર સંગે ગાજે ગગને જય સોમનાથ
ધન્ય ધન્ય ગુર્જરી માત, શોભે યશચંદ્ર તવ ભાલ

ભારતવર્ષે પરમ પ્રકાશે, જાણે હસ્તી પર અંબાડી
સપ્ત સમંદર સવારી અમારી, દરિયા દિલ વિશ્વાસી
અનુપમ તારી શાખ ઝગમગે, જાણે તારલિયાની ભાત
રમાડે ખોળે સિંહ સંતાન, શોભે યશચંદ્ર તવ ભાલ

ગાયાં પ્રભાતિયાં ભક્ત નરસિંહે, આભલે પ્રગટ્યા ઉમંગ
સાબર દાંડી શ્વેત ક્રાંતિના, દીઠા પુણ્ય પ્રતાપી રંગ
‘આકાશદીપ’ વધાવે વીર સુનિતા છાયો પ્રેમ અનંત
ધન્ય ધન્ય ગુર્જરી માત, શોભે યશચંદ્ર તવ ભાલ (૨)

# ધન્ય ધન્ય ગરવી ગુજરાત!....

જૂનો જોગી ગિરનાર
સાવજ શૌર્યે લલકાર
સાગર સરિતાને કાંઠે મંગલ પ્રભાત
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

કચ્છ-કલા કોયલના રાગ
જન મન દીઠા રળિયાત
'સિદ્ધ હેમ'ની ગજ સવારી.. સિદ્ધરાજી શાન
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

નર્મદા તાપી દર્શન
હરિત ખેતર પાવન
મહિ સાગરના સંગે લહેરાતી ભાત
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

આઝાદીની રણહાક
શ્વેત-ક્રાંતિની દહાડ
અખંડ ભારતના ઘડવૈયા લાલ
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

મેળે ગરબે ગુજરાત
હૈયે શામળ ને માત
વટ વચન વ્યવહારે... ઊડે ગુલાલ
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

અહિંસા આદર સન્માન
સંસ્કાર સૌરભ બલિદાન
વિશ્વવંદ્ય ગાંધી તું.. વિશ્વે બિરાત
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

જેનું હૈયું ગુજરાત
એનું આંગણું અમાપ,
દૂધમાં ભળતી સાકરની જાત,
ધન્ય ધન્ય ગરવી ગુજરાત!

# જય હો! ગુજરાત ગાજે ગગન...

મલકે મલક હર આંગણ ઉપવન
અમર ઐતિહાસી સાબર દર્શન
પહેલી મે આજ નાચે જનજન
જય હો! ગુજરાત ગાજે ગગન

ઈંદુ રણહાકે ફૂંકાયા પવન
ઋણ શહીદોનું જ હૈયે રતન
ધરી હેત ઉરે ઝુલાવું વતન
ઝગમગ દીપ શુભ દાદા વચન
જય હો! ગુજરાત ગુંજે ગગન

ધન્ય! આરાસુર પાવો પાવન
ગઢ ગિર ડણકે સાવજ રતન
શ્રીજી; સોમ ને સમંદર દર્શન
ગુંજે દખ્ખણ કુંજ કોકિલ કવન
જય હો! ગુજરાત મારું વતન

સત્તાવન સરિતા સીંચતી જલધન
નર્મદા જલધોધ નવયુગ તીરથ
થનથન નટરાજ મયુર ને મન
મધથી મધુરું વલ્લભ-ગાંધી જતન
જય હો! સર્વધર્મ ગજગજ નમન

ધન્ય! શ્વેતક્રાંતિ ઉત્સવ અમન
ગુર્જર ખમીર રમે; વિશ્વ જ વતન
ગુર્જર અસ્મિતા અમ મુગટ કનક
જય હો! ગુજરાત ગાજે ગગન

# આ ધરામાં કંઈક છે એવું

જગ પોથીઓ વાર્તા માંડે
સાગર લાંઘી વિશ્વે ખૂલે
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

દે આવકારો દરિયા જેવો
મૂઠી ઊંચેરો ગુર્જરી ભેરુ
હૈયું વરસે વાદળ જેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

રંગોની છાબથી ધરતી ગાતી
ગઢ તીર્થોને પાળિયે ખ્યાતિ
ખ્વાબ ખમીરે રમતા રહેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

સોમ શામળાને માના ખોળા
કોયલ મોરને પંખીના ટોળા
પ્રભાતે ખીલે મંગલા જેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

સંત સાવજનાં પારણાં ઝૂલે
ખુદને ખીલવે લીલુડાં જેવું
પર કલ્યાણે દીવડા જેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

હસ્યા અંગ્રેજ આ છે ગાંધી
ચપટી મીઠે ઉડાડી આંધી
વાહ રે ગાંધી વિશ્વનું કહેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

વટ વચનના ગૌરવ સૌરભ
અખંડતાનો શિલ્પી વલ્લભ
શ્વેત ક્રાંતિના મશાલ જેવું
આ ધરામાં કંઈક છે એવું... કંઈક છે એવું

# કેમ ન ગાઉં ગૌરવ, થઇ ગુજરાતી!

સાગર શાખે સપ્તખંડે અમ ખ્યાતિ,
કેમ ન ગાઉં ગૌરવ થઈ ગુજરાતી!
અમારી ગજગજ ફૂલતી છાતી.

હુન્નર સભર, ગુર્જર ધરા ઉર અમીરી,
પાવન અમન પ્રિય ગુર્જર ખમીરી,
ટહુકતી લીલીકુંજ લહેરાતી...
અમારી ગજગજ ફૂલતી છાતી.

ત્રિસિંહ મુદ્રા અમ વતન રાષ્ટ્ર પ્રમાણી,
સત્યાગ્રહી ગાંધી બન્યા વિશ્વની વાણી,
ઇતિહાસ રચે ગુર્જરી જાતી...
અમારી ગજગજ ફૂલતી છાતી.

ભારત ઐક્ય; વલ્લભ જ શિલ્પી ખ્યાતિ,
વિશ્વ વિરાસત રાણકી વાવ મિરાતી,
શિલ્પ હસ્તકલા આજ હરખાતી...
અમારી ગજગજ ફૂલતી છાતી.

શ્વેત-હરિત ક્રાંતિ જનઉરે મદમાતી,
લોકકલા રમતી સજતી મેળે ગાતી,
મૈયા નર્મદા ઐક્ય સજાતી...
અમારી ગજગજ ફૂલતી છાતી.

સર્વધર્મ સમભાવ રંગ જગકલ્યાણી,
ગાશે ઉન્નતિ ગાથા જ ગુર્જર જ્ઞાની,
વિશ્વજનની ગુર્જર ઉર સુખદાતી...
અમારી ગજગજ ફૂલતી છાતી.

# વતનના વાયરા વર્તાય છે...

ચાલો ગુજરાત... ભાઈ માણો ગુજરાત
ઉરની કંદરામાં (૨)...
ગુર્જર ખમીર પડઘાય છે...
વતનના વાયરા વર્તાય છે...

ગઢ ગબ્બર ને પાવો
ઓલો ગિરનારી બાવો
ડાલમથ્થાનો ત્રાગો
રણ શરદનો લ્હાવો
કલાને કવિતાનો ટંકારવ થાય છે...
વતનના વાયરા વર્તાય છે...

ધન્ય! સંત શૂરા ને દાની
ગાંધી વલ્લભની ભૂમિ
તાપી નર્મદા ને મહી
નમું શ્વેતક્રાંતિની ભૂમિ
આઝાદીના ગીતે સાબર મલકાય છે...
વતનના વાયરા વર્તાય છે...

ટહુકે કોયલ વલસાડે
નાચ મોરલા પાટણે
વાગ ઢોલ ચૌટામાં
ઘૂમ ગરબા હૈયામાં
ગીત સંગીતથી ઝોળી છલકાય છે...
વતનના વાયરા વર્તાય છે...

સોમ શામળાની આણ
વિશ્વવિરાસતી શાન
છલકે બંધો ને ઘાટ
દોડો મેળાની વાટ
ગુર્જરીની ખૂશ્બુ લહેરાય છે...
વતનના વાયરા વર્તાય છે...

# સાવજ

[છંદ : શિખરિણી]

છટા તારી ભારી,
અરણ્યે ઊભો જો, ગિરિશૃંગ ચઢી, પુચ્છ ફણતો
ખુમારીથી હાલે, ભડ દબદબો, ત્રાડ ભરતો
ધરે શ્રીમંતાઈ, ગીર ગઢ મહીં, રૌદ્ર રણકે
રવે ઘેરો ગર્જે, વન મલકમાં, રાજ કરતો

રમે મસ્તી ભર્યાં, વનચર બધાં, ગેલ કરતાં
ધરી મીઠાં પાણી, તરસ છીપવે, ગીર ઝરણાં
ચિકારાં ચોસીંઘાં, મરકટ રમે, કુંજર લીલી
ઘટા વન્યે ઝૂમે,તૃણ હરિત આ, જાજમ ભલી

ક્ષુધા તૃપ્તિ ન્યાયે, કુદરત તુલા, કાળ ભરણી
શમે પંખી ટૌકા, તિમિર ક્ષિતિજે, મૌન કનડે
અને થંભે શ્વાસો, ન ખબર હવે, કોણ ખરશે
લપેટે અંધારાં, નીરવ રજની, કેફ ઘૂરકે

ભલા ડાલામથ્થા, મુગટ મહિમા, સાવજ ધણી
બલિષ્ઠી શૂરા ઓ, વિવશ શત્રુ સૌ, તું વનરથી

# રૂડી આઝાદી

લોક આંધી લઈ છાયા ગાંધી
મળી આઝાદી મહામૂલી
પાંચસો પાંસઠ થયા અખંડા
વંદે વલ્લભ ભારત મૂડી

ભૂમિ ભારતી, વંદે માતરમ
જયહિંદ એ શૌર્ય કહાણી
પંદર ઑગષ્ટ પર્વ પાવન
દઉં સલામી સ્વાભિમાની

સમય ચક્રનો શંખ ફૂંકાયો
ફરકે ત્રિરંગો દઈ હુંકારો
લોકશાહી નહેરુના સ્વપ્નો
નમું આજ લડવૈયા વીરો

નહીં ભૂલીયે સુભાષ રણકારો
હો 'જન ગણ મન' પ્રિય ભાષી
જાતિ ભારતી, ધર્મ માનવતા
પ્રગતિ પયગમ્બર હો આઝાદી

# ધન ધન અમે માત ગરવી

મળી આઝાદીને, જનજન ઉરે આશ જનમી
ધન ધન અમે માત ગરવી,
હવે માને ખોળે, વતન સજવા જાત ધરવી

ધરા લીલુડી ને, ખળખળ વહેતાં પાક ઝરણાં
પળપળ દિલે હેત ભરતાં,
અમે ધાશું જોમે, જતન કરવા ભાવિ વરવાં

સજાવીશું માને, હર ચમન ફૂલે અમનથી
નવયુગે તને કોટિ કરથી,
દઈશું સન્માનો, વચન વટ હામે હરખથી

અમે તારા કાજે, વિકટ પથડે જંગ લડશું
ધવલ યશથી રંગ ભરશું,
ત્રિરંગા ઓ મારા, ફરફર દિલે લાડ કરશું

થઈ ગર્વી ગાશું, અમર લડવૈયા શુભ દિને
ગદ્ ગદ્ થઈ ભાવ ધરશું,
રૂડી આઝાદીનાં, મધુર ફળનાં ભાગ્ય રળશું

# જય હિન્દ! જય તારો

આજ થનગને જોમ અમારું
સ્વાધિનતાનો નારો
ગર્વ ધરીને ફરક ત્રિરંગા
જય હિન્દ! જય તારો

શૌર્ય અમનને રંગ ધરાના
અંગ ત્રિરંગી શોભા
ચક્ર પ્રગતિનું દે સંદેશા
નિત ખીલશે રે આભા

કિલ્લા લાલે ઝીલ સલામી
કોટિ હસ્ત રણભેરી
સાગર, ડુંગર વ્યોમ સવારી
શિર સાટે બલિહારી

રાહ અમનની ચીંધે ગાંધી
યુગયુગની કલ્યાણી
રિપુ થયા તો ઊઠે આંધી
દેશદાઝની વાણી

વતન તણી હૈયે જ ખુમારી
ઋણ ચૂકવશું ધરાના
મા ભારતના ભવ્ય લલાટે
ધરશું યશ અજવાળા (૨)

# ફરફર ફરક ત્રિરંગા...

જોમ હામ સમર્પણ લહરે
ફરફર ફરક ત્રિરંગા
જશ્ન ગૌરવ તું આઝાદીનું
ગાય હિમાલય ગંગા

પુણ્ય સ્મરણીય વંદન અમારા
ક્રાંતિકારી લડવૈયા
લોકશાહી જનશક્તિ જ્યોતિ
કોટિ બાહુ રખવૈયા

પર્વત સરિતા સાગર ધીંગા
નવયુગ દર્શને ઝૂમે
તીર્થ ભૂમિ જ મા જગકલ્યાણી
સબરસ થઈ એ ઝૂમે

ગાંધી પથ છે માનવતાનો
સર્વધર્મ સરવાળો
શ્રમ આદર એ સૌરભ જગે
દેશ ઝૂમે નિરાળો

ચંદ્ર મંગલની વાત જ કહી
ફરફર ફરક ત્રિરંગા
સાત સૂરોની સંગમ ભૂમિ
જન જન ઉર ઉમંગા

# શિર સાટે સોગંદ અમારા

શિર સાટે સોગંદ અમારા, પાવન હિમાલય ગંગા
નહીં ઝૂકીએ ન ઝૂકવા દઈશું, તારી શાન ત્રિરંગા...

વિશ્વ ધરોહર ભૂમિ અમનની, કેસરીયાળી ક્યારી
ભારતની એ અમર સંસ્કૃતિ, ઝૂમે હરિયાળી પ્યારી

લાલ કિલ્લાએ શોભે કેવો, અમર યશ સહભાગી
સુજલા સુફલા ધરા મંગલા, ધન્ય અમે બડભાગી

લઈ સંદેશો ભારત ભોમનો, ચંદ્ર ભૂમિએ ફરકે
ઝીલી સલામી કોટી બાહુબળી, આજ ત્રિરંગો હરખે

નીલવર્ણું ચક્ર અમારું, પ્રગતિ તણું પયગમ્બર
જયહિન્દ જયઘોષ બુલંદી, ગાજે સપ્ત સમંદર

ધરી હામ લડશે લડવૈયા, જય જય જોમ અમારું
ધૂળ ચાટશે આતંકી ઓળા, સ્વાભિમાન ત્રિરંગા તારું

નહીં ઝૂકીએ ન ઝૂકવા દેશું, રંગ ધરશે રખવાળાં
નહીં ભૂલીએ બલિદાનો વીરા, અમર જ્યોત અજવાળાં

# ઝૂમે વ્યોમે ત્રિરંગો

છંદ-સ્ત્રગ્ધરા

સંગ્રામે મુક્તતાના, અમર યશધરી, ભેટ દીધી સુભાગી
ઝૂમે વ્યોમે ત્રિરંગો, ફરફર ફરકી, ધન્ય મા ભારતી તું
પ્રજાસત્તાક ભોમે, સુરભિત કુસુમે, વાયરા હેત ઢોળે
ઝીલી તોપો સલામી, દૃઢ જન ઉરમાં, ગૌરવી શોભતી તું

ઝૂમે ખેતો જ ધાન્યે, વનવન લહરે, ગાય ગીતો સરિતા
ભંડારા માત ખોળે, સુધન વતન આ, શોભતો દેશ શાખે
ઊડે કેવા વિહંગો, હરખ સભર હો, શાંતિ સંદેશ દેતા
આઝાદીના ઉમંગો, નવલ ક્ષિતિજમાં, ભાવિના ભેખ ભાખે

શિક્ષા પામી યુવાનો, હરણ ચરણથી, ઝીલતા જ્ઞાન આભા
ખૂલે સીમા અનંતા, પરહિત સુખમાં, રાચવું એજ નારો
સેનાની કોટિ હાથે, નભ જલધિ તટે, સંકટો જાય આઘા
ઉત્સવો એજ પૂંજી, શિલ અમન તણા, ભાવના ભાતૃચારો

દે જે તું જોમ ધૈર્ય, જય જય કરવા, શાન તારી ત્રિરંગા
વંદીએ જન્મભોમા, પુલકિત મનડે, માવડી ઓળઘોળ

# મુક્તિ પર્વ

હર ઉર જલી એક ચિનગારી
રચ્યા ઇતિહાસ જ યશકારી
સ્વપ્ન ઉમંગ સંકલ્પ સવારી
ઝીલે જયઘોષ લાલ અટારી

મુક્તિ પર્વ પંદર ઑગષ્ટી
ધન્યધન્ય! વદે નર-નારી
સર્વધર્મ સમભાવ ઉમંગે
દે શાખ જ ગંગા યમુના વારિ

ભૂમિ કાશ્મીરથી કન્યાકુમારી
ફરફર ફરક જ ગગન વિહારી
ગાંધી ભૂમિ, નમે વિશ્વ જ ઉર
તું મઘમઘતી માનવતાની ક્યારી

સદી વીસમીનો તું ભાગ્ય વિધાતા
લખશે વિશ્વ જ ત્રિરંગી કહાણી

# ભોમ અમારી અમે તો ભોમના

જનશક્તિની વિરાટ ચેતના
અહિંસાથી અજવાળી
દેશે દેખી આ ગાંધી પેઢી
વતન કાજે મતવાલી

આઝાદીના અમર લડવૈયા
ધરી ભેટ મહામૂલી
ગાશે જયઘોષ આ હિમાલય
નવયુગી હશે નભલાલી

ભોમ અમારી, અમે ભોમના
રમે રણકાર જ ઉરે
ત્રિરંગો આંચલ ઐક્યતણો
યશોધરો થઈ ઝૂમે

છે આંખે સ્વપ્નો વ્યોમ મંડલા
કળા જ્ઞાને જગ ગાશું
સૂરજની શાખ દેશું સાગરે
થઈ મેઘો વિખરાશું

શ્યામલ આ ભ્રષ્ટતાની ઓથમાં
લપાયો રે જન સૂરજ
આજ પડી હાકલ વીરા જાગજો
ધરે ગર્વ હિંદ ગુંબજ

# વિકટ હોય કેડી ભલે

[છંદ : પૃથ્વી, સૉનેટ]

સજે ગગન યામિની, રૂપલ ભવ્ય તારે મઢી
ગૃહે ટમટમી દીવા, હરખ આશ સંગે જલે
કરું જ સરવૈયું રે, જીવન ગાન પોથી તણું
વધાવું નવલી પ્રભા, વિકટ હોય કેડી ભલે

ધરી અવનવા રૂપો, ઋતુ રમે ધરાએ હસી
સંદેશ શત સૃષ્ટિના, બળકટી જ ખીલે સજી
કરું સ્મરણ પાર્થનું, વિજય ના મળે સંશયે
ધરોહર મળી મને, સ્વબળથી રમું આ જગે

ભલે ઝરણ નાનકું, મિલનનો મહિમા ધરે
સંઘે સતત ચાલતાં, અક્ષય સાગરોએ ભળે
દઉં ડગ પથે ધરી, હરખ જોમ હૈયે મહા
રમું બુલંદ હાકલે, ઝળહળે જ કીર્તિ નભે

રમી ગગન મધ્યમાં, ઝગમગું થઈ તારલો
લખે વતન વારતા, અવતરી ગયો કાનુડો.

# હિમવર્ષા

[છંદ : સુવદના]

થીજાવી હાડ સૌના, રમતું ગગન આ, ધૂમ્ર દીસતું ને
બર્ફીલી શ્વેત ટોચે, રૂપલ કિરણ તું, શોભે મનહરા
વૃક્ષોની શાખ દૈવી, નવલ પુનિત આ, ઝૂમે ખુશનુમા
મેઘાવી આ તપસ્વી, રૂપ કુદરતનું; તંદ્રિત વરવું

# હિમલહરમાં...

[છંદ : શિખરિણી]

અરે! છુપાઈ ક્યાં તમ પ્રખરતા દેવ સવિતા!
ધરા શોધે ઉષ્મા, તમ વિણ નભે ખેદ પ્રસરે.
કસોટી ભારે આ, ઋતુ બદલતી નિત્ય ધરતી!
સરે નીચે ઉષ્મા, હિમલહરમાં, કાય થથરે

છવાયા માર્ગો આ, બરફ ઢગલે, સ્તબ્ધ દુનિયા
હિમે છાયી પૃથ્વી, ધવલ પટને, વૃક્ષ ધવલાં-
થયાં કેદી સર્વે, વીજ પણ રૂઠે, પંગુ સરીખા
ઠરે ધીરે ધીરે, સરવર બધાં, પાક સઘળાં

"પહાડો શા દીસે 'પશુપતિ સમાધિસ્તસમ" હા!"
કરી દેતાં આંખો સજળ, અવ શી ધન્ય વસુધા!
હવે જ્યારે વ્હેશે વિમલ જલ, આ સૂર્ય તપતાં,
લહેરાશે વાડી, શતશત રૂપે ધૈર્ય ધરતાં!

મહા શક્તિઓથી, ચતુર પ્રભુ તું, શ્રેય સજતો
ખુશી પામી હૈયે, ગગન ભરશું, ક્ષેમ ધરજો

# નામ એનું વસંતી...

[છંદ : મંદાક્રાન્તા]

આવી રે આ, ઋતુ રૂપલડી, નામ એનું વસંતી
ઝૂમે જોને, પરિમલ સજી, અંગ લીલાં સુગંધી
ખીલે સોળે, કુદરત રૂડી, ઘૂમતી વન્ય રંભા
કેવાં શોભે, કુસુમ ભરણાં, સૌરભી ધન્ય રંગી

આવો પંખી, ષટરસ ફળે, સ્વાગતો છે સુભાગી
વ્હાલાં લાગે, કલરવ વને, ગીત છેડો ઉરેથી
બાંધી માળા, રમત રમજો, બાલ સંગે વિહંગો
કે વા મીઠા, ઉરલ ટહુકા, ને લચે સૌ સુખેથી

દે સંદેશા, છૂપલ ટહુકા, ગાવ ને ગીત સાથે
આશ્લેષે આ, હરખ ધરતું, કોણ આ પ્રીત ઓથે
હૈયાં ઝૂમે, નયન ઉભરે, મસ્ત મસ્તી સજેલાં
શ્રેષ્ઠા શોભે, મઘમઘ થઈ, વિશ્વ આખું નવોઢા

ભાવોલ્લાસી, હ્રદય સરસી, વાહ વાત્સલ્યધાત્રી!
વાસંતી ઓ, સુરભિજડિતા, મગ્ન ડૂલ્યો હું યાત્રી

# વસંતે કલશોર કર્યો ભાઈ...

વસંતે કલશોર કર્યો ભાઈ, વાયરે વગડો ઝૂમ્યો
ઋજુ રતુંબલ સંદેશા લઈને, ટહુકો વનપથ ઘૂમ્યો..
...ઘૂમ્યો... વનપથ ઘૂમ્યો..

કુસુમ કટોરા ભમ્મર ભમતા, છલકંત સૌરભ ડેરા
વહેતા મદમાતા વાયરા વદતા, આજ વાસંતી મેળા..
...મેળા... વાસંતી મેળા

ફાગે આ ફાગણ ચૈતર ચીતરે, પાવન રંગ પરોઢી
તરુવર વનચર પંખી હરખે, રમે છૂપાછૂપી ઓઢી..
.....ઓઢી ....છૂપાછૂપી ઓઢી

વસંતે વસુધા મા ભરતી સુધા,કેસૂડો મલકે વાટે
ફૂલ મુલાયમ ઝાકળ ભીંના, સ્નેહની છાંટું છાંટે..
...છાંટે... છાંટું છાંટે

મસ્તી ભર્યો મનમોર મસ્તાનો, નાચે રસીલો ઢોલે
વ્હાલ વેલીના આ વીંટળાઈને, વાલમ વાલમ બોલે..
....બોલે... વાલમ બોલે

વત્સલ વિહંગો હૈયાં ગૂંથે, સંગીત છેડે ધીરે
મધુર સ્વરના વનના પાવા, આશિષ રમે શિરે..
...શિરે... રમે શિરે

વાહ! વાસંતી સરપાવા સલૂણા , રાજી વનરાજી ઝૂમે
રમે નટખટ વાયરા ઘેલૂડા, જોબનિયું સોણલે ઝૂલે...
...ઝૂલે... સોણલે ઝૂલે

## આટલું વ્હાલ કેમ ઢોળે?

ઝૂમી ઝૂમી ફૂલડે એ શું ખોળે?
        સખી, વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?

ઉપવને ઓઢ્યા છે રંગ
પવનને પારણે ઝૂલે ઉમંગ
સખી, હૈયાનાં ગીત કેમ દોડે...
        વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?

હળવે હળવે કોણ વરસે
શ્રાવણમાં મન કેમ તરસે
સખી, શામળો મેઘલો શું ઝબોળે?
        વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?

ગમતી રમતી ચાંદની રૂપાળી
હસતી માણતી સાગર સવારી
સખી, રૂમઝૂમ નાચંતી લહર શું ભાળે?...
        વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?

સૌરભ શમણે ખીલે વસંત
યૌવન રમતું થઈને મદમસ્ત

રંગભરી પિચકારી રાધાજી બોળે
કાનજી, વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?
મારું મનડું લળી લળી કોને ખોળે....
        સખી વાયરા આટલું વ્હાલ કેમ ઢોળે?

## મીઠડાં સ્વાગત થશે...

ન્હોતી ખબર મને કે, હશે આટલી સુંદર પ્રભા
ઝાકળ ઝીલેલાં ફૂલડે, મીઠડાં સ્વાગત થશે

ખીલી છે આજ વાયરે, વ્હાલથી આ વસંત
મખમલી કુદરત ખોળે, રૂપલડાં સ્વાગત થશે

વરસાવું આજે વ્યોમને, વ્હાલથી વાદળ વિના
ઊતર્યું ગગન ક્ષિતિજે, સુખલડાં સ્વાગત થશે

માંડું નજર બધે ને, ભરું મીઠડી યાદ હૈયે
છે ખુશ કોઈ ઓ ‘દીપ’, સજનડાં સ્વાગત થશે

# પંખીડાં ને મેળે રે લોલ

હરખે હાલી હું સરોવર પાળ
આભલે રંગો રમાડે રવિરાજ
ગગનનો ખોળો ભરે રે કલશોર...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

લીલુડા પોપટ રમે લીલુડે પાન-
છૂપાછૂપીના વ્હાલા કોયલના ખેલ
ભીના ટહુકે કોક બોલાવે રે લોલ...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

રે મજાની, સારસ સારસીની જોડ
જીવતરનાં ગીતનાં મીઠડા રે તોડ!
શીખવે પ્રભુ જ કેવા પ્રેમના રે તોલ...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

ટહુકે મોરલા કરી વાંકલડી ડોક
મોરપીંછે શોભે કોઈ ગોકુળનો લાલ
થનગનતા મોરલા, છોને વાગે ના ઢોલ...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

મસ્ત મસ્તીથી રમે ફફડાવી પાંખ
સ્નેહભરી રતુંબલ એની રે આંખ
ઘૂ ઘૂની શાખે વદે સાગરના બોલ...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

કલબલી કાબરના કર્કશ રે શોર
ડૂબી જળકૂકડી હાલી લેતી હિલોળ
'આકાશદીપ' લૂંટે લ્હાવો અણમોલ...
આજ મારે જાવું, પંખીડાં ને મેળે રે લોલ.

# પણ ઓલા વાયરે વાત ઉડાડી...

રંગ રૂપે મઢી; હું ગુપચુપ જ બેઠી
પણ ઓલા વાયરે વાત ઉડાડી
કે... વનરાજાની પટ્ટરાણી પધારી

છૂપાછૂપી ખેલતી કોયલ બોલી
સાંભળજો... હું તો જાનમાં જઈ આવી
ને ભારે કલશોરમાં હું લજવાણી
...રૂમઝૂમ વાયરે આ વાત ઉડાડી

શર્મિલા પતંગિયા મલવા જ આવ્યા
રંગભરી જ જાજમ અમે બિછાવી
ફરફર ફરકંતી મંજરી હરખાણી
ને...નટખટ વાયરે વાત વેરાણી
કે... વનરાજાની પટ્ટરાણી પધારી

આ પગલા જ તારાં ધરે ખુશહાલી
વાહ! ભલી જ વ્હાલની વેણુ તેં વગાડી
ઓલા વાયરે.....
મનની વાત જન વન ઉરે જગાડી
કે... વનરાજાની પટ્ટરાણી પધારી (૨)

## ફાગણના વાયરા વાયા....

કેસરિયો ઘડૂલો મારી કાયા
ઓલા ટહુકાના સાદ મને ભાયા
        સહિયર મોરી, ફાગણના વાયરા વાયા

ડાળ ડાળ બેઠેલાં પંખીડાં બોલ્યાં
નજરોનાં નૂર કેમ ખીલ્યાં?
લાગી છે દલડાંને માયા
        સહિયર મોરી, ફાગણના વાયરા વાયા

હળવેથી દે સાદ મારી સાહેલી
કોના સપનામાં સાચે ખોવાયાં?
જોને ઝૂલતાં ફૂલડાં શરમાયાં
        સહિયર મોરી, ફાગણના વાયરા વાયા

ઢોલ વાગ્યા ને પાદર હરખાયાં
મસ્ત મુખડાં નવોઢાનાં મલકાયાં
રાધા કાનજી દલડે દેખાયા
        સહિયર મોરી, ફાગણના વાયરા વાયા

ઝૂલતી શાખે મહેકતી મંજરી
હોળીના ગુલાલે નજરુંની ખંજરી
ફાગે જોબનિયાં ઝબોળ્યાં
        સહિયર મોરી, ફાગણના વાયરા વાયા

# કે વાયરા વાયા ફાગણના...

અંતરમાં આવી કોઈ હરખે છુપાયા
રંગીલા ફાગણના વાયરા રે વાયા
સહિયર મોરી, ટહુકાના સાદ મને ભાયા
                    કે વાયરા વાયા ફાગણના

આ મહોર્યા વગડાને અંગ રંગ
ખીલતી કુદરત ઢોળે રે ઉમંગ
વાઘાં સજે કેસરિયાં કોણ?
          કે વાયરા વાયા ફાગણના

મોગરા મઘમઘ શોભે શ્વેત અંગ
ફાગણિયા ઝોલે ઝૂમે રસ રંગ
કોણ ટહુકે છુપાઈ વગડે?...
          કે વાયરા વાયા ફાગણના

રંગભર્યાં સપનાં માંડે સુવાત

કોણ આ વ્હાલું થઈ ચીતરતું ભાત?
લાગ્યાં રૂપ વાસંતી સોહામણાં...
          કે વાયરા વાયા ફાગણના

ખીલશું રે અમથા સૌરભ ઝીલતા
છેડશું રે વગડે ગીતો જ ઉરના
કોણ નચવે યૌવન આંગણમાં?...
          કે વાયરા વાયા ફાગણના

આવો વગાડો ઢોલ ધબકતાં...
          કે વાયરા વાયા ફાગણના (2)

# ઓ ચૈત્ર સુદની...

[છંદ : સુવદના]

પ્યારું પંખી ટહુક્યું, અનુપમ સુખદા, છે વર્ષ નવલું
વાસંતી વાયરાઓ, લહર ખુશનુમા, ભંડાર ભરતા
વર્તે માંગલ્ય હૈયે, શુભદિન જ ગુડી, ચૈત્રી જ પડવો
લાગીને માત પાયે, નવનવ રજની, પ્રાથુ અભયદા

ઝૂમે છે મીઠડી આ, ઋતુ સુમનધરી, પ્રસન્ન મન આ
ઝૂલે વૃક્ષો ફળોથી, ખગશિશુ ચહકે, વ્હાલે મખમલી
પ્રગટ્યા રામજીને, અવધ જ પુનિતા, દૈવી યુગકૃપા
સીંચ્યા સંસ્કાર જીવે, સુદતિથિ નવમી, ને ધન્ય ધરણી

ચિરાયુ શું વખાણું, શતશત મુખથી, એવા બલયસી
ભેટ્યા શ્રીરામજીને, યુગયુગ હરખે, ઓ કષ્ટહરણી
ખીલે લાલી ધરીને, કનકસમ નભે, આ સૂર્ય તપતો
છે ભાગ્યે પુણ્યવંતો, સ્તવન જ ગરબે, ઓ ચૈત્ર સુદની

# પાનખર

[છંદ : હરિણી]

પવન ખરવે, વાઘા મારા, વળી હરખે હસે
જગત મમ આ, દીસે ક્ષોભી, અકારું રડે દિલે
તરુ વલવલે, નિષ્ઠુરી છે, તું પાનખરા જગે
મધુર ફળનો, દાતા ઊભો, વિષાદ ધરી તને.

## પાનખર અવસરા

સૂની ડાળો ને માળ રે સૂના આ
રૂસણે ચાલ્યા આ લીલુડા શણગાર
શિશિરા દીઠા રે વાયરા વૈતાળ(૨)

વાસંતી રંગે ખૂબ ખીલ્યાતા ને,
કલરવ ઝીલ્યાતા હરખતાં દિનરાત
કોની તે લાગી આ કાળી નજરું રે?
ખરતાં પાન રૂએ સૂકવે થડ ડાળ

તપમાં બેઠા શિખરો જ ઓઢી હિમકણ,
ફૂંકે પવન હિમાળા ઠારતા રે ગાત્ર
ભાગ્ય રૂઠે તો ક્યાં રે જઈ જ કહીએ?
પીળાં પાંદડા રઝળે ખરી વનવાટ

દીધાતા જ પ્રસાદો લળી જગ આખે,
ભર્યાતા ઔષધિના અમે જ ભંડાર
છે વગડાના વિરલા અમે ખમતીલા,
જગ સેવાના રળ્યા ભાગ્ય જ બળવાન

જાણી પાનખર, તું છે ભલી જ અવસરા,
કણકણમાં જાશું રે અમે જ સમાઈ
ખીલવું ને ખરવું એ સદા ભાગ્યમાં,
વાળી ઋણ સવાયાં, ધન્ય! કરી પુણ્ય કમાઈ

# ગ્રીષ્મ

[છંદ : સ્ત્રગ્ધરા]

ગ્રીષ્મ ગ્રીષ્મ ધખંતો, બળબળ જ થતો, ધોમ ને ભોમ રોળે
વૈશાખી વાયરાઓ, વહંત અનલસા, શેકતા ગાત્ર ગાળે

સૂકા ભેંકાર ખેતો, સરવર પટતો, ખાય ચાડી વગાડી
ભૂલી માર્ગો તરસ્યા, વનચર રખડે, શોધતા પંક ક્યારી

આકાશેથી વછૂટે, કિરણ જ રવિનાં, તીવ્રતો ખંજરોસા
ત્યાં ખીલે એ ખુમારી, પથ પથ લહરે, લીમડા શાત દેતા

ઝીલી આ તાપ રંગે, ખુશ ગુલમહરો, ઝૂમતા ગાય ગાથા
આવો ગાવો પક્ષીઓ, હરખ ઉર મહીં, ઝૂલજો છે પરીક્ષા

પુણ્યથી ધન્ય બાપો, પરહિત વગડે, ઘૂમતો આશ સાથે
ને પ્રાથે એ તપો રે, ગગન ઉભરશે, વાદળો ગાજશે રે

પાકી ઝૂમે જ જોને, મધુરસ ભર રે, રાયજાદા જ કેરી
બોલાવે લોકમાતા, ઋતુ ફળ ધરવા, છે ભરી વેલડીઓ

છે શક્તિ ધન્ય તારી, ધખ-ધખ રવિનાં, ઝીલતાં તેજ તીખાં
સંતાયે સૌ જ છાંયે, તન જ તપવતો, ખેતરો જાય ખેડી

# ધન્ય છે મેઘરાજા

[છંદ-સ્રગ્ધરા]

કાળાં ડિબાંગ ઘૂમે, રૂપ અવનવલાં, ગાજતાં ઘોર નાદે
છુપાયો સૂર્ય ઓથે, પણ તન તતડે, બાફલો અંગ અંગે
પોકારે જીવ સર્વે, ધરણ ધખધખે, આવ દોડી પધારો
ધીરેધીરે છવાયો, ગગન ગજવતો, મેઘલો વાયુ સંગે

ઝીલો દોડી હું આવ્યો, ફરફર ફરણે, ભીંજાજો ભાવ ભીના
ખૂશ્બુ છૂટી ઉરેથી, મિલન પરિમલે, વ્હાલ વેરે ધરામાં
ઝીલે પુષ્પો રૂપોથી, તરબતર ધરા, સપ્ત રંગો સુહાણા
ઝૂમે વૃક્ષો લળીને, મન વન ટહુકે, ધન્ય છે મેઘ રાજા

ભવ્ય દીસે તટો એ, નયન મન હરે, લોકમાતા સુભાગી
તોડે એ ભેખડોને, નવયુવતી સરખી, જોમથી જાય વેગે
ઝીલી આ વેગ હૈયું, ઝરણ સમ રમે, વાત માંડે મજાની
લાગે ભીનાશ વ્હાલી, પુલકિત મનડે, ગીત કોઈ જ ગોતે

વર્ષા તારી કૃપાથી, કુદરત સજશે, વૈભવે દાન દેશે
મા મેઘાની ઉદારી, શત સુખ ઋતુઓ, ઝીલશું પાય લાગી

# આવ રે મેઘા

દશે દિશાએ વાયુ વાયે
કાળાં ડિબાંગ વાદળ ઉમટે
અંબર ગાજે, વીજ ઝબૂકે
ધરતીનો ધબકાર પુકારે...
        આવ રે મેઘા મારે દ્વારે(૨)

કેવો વરસે...
ઝરમર ઝરમર ધારે વરસે
વાયુના વીંજણાએ વરસે
આસમાનથી ત્રાંસો વરસે
સાંબેલાની ધારે વરસે
રાજાશાહી ઠાઠે વરસે
        ...આવ રે મેઘા

અષાઢે આખેઆખો વરસે
શ્રાવણે ઝરમરિયો વરસે
પારેવાની પાંખે વરસે
મોરલાને કંઠે વરસે
ભૂલકાંની સંગાથે વરસે
        ...આવ રે મેઘા

કેવો વરસ્યો...
પર્વતની ટેકરીએ વરસ્યો
ઊંડી ઊંડી ખીણે વરસ્યો
ભેખડો તોડી ને વરસ્યો
ગામ-શહેરની વાટે વરસ્યો
સૃષ્ટિ માટે દોડી વરસ્યો
        ...આવ રે મેઘા

માનવની શ્રદ્ધાથી વરસ્યો
ચાતકના પ્રેમે એ વરસ્યો
મોરલાના નાચે વરસ્યો
નવોઢાના સાદે વરસ્યો
ધીંગી ધરાને કાજે વરસ્યો
...આવ રે મેઘા

કેવો છલક્યો કેવો મલક્યો...
સરોવરને કિનારે છલક્યો
બંધતણા દરવાજે છલક્યો
નદીઓના કાંઠાએ છલક્યો
ગામોની વાટો એ છલક્યો
દિલ દઈ ડેલીએ વરસ્યો
....આવ રે મેઘા

ડાંગરની ક્યારીએ મલક્યો
ઊંચા ઊંચા તરુએ મલક્યો
મોતી થઈ પાંદડીએ મલક્યો
વાડતણા વેલાએ મલક્યો
વહાલો મારો લીલોછમ મલક્યો
...આવ રે મેઘા

ગરીબોના કૂબાએ મલક્યો
ખેતરે મોલ થઈ મલક્યો
ખેડૂતોના અંતરથી મલક્યો
વેપારીની વખારે મલક્યો
વાહ ધરણીધર કેવો મલક્યો
...આવ રે મેઘા

કેવો ચમક્યો કેવો મહેંક્યો...
મેઘ ધનુષના રંગે ચમક્યો
ચાંદલિયાના જળકુંડે ચમક્યો

પંકજની પાંદડીએ ચમક્યો
સાગરની સેજે રે ચમક્યો
મંદિરના શિખરીએ ચમક્યો ...આવ રે મેઘા

ધરતીની ખૂશ્બુ થઈ મહેંક્યો
મોરલાના કંઠડે ગહેંક્યો
શ્યામલ રૂપ ધરીને છલક્યો
ખીલતા યૌવનથી મલક્યો
ભક્તિની શક્તિથી ખૂબ ઝબૂક્યો
... આવરે મેઘા

ગાજતો રહેજે, વરસતો રહેજે
દશે દિશાએ દોડતો રહેજે
વરસે વરસે ભીંજાવતો રહેજે
સૃષ્ટિને સજાવતો રહેજે
મેઘાડંબર ગજાવતા રહેજે... ગજાવતો રહેજે
વહાલા મેઘા આવતો રહેજે
... આવતો રહેજે

# રે જ અમે નટખટ કાનુડાની જાત....

હું તો મેહુલિયો
રંગે શામળિયો
અટખેલી વિનોદી રે અમ પંચાત
રે જ અમે નટખટ કાનુડાની જાત

ભણ્યા પાઠ કાનજીના
ગાજ્યા પણ વરસ્યા ના
દોટે દોડાવીને હસીએ રૂડી ભાત
રે જ અમે નટખટ કાનુડાની જાત

વાગે વાંસલડી
ગાજે આભલડી
થનગન નચીવીએ મોરલા દિન-રાત
રે જ અમે નટખટ કાનુડાની જાત

એ ફોડે માટલિયું
હું ધરું લપસણિયું
પથપથ વેરીએ વ્યંગની સૌગાત
રે જ અમે નટખટ કાનુડાની જાત

હૈયાના આ લાડ
વ્હાલપના પાઠ
ધરણીની સોડમની ભૂલશો ના વાત
રે જ અમે નટખટ કાનુડાની જાત

# છે ચોમાસાની ભાતું......

કોણ વરસતું? કેમ વરસતું?
એ અચરજ ના સમજાતું
ઝીલ્યું જ્યાં આ ઝરમર ઝરમર
દોટ જ દે ધસમસતું
સોળિયું સગપણ કેમ વલવલતું ...ના જ મને સમજાતું (૨)

કોણ ફરફરે હાથ ધરું ત્યાં?
મખમલિયું શરમાળું
મૌસમ છેડે ભાવ ભરીને
કોણ ઝૂમતું ટહૂકતું? ...ના જ મને સમજાતું (૨)

કોણ વરસતું બંધ નયનમાં?
છબછબિયે છલકાતું
ભીતર પિપાસા દે સંદેશા
કેમ નભ દીસે મદમાતું? ....ના જ મને સમજાતું (૨)

સાગર લહેરોના સરવાળા
હજુય ગણવા અધૂરા
કેમ કરીને આ ગણવી ફરફર
કોણ કળશે આ ભોળી વાતું ...ના જ મને સમજાતું (૨)

વરસ્યા છો તો થાવ જ રેલો
છે ચોમાસાની ભાતું
લીલું ભીનું સૌને ગમતું ...આજ મને સમજાતું (૨)

કોણ વરસ્યું? કેમ વરસ્યું?
ધસમસતું ધખધખતું.
આજ ટહુકતું સમજાતું
કોણ એ મદમાતું (૨)

## ગગન શરદનું

છંદ-સ્રગ્ધરા

ધીરે ધીરે ઢળે રે, ગગન શરદનું, સાંજ લાગે સજીલી
ડોકાયો ચાંદ ગોરો, ધવલ રૂપલ એ, વ્હાલ ઢોળે ઉરેથી

શ્વેતાંગી પાવની એ, મનહર સરિતા, વૈભવી દર્શની એ
હૈયાં ઝીલે સુધાને, પરિમલ મધુરો, સ્નેહથી ભીંજવે રે

રેલાયે રેત પાટે, ગગન ઘટ અમી, ચાંદની રૂપેરી
ઊઠે જોમે લહેરો, જલધિ જલ રમે, વિંટતી સ્નેહ વેલી

વ્યોમે છાઈ મજાની, ઋતુ શરદ ભલી, રાતડી પૂર્ણ રાણી
ઝૂમે વૃક્ષો રમંતાં, કુદરત હરખે, વાહરે આ ઉજાશી

શોભે તૃપ્તિ ભરીને, શરદ જન ઉરે, અમૃતાની કટોરી
કાલિન્દી રાસ લીલા, શરદ ઉજવણી, બંસરી કોણ ભૂલે?

# આવી જ દીપાવલિ...

[છંદ- શાર્દૂલવિક્રીડિત]

ખીલી છે રજની નભે ઝગમગી, તારે સુહાની મઢી
ને દીવા ઝબકે ગૃહે ઝળહળી, આવી જ દીપાવલિ
દેજો ભાવ ભર્યા રૂડા ઉમળકા, ઉજાશ પર્વે દિલે
વર્ષાન્તે સરવૈયું હાથ ધરજો, લાભ્યા તમે શું જગે
સંદેશા મંગલા નવા વરસના, ઐશ્વર્ય પામો મહા
ઊષ્મા સાથ વધાવજો જ હરખે, લેતાં જ ઓવારણાં

# આવી દુલારી દિવાળી

ભરી ઉમંગની થાળી
આવી દુલારી દિવાળી

ઘર અને મન કર્યું સાફ આજ વાળી
શોભે છે ચોક ધરી સાજ રંગોળી
હૈયા ને હોઠે હો ઉજાણી
આવી દુલારી દિવાળી

ઝૂમતાં તોરણે, તૂટતા મનડાનાં ભારણ
છૂટતા વેરઝેર ને સબરસનાં ધારણ
અન્નકૂટની લેજો થાળી
આવી દુલારી દિવાળી

ઘરના ટોડલે; મન કેરા ગોખલે
પ્રગટતાં અજવાળાં અંતર- દીવડે
ફોડે ફટાકડા ટોળી
આવી દુલારી દિવાળી

ધન-ધાન્યથી છલકજો ઘરઘર
નવલ પ્રભાતે વધાવું રે શ્રીધર
ખુશીઓથી ભરજો ઝોળી
આવી દુલારી દિવાળી

## હું ને પતંગ

પતંગને ઊડવું ગમે
ને મને ઊડાડવું ગમે
નખરાળો પવન આવી સતાવે તને
મનગમતા પૅચ લપટાવીએ હવે

નીરખતું ગૉગલ્સમાં કોઈ તને
દૂરથી જોઈ કોઈ લોટાવે મને
એક આંખવાળો પાવલો સતાવતો ભલે
હાલને મજિયારો આનંદ લૂંટીએ જગે

ઓલો વિદેશી ઢાલ; તને હંફાવી હસે
ને તારી જબરી શ્રીમતી લોટાવે મને
હળવેથી અમદાવાદી ખેંચ માર તું છાનીછાની
ખાઈ માલપૂડા; ખખડાવ થાળી ખાલી ખાલી

દાદા-દાદી; જરા કાઢજો ને ગૂંચ
સુરતી દોરીની મોટી છે લૂમ
લાગે ઉત્તરાયણ આજ વહાલી વહાલી
ભરીએ; ઊંધિયા જલેબીથી મોટી થાળી

ચગી આકાશે અમે દેઈશું સંદેશ
દાદા સૂરજ હાલ્યા મકરને દેશ
પતંગની સાથ જામ્યો હૈયે કલશોર
ઘરઘરનો દુલારો ઉત્તરાયણનો ભોર

# રે વધાવો પંચમ વસંતની...

પવન પમરાટે વાગી પિપૂડી
ટહુકે કોયલે રે વાત છેડી,
મને જાદુઈ છડી એક જડી
...રે વધાવો પંચમ વસંતની

ત્યજી ધરાએ શિશિરી ઠૂંઠવાઈ
ને વનવેલી મઢતી અંગડાઈ
લૂંટાવતી... ઉલ્લાસ વનપરી
...રે વધાવો પંચમ વસંતની

વનપર્ણ ઝૂમતાં રતુંબલ લીલાં
છાનાં-છપનાં જ હરખે રસીલાં
ઉરની છેડે... મદન મસ્તી જ
...રે વધાવો પંચમ વસંતની

મીઠી નજરુંનું કલરવ મધુરું
ને ભાળ્યું ભરચક જ કેસૂડું
કોણ ભરે.. અંગે વ્હાલ તાજગી
...રે વધાવો પંચમ વસંતની

ભરી ખૂશ્બુ; આ જોબનિયું છલકતું
રે મત્ત મંજરીમાં કોઈ મલકતું
ભાળી ઉમંગી... મૌસમ આ પ્રીતની
...રે વધાવો પંચમ વસંતની (૨)

# ત્રિપથગા

તમે રે દયાળુ દેવ શિવજી
જગ કલ્યાણે જટાએ ઝીલ્યાં ગંગ
ભગીરથનાં ફળ્યાં રે તપડાં
ત્રિપથગાએ પાવન કીધાં ધરણી અંગ

મંગલ સુમંગલ દીસે ગંગોત્રી
જેઠ સુદ દસમે દશહરાએ દીધાં દર્શન
તમે રે ગંગાજી પુનિત પાવની
તમારે તટે ખીલ્યાં રે તપોવન

હરિદ્વારે ભાવે ઉતારીએ આરતી
તમારે શરણે થાય સુખિયાં જીવન
ગાય; ગીતાજી ને ગંગાજીને નમીએ
કળિયુગે મહિમા તમારો રે મહાન

દીપમાળાઓની અમી આંખે રે ઝીલીએ
અલકનંદા મંદાકિની મનભાવન પુનિત
પાવન સ્નાને વહી જાય જ દુઃખડાં
પશ્ચાતાપની ડૂબકીથી જીવન થાયે ચકિત

ત્રિવેણી સંગમનાં દર્શન આ રૂપડાં
ધન્ય! ભાગ્ય ખીલ્યાં રે ભરત ક્ષેત્ર
ગંગા સાગરે વગાડે વીણા વિવેકાનંદજી
હરહર ગંગેથી રાજીપો રળીશું ત્રિનેત્ર

તમે રે દયાળું દેવ શિવજી
મંગલ સુમંગલ દર્શન દીસે પાવન
હર હર ગંગે, ગંગાજી પુનિત પાવની
કરજો સુખિયાં અમને આજીવન

# મારે ગાવું રામ નામનું ગાણું

મારે ગાવું રામ નામનું ગાણું
રૂપ રૂપલિયો ચાંદલીયો હરખે
અવધપૂરીને દ્વારે
ગુંજે આજે જનજન ઉરે
થાશે યુગયુગનું અજવાળું...
મારે ગાવું રામ નામનું ગાણું

માત કૌશલ્યા દશરથ રાજન
અંતર સુખડાં માણે
ભારત ભોમનાં ભાગ્ય ખૂલ્યાં
પામી ભવભવનું નગદ નાણું...
મારે ગાવું રામ નામનું ગાણું

દૈવ કૃપાએ ગગન ગાજે
સુંદર રામસીતાની જોડી
જનકપુરીમાં મંગલ ઉત્સવ
ધરે આજ ધનુષ રામજી હાથું
મારે ગાવું રામ નામનું ગાણું

ધર્મ ધારક વીર ઉધ્ધારક
રામજી વનવાસીને વહાલા
વચન પાલક થયા પુરુષોત્તમ
કીધું રાજધર્મનું રખવાળું...
મારે ગાવું રામ નામનું ગાણું

ભક્તો કાજે વનમાં ભમી
આવ્યા માત શબરીને દ્વારે
લખણ હનુમંત વાનર સેના
હરખે રામસેતુએ સુગ્રીવ સુજાણું
મારે ગાવું રામ નામનું ગાણું

ભૂલ્યો રાવણ છક્યો મદહોશે
શ્રી રામે કીધા ધનુષ ટંકારા
કપટી આસુરી વૃત્તિઓ સંહારી
દીધા વિભિષણને સ્વરાજુ
મારે ગાવું રામ નામનું ગાણું

છે વિજયા દશમી મંગલ ટાણું
રામ; તમારું નામ રોકડું નાણું
છે અમર પદ દાતા એ જાણું,
મારે ગાવું રામ નામનું ગાણું

## હનુમાનજીનું હાલરડું...

પારણે પોઢેલ બાળ મહાવીર ને, સિંહણ જાયો છે વીર
જડે નહીં જગતે જોટો, અવનિએ અવતરીયો મોટો
કેસરીનંદનને નીંદરું ના આવે, માત અંજની હેતે ઝુલાવે

ભાગ્યવંતી મા ભારત ભૂમિ, દે પવનદેવ લાખેણું નઝરાણું
ઉર પ્રસન્ન ને આંખ મીંચાણી, અંજની માને સપનું દેખાણું
માત થાશે તારો લાલ બડભાગી, દેવાધિ દેવની દેવ પ્રસાદી
ધર્મપથી શક્તિ-ભક્તિની મૂર્તિ, પરમેશ્વરની નિત બાંધશે પ્રીતિ
કેસરીનંદનને નીંદરું ના આવે, માત અંજની હેતે ઝુલાવે

પોઢંતો પ્રતાપી વજ્રની શક્તિ, મુખ લાલીની આભા છે પ્યારી
જડીબુટ્ટી એ રામની જાણશે જયારે, ચારે યુગનો થાશે કલ્યાણી
ભવ કલ્યાણી અંજની નીરખે, હરખે ઉર ને આનંદે મલકે
કેસરીનંદનને નીંદરું ના આવે, માત અંજની હેતે ઝુલાવે

ભક્ત ભગવાનનાં મિલન થાશે, ભગવદ શક્તિનો સથવારો થાશે
ગર્જનાઓ ગાજશે વીર કેસરી કેરી, દશે દિશાઓ હાંકથી કંપશે
લાલ તારો મા લાંઘ્શે જલધિ, પવનવેગી એ ઘૂમશે અવનિ
કેસરી નંદનને નીંદરું ના આવે, માત અંજની હેતે ઝુલાવે

હિમાળેથી સંજીવની લાવશે ઊડી, અવધપુરી ગાશે ગાથા રૂડી
પનોતી પાસ ન એ ઢૂંકવા દેશે, રામ ભક્તથી યશ અમર થાશે
દેવી કલ્યાણી અંજની નીરખે, અમી રસ અંતરના ભાવે ઉછળે
કેસરી નંદનને નીંદરું ના આવે, માત અંજની હેતે ઝુલાવે

# રથડે બિરાજજો રણછોડ...

ઝૂલે છે હાથીડા ને ઝૂમે છે લોક
        રથડે બિરાજજો રણછોડ
દઈએ ઓવારણાં અષાઢી બીજનાં
        પધારીને પુરજો રે કોડ

બહેની સુભદ્રા ને વીરા બલભદ્રજી
        મલકે જાદવ કુળની જોડ
અમારી સગાઈ સવાઈ માધવજી
        શંખ વાગે ને વધાવે ઢોલ... રથડે બિરાજજો રણછોડ

નગર અમારું આજ ગોકુળ વૃંદાવન
        તમે છોગાળા અમે છેલ
દર્શન તમારાં રૂડાં રે જગન્નાથજી
        અક્ષત ગુલાલ માથે હેલ

પ્રેમથી પધરાવશું હૈયામાં લાલજી
        છૂટ્યા અજંપા લૂંટ્યા શોર
લાલ પીળા રંગે શોભે આ રથજી
        હળવે હાલે હરિ તરબોળ
        રથડે બિરાજજો રણછોડ... મારા રથડે બિરાજજો રણછોડ.

# રાખડી અમર સ્નેહનું સંધાન

સ્નેહના શુકન લઈ ઊગી
પૂનમ આજ શ્રાવણની
ઠારતી આંખ ઘેલી જોડી
ધન્ય! બહેન બાંધવની

પર્વ તું પાવન ; રક્ષા બંધન
શોભે હાથ રાખલડી
ભ્રાતૃ પ્રેમે બલિ જ બંધાયા
મા લક્ષ્મી જ સુખલડી

રેશમીયા તાંતણે વીરા
વાળું સ્નેહ ગાંઠલડી
પ્રભુ! માગું જ કરજો જ રક્ષા
બાંધવ આંખ તારલડી

ભાલમાં શોભે વિજય તિલક
જુગ જીવે તારી શાખલડી
ભવભવે માગું જ આજ વીરા
બેન ઉરે એજ આશલડી

બેન મારી; તું હિરણ્યભાગી
ભાવે ભીંજે આંખલડી
રાખડી અમર સ્નેહનું સંધાન
લે બહેન ચૂંદલડી

# હેતે રમાડ્યો ગોપાલ....

વાહ ગોકુલ! તારું કેવું રે ભાગ્ય મહા બલવાન
નારાયણ નાથ, પધાર્યા તારે આંગણે થઈ મહેમાન
ભક્તિ તમારી; ભાળી ભગવાને; પ્રતાપી સરતાજ
પારણે આવી પોઢ્યો પરમેશ્વર, ઝુલાવે જશોદા માત
          વાહ ગોકુલ તારું.....

નિષ્કપટ મનડાં દેખી તમારાં,માખણ ચોરે સંગાથ
ભોળાની સાથે ભોળો અમારો,ગાયો ચારે નંદલાલ
          વાહ ગોકુલ તારું...

લાલા લાલાની રટ ગમી, આજ હરખે કૃપાળું કિરતાર
માતા જશોદાના વહાલે વીંધાઈ, થાંભલિયે બંધાયો દાતાર
          વાહ ગોકુલ તારું...

અનંત જન્મોના પુણ્યે પામીયા, પ્રગટ પ્રભુનો પ્યાર
રાધેની બંસરીના નાદે ખૂલ્યાં, વ્રજ વૃંદાવન ભાગ્ય
          વાહ ગોકુલ તારું...

લેણદેણથી ના તોલાતો, મારો કામણગારો કાન
યમુના ઘાટે; વહાલો વરસાવે, સ્નેહ સુધાનાં પાન
          વાહ ગોકુલ તારું....

ધન્ય ધન્ય! ગાય ઘેલી ગોપીઓ, હેતે રમાડ્યો ગોપાલ
જશોદાના લાલ જગના વહાલા, થાઓ ફરી મહેમાન
          વાહ! ગોકુલ તારું
કેવું રે ભાગ્ય મહા બલવાન
નારાયણ નાથ પધાર્યા તારે આંગણે થઈ મહેમાન

# ખળખળ વહેતાં, જળ જમુનાનાં કહેતાં...

ખળખળ વહેતાં, જળ જમુનાનાં કહેતાં
કદમની ડાળીથી કૂદીને કાનજી -
હળવેથી મરકતો પૂછતો...
તું મને ભીંજવે કે હું તને ભીંજવું?
આ કોયડો હજુય ના ઉકલતો!

મારે ને મોરલાને, ભાઈબંધી રૂડી
ઘાટ પર આવી એ નાચતા
મયૂર પીંછે સોહે કાનજી ને પૂછે-
થનથન નાચી કોણ કોને રે રીઝવતું?
આ કોયડો હજુય ના ઉકલતો!

ચરાવી ગાયલડી, બેસીને ઘાટ પર
મીઠી વાંસલડી એ વગાડતો
રૂમઝૂમ હરખાતી, રાધાજી આવતી
કોનામાં કોણ રે ડૂબતું? એ ગોકુળિયું પૂછતું
આ કોયડો હજુય ના ઉકલતો!

વાહ રે ગોકુળ! ને વાહ મારા વૃંદાવન!
કોયડામાં બાંધે એ કાનજી...
ખળખળ વહેતાં, જળ જમુનાનાં કહેતાં
આજ રાણી યમુનાજી રાજી રાજી(૨)

# ભાવે નમીએ આરાસુરી માત-

કુમકુમના થાળ ભરી
ઉરમાં ઓચ્છવ ધરી
ઝગમગ ઝગે છે પૂનમની રાત
...ભાવે નમીએ આરાસુરી માત(૨)

પથપથ મંજીરા ઢમ ઢોલ
મનહર દર્શન જય બોલ
મઘમઘ મધુરાં વન લીલી ભાત
...ભાવે નમીએ આરાસુરી માત(૨)

કનક કળશની શોભા
બાવન ગજી રે ધ્વજા
ઢમઢમ વાગે નોબત પૂનમની રાત
....ભાવે નમીએ આરાસુરી માત (૨)

લાલ ચટક ચૂંદલડી
કર ત્રિશૂળ માવલડી
લોક ઘૂમે ગરબે માડીને દરબાર
મનહર દર્શન ઐશ્વર્ય અપાર
...ભાવે નમીએ આરાસુરી માત

મંગલ દીશે શિર છત્તર પૂનમની રાત
જય જય અંબા ભવાની ઓ માત
...ભાવે નમીએ આરાસુરી માત(૨)

# તરું આપણું સહિયારું...

ડાળે બેસી પંખી ટહૂક્યું
ધરતી તારી; ગગન અમારું
        પણ ભલું, તરું આપણું સહિયારું

ફરફર ફરકે પર્ણ સજીલાં
છેડંત અનિલ ગીત મજાનાં
શોભે રતુંબલ લઈ હીંચોળાં
ભૂલશું કહેવાનું; ભલા મારું તારું
        મહાદાતા, તરું આપણું સહિયારું

અમ વનપંખીનો આશરો મોટો
બાંધ હવેલી, તું મળે ના જોટો
ભરી હરખ, ગૃહે સંતાનો પલશું
લીલુડું નવલું અનઘ રૂપાળું
        માવતર, તરું આપણું સહિયારું

ઋતુઋતુના કામણ ખીલતા
ખાટા મીઠા ફળોએ મ્હેંકતા
આવ નીરખ મંગલ રૂપાળું
અર્પે વિસામો; કરુણાથી છલકાતું
        અન્નકૂટ, તરું આપણું સહિયારું

ગગન ગોખથી વહેતી ધારા
લીલાછમ હરખે ડુંગર ક્યારા
શોભંત વનમાળે રૂપલું સુંવાળું
સવાયા સંતસા ધરે જ નઝરાણું
        જગદાધાર, તરું આપણું સહિયારું

# ઓ પિતા શ્રીફળસા...

[હાઈકુ]

હૈયા સરસા,
પિતા ઓ શ્રીફળસા
જીવન ભાષા

પિતાનું ન્યારું
છત્ર છે જ રૂપાળું
શિરે ભાળું

ઉર ઝરણાં
પહાડી જ પ્રતિભા
ધન્ય જગ આ!

પિતા તમારા
ઉર ભાવ મધુરા
દે અજવાળાં

# મા ચંદન અગિયારી.......

મા મમતાનું મંગલ મંદિર
જગ આખું પૂજારી
વાત્સલ્યમૂર્તિ ઘડી પ્રભુએ
ધન જનની ખુમારી

વૈભવ માનો હેત ખજાનો
સુખદાતા કલ્યાણી
આંખે અમી ને સાગરપેટી
અક્ષય મા દાતારી ....જગ આખું પૂજારી

હાલરડાં મા તારાં ઔષધ!
- ખોળે સ્નેહ સમંદર
તું પકવે મા મોતી મોંઘાં
ઝીલતી ઝોલે નીંદર

કેમ રમે મા શામળ ખોળે
જાણું હું અલગારી
ત્યાગ મૂરત તું, મા દેવી તું
મા ચંદન અગિયારી...જગ આખું પૂજારી

# લખતી મા તું વસિયત....

એક વિધાતા બીજી માતા
ધન્ય જ! ભાગ્ય સવૈયા
ઉતારે ના ઉતરે એવાં
ઋણ જ તારાં મૈયા

મઘમઘ થાતું હૈયું તારું,
ઝીલે શૈશવ ન્યારું
હાલરડાં એ મીઠાં મોંઘાં
હૂંફ ભરે ભવ સારું

માત તમારો ધર્મ જ એક
સમર્પણ ને સેવા
તું ઘડવૈયા વિભૂતિની
પાલવડે તવ મેવા

કાગળ જેવા કોરા અમે
લખતી મા તું વસિયત
કેમ ન માના ચરણ પખાળું?
વૈભવ ધરતી રળિયત

મધુરમ અમૃત પાન જ મા તું,
પ્રગટ થયું ઘર તીરથ
ઈશ્વરની તું આપકળા મા
ધન્ય જ! સંસાર ગરથ (૨)

# વહાલી દીકરી...

મમતાએ મઢી
સંસ્કારે ખીલી
        વહાલી દીકરી

ભર બપોરે દોડી
બારણું ખોલી
ધરે જળની પ્યાલી
        વહાલી દીકરી

હસે તો ફૂલ ખીલે
ગાયે તો અમી ઝરે
ગુણથી શોભે પૂતળી
        વહાલી દીકરી

રમે હસતી સંગ સખી
માવતર શીખવે પાઠ વઢી
સૌને હૃદયે તારી છબિ જડી
        વહાલી દીકરી

વીતી અનેક દિવાળી
જાણે વહી ગયાં પાણી
સોળે ખીલી જ રાણી
        વહાલી દીકરી

પૂજ્યાં તેં માત પાર્વતી
પ્રભુતામાં માંડવા પગલી
દિન વિજયા દશમી
        વહાલે વળાવું દીકરી

લેવાયાં લગ્ન આંગણિયે
મહેકે સુગંધ તોરણિયે

ગુંજી શરણાઈ, વાગ્યા ઢોલ
શોભતી વરકન્યાની જોડ

વિપ્ર વદતા મંગલાષ્ટક
પીળા શોભંત કન્યાના હસ્ત
આવી ઢૂકડી વિદાય વેળા
માવતર ઝીલે છૂપા પડઘા

હૈયે ન સમજાય વ્યથાની રીતિ
વાત કેમ કહેવી બોલે દીકરી

ઝીલ્યા વડીલોના મોંઘા બોલ
વગર વાંકે ખમ્યા સૌના બોલ
દીકરીની વ્યથા ઉરે ઉભરાણી
કેમ સૌ આજ મને દો છોડી

આવી રડતી બાપની પાસે
બોલી કાનમાં ખૂબ જ ધીરે
કોને બોલશો-વઢશો પપ્પા હવે?
હું તો આજ સાસરિયે ચાલી

કેવું અંતર વલોવતા શબ્દ બોલી
જુદાઈની કરુણ કેવી કથની
થયો રાંક લૂંટાઈ દુનિયા મારી
આજ સંબંધની સમજાણી કિંમત ભારી

આંખનાં અશ્રુ બોલે વાણી
નથી જગે તારા સમ જિગરી
તું સમાઈ અમ શ્વાસે દીકરી
તારા શબ્દો ટપકાવે આંખે પાણી
ઓ વહાલી દીકરી!
ઘર થયું આજ રે ખાલી (૨)

## બચપણ

[છંદ : શિખરિણી]

ચહેકે આનંદે, બચપણ હસી, કષ્ટ હરતું
રમે એ મસ્તીથી, હરપળ ધસી, હર્ષ ધરતું
પ્રસાદી તું મોટી, વિમલ મધુરી, ફૂલ સરખી!
મઢે ગોરા ગાલે, મખમલ રુહે, આભ ધરણી

રૂડી ભાષા કાલી, કલરવ સમી, સુખ ભરતી
નથી કોઈ ચિંતા, શરણ પ્રભુનું, પુણ્ય ભરણી
કરે પોતાના એ, મનહર રૂપે, મુગ્ધ વદને
અને દોડે હોંશે, ડગમગ પગે, હાસ્ય ભરણે

મળે માનો ખોળો, અભય સુખદા, હૂંફ ધરતો
ઘડે સંસ્કારો એ, મરકટ મને, ભાવિ ઘડતો
ભલે ભેળાં બાળો, નયન હરખે, દિવ્ય ક્ષણ એ
હસે હોઠો નાના, મરક મરકી, ભાવ ઊભયે

વદે વાણી મીઠી, મુખ કમલથી, શૈશવ મહા
અમી સીંચે હૈયે, શત સુખમયી, વૈભવ અહા!

# નામ મારું છે ખુશી

નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું
એક બે ત્રણ વદું તો, બા દાદાને લાગે વાહલું
વન ટુ થ્રી કહું તો,મમ્મી પપ્પાને હસતા ભાળું
ખુશી ખુશી હું બોલું

બા દાદા કહે વારતા, શિયાળ કાગડો પુરી
મૉમ કહે હોલ્ડ માય હેન્ડ નહીં તો પડશે ભૂલી
રમતાં રમતાં ઊંઘું , ઊઘમાં હસું થોડું થોડું
ખુશી ખુશી હું બોલું

બા બનાવે મારા માટે રોજ રોટલી શાક
મૉમ ડૅડી સાથે ભાવે મુજને, પ્યારા પિત્ઝા ને કોક
ખાઉ થોડું બગાડું ઝાઝું, તોય વહાલ કરે રૂપાળું
ખુશી ખુશી હું બોલું

બા કહે ફ્રોક પહેરી, તું મજાની ઢીંગલી જેવી લાગું
શોર્ટ ટીશર્ટ પહેરી, મમ્મી સાથે હાઈફાઈમાં ભાગું
રોજ રોજ નવલી વાતું, હસતી રમતી માણું
ખુશી ખુશી હું બોલું

બા ગવડાવે માના ગરબા, દાદા શીખવે હાથ જોડીને રામ
મમ્મી પપ્પા ઊપડે કામે, બોલાવી બાય બાયના જાપ
હસી હસી હું રમું ભમું, થાકી દાદા પાસે દોડું
ખુશી ખુશી હું બોલું

વાત કહી મેં મારી છાની, બોલો તમને કેવી હું લાગું
નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું

# ગોકુળમાં અવળા વાયરા વાયા!

આ વિરહની વેદનાના શૂળ
કેમ કરી સહેશે ગોકુળ?
રોતી દુઃખતી આંખલડીયે, દેખાય મને ઝાંખું
શું સાચે જ શ્યામ, જાય છોડી ગોકુળ આખું?

કહી માખણ ચોર કીધી રે ભૂલ
નહીં માગીએ; હવે મટકીના મૂલ
દ્રવે અંતર ને રૂંધાયા છે મધુ કંઠ
ના ત્યાગો.. મારા માધવ વૃંદાવન

ના સંભળાયે વ્હાલા મોરલાના બોલ
ભાંભરવાનું ભૂલી આ ગાયોની ઝોક
યમુનાએ ઘોળી પીધો છે રંગ શામળો
કેમ કરી માનું? છોડે જશોદાનો લાડલો

શીદને કીધી વાતો સૌ ઠાલી
કે રાધાનો હું ને રાધા મારી

નાથ ચરણોને આધાર આપી હરખતું
આ જોને કેવું રડે છે કદમ હીબકતું?

ઠાલો કહેતો ફરતો કે હું વૈકુંઠ ને વ્રજનો
આજ દીઠો લાલ તને, જતો થઈ મતલબનો

કેમ કરી ભૂલશું કાન તારી બંસરીની માયા?
હાય! આજ ગોકુળમાં અવળા વાયરા વાયા

# પરદેશમાં

ઠેક્યા દરિયા ને અમે પૂગ્યા પરદેશ
છોડ્યા વતનના રે વ્હાલ
દોમદોમ સાહેબીની વાતોમાં ડૂબી
સોન પીંજરે પુરાયા રે લાલ
એની વેદનાના સાંભળજો હાલ!

જમવાનાં નોંતરાં ના દેશો આ દેશ,
મારા હૈયાને લાગશે રે ઠેસ
ભાણે બેસી ને જમવાની મજા,
વ્હાલા! ખોઈ અમે આવી પરદેશ
 વતનની વાત તમે ના છેડજો
 પરદેશની આકરી લાગે આ વેઠજો

કેવી મળતી હૂંફ આંગણાંના તાપણાએ,
ને વાતોના તડાકા, વિસરાયા આ દેશ
વાતાનુકૂલિત ઓરડે થાતા મૂંઝારા,
ઝૂરે મારું નાનું હ્રદિયું આવી પરદેશ
 મેળામાં મહાલવાની વાત ના છેડજો
 પરદેશની આકરી લાગે આ વેઠજો

કોયલના ટહુકાએ, ટહૂકે મારો દેશડો,
ને મેઘલો નચવે, મોરલા ને તાનમાં
સંગેમરમરના પથ્થર સમ આજ હું,
સંવેદનાના સૂરો ખોળું પરદેશમાં
 પાદરની ભભૂતિની વાત ના છેડજો
 પરદેશની આકરી લાગે આ વેઠજો

છે છે ઘણુંય આ મસ્તાના દેશમાં,
નથી જડતા દાદા દાદી એના વેશમાં!
બાપથી સવાયા એ ખોળાના હેતડાં,
ખોયા ને રોયા અમે આવી પરદેશમાં
હાય! હલોમાં ડુબાડી અમે પ્રીત જો
વતનની મીઠી વાતો તમે ના છેડજો

## મેળે ઝટ જઈએ...

ઊડે રેશમીયો રૂમાલ
છાયો આકાશે ગુલાલ...
કે મેળે ઝટ જઈએ (૨)

વાગે વગડાના રે ઢોલ
છેડે પાવા મીઠા બોલ
હરખ્યાં હૈયાનાં રે હેત
ગાડે ઘૂઘરીઓનાં ગીત...
કે મેળે ઝટ જઈએ(૨)

રૂડાં ગીતલડાં ગવાય
મખડું મલક મલક થાય
લીલી લીમડીયું લહેરાય
ફરફર પાંદડીયું ફરકાય...
કે મેળે ઝટ જઈએ(૨)

માથે પાઘડિયું સોહાય
પગે મોજડિયું ચીચરાય
કસકસ જોબનિયું છલકાય
છપનું હૈયું રે હરખાય...
કે મેળે ઝટ જઈએ(૨)

ગાજે કિલકારીના નાદ
ભેર ઉછાળે રે ડાંગ
તાલે ગરબીયું ગવાય
છત્તરીયું ઘમ્મર ઘમ્મર થાય...
કે મેળે ઝટ જઈએ(૨)

મનડું ચડ્યું રે ચગડોળ
આંબે બોલે કોયલ મોર
ઝાંઝર ઝમકે કરી જોર
સાંભળે વાલમ એનો શોર...
કે મેળે ઝટ જઈએ(૨)

રૂડા જામ્યા છે રે રાસ
ભાળે ભોળો રે ભરથાર...
કે મેળે ઝટ જઈએ(૨)

મારા છેલ છોગાળો રાજ
દીપે જોધપુરી રે શાન
મારે ચીતરાવાં છે નામ
હરખના ઉભરાયા છે જામ...
કે મેળે ઝટ જઈએ(૨)

# જોબનિયું આજ રમતું હાલ્યું

જોબનિયું... જાણ્યું ના જાણ્યું ને ઊડી જાશે
જોબનિયાને રંગમાં રાખજો રાતું,
કે જોબનિયું જાશે હાલ્યું ગાતું

પ્રેમનું તો ડમરું
મદમાતી નજરું
હસી હસી કોણ ખોવાતું? સહિયર મોરી
જોબનિયું ઝાલે ના ઝલાતું,
કે જોબનિયું આજ રમતું હાલ્યું

હૈયું રે હરખાતું
મનડું વલખાતું
વસંતને વાયરે કોઈ વીંટાતું.... સહિયર મોરી
છાનું છાનું શું મલકાતું..
કે જોબનિયું આજ રમતું હાલ્યું

કામણિયું કજરારું
ને શ્રાવણિયા ધારું
મૂછના દોરામાં શીદ લપટાતું... સહિયર મોરી
ઢોલને તાલે થનગન થાતું...
કે જોબનિયું આજ રમતું હાલ્યું

પ્રેમની રે વાતું
જીવનનું ભાથું
વહાલના વાયરે પરદેશ જાતું... સહિયર મોરી
પળપળ જાતું વિખરાતું...
કે જોબનિયું આજ રમતું હાલ્યું

કેમ બાંધું રેશમીયા ધાગે?
જોબનિયું ઉડતું જાતું વાટે...
કે જોબનિયું આજ રમતું હાલ્યું

## ભારત રત્ન

સત્યમેવ જયતે મંત્ર જ ખ્યાતિ
વધાવે વતન, વંદ્ય જ વિભૂતિ

ખૂશ્બુ સમ જીવન કાર્ય ઉજાશી
તમે તો વતન- ગુલાબ સુવાસી

ખીલ્યાં નૂર વતનનાં તવ સંગે
ધરે રાષ્ટ્રપતિ ગૌરવ શત રંગે

સકળ રત્નનાં મૂલ્ય જ ખૂલ્લાં
તમે તો ‘ભારત રત્ન’ અણમૂલા

ગર્વ રાષ્ટ્ર સન્માન જ યશવંતા
ધન્ય! ઓ રત્ન સાચા જ શુભવંતા

વતન પ્રેમનાં મોંઘાં હીર સજીને
ઝળક્યા શિલ્પી, ખુદ રત્ન જ થઈને

# હું માનવને ખોળું

એક દિન અચાનક, ભગવાન આવી ઊભા રે સામે
પૂછે મુજને શું શોધે? 'આકાશદીપ' તું અંધારે
દીવો પ્રગટાવી અહોભાવે, બોલ્યો ભાવ ધરીને
વિશાળ જગે શોધવા નીકળ્યો હું માનવને

હસી બોલ્યા ભગવાન અચરજથી,
અલ્યા માણસનું કીડિયારું તારી સંગે ભાળું
શાને પાછો લળી લળી કહે હું માનવને ખોળું?
ભલા ભગવાન.....

કારોબાર કરો તમે વિરાટ વ્યોમેથી, ને
દૂરદૂર રહી સાચી વાતો કેમ કરી સમજાવું?
સાચેજ તારા આ જગમાં, માનવને હું ખોળું

વદે વિધાતા, પશુ પંખી માનવ સૌને, સરજ્યા નોંખા નોંખા
શાની પીએચડી કરવા નીકળ્યો, મારા બહાદુર બચ્ચા?

વાત વિચારો હરિ મારા, સાંભળી મારી વાતું
પાડોશીને પ્રેમ કરે એવો, માણસ આજે ખોળું

બતાવો એવો માનવ જેને, માનું સાચો સાચો સંત
ધરમીને ઘેર ધાડ ન પાડે, તોડે જગના જૂઠા તંત
કરુણાથી છલકે અંતરને, દિલમાં હરપળ લાગે દાહ
દ્રવી ઊઠે હૈયું એનું, દુખડાં ભાળી કોઈની પાસ

ભગવાન ચમક્યા, વિચારે અંતરે, જરૂર કંઈક થઈ ગઈ છે ભૂલ
છપ્પન ભોગ આરોગી, શું મને લાગી ગઈ કંઈ ઝૂંક?
એતો હું શું જાણું જગદીશ,વેરના વાવેતર દેખું ચોપાસ
લડે માનવ માનવથી આજે, સાગર ધરતી આકાશ

સુખી થવા તમે દીધું, માનવને ઉત્તમ બુદ્ધિ બળ
છળકપટથી આ સુંદર વિશ્વે, ઘોળ્યા વિષ વમળ

ભાઈની સાથે ભાઈ લડે, બાપની સામે બેટો
પરિવારમાં પીરસે નફરતને, માનવથી માનવ છેટો

દ્વિધા ધરી બોલ્યા ભગવંત, કાલે જવાબ તને હું આપું
બોલી એવું ઉતાવળે અંતર્ધ્યાન થઈ ગયા પ્રભુ
હું અંધારે ભટકી ભટકી, જોઉં રોજ પ્રભુની વાટું
મારી રીતે હજુએ આજે, હું માનવને ખોળું

આવો સાથે મળી શોધીએ, પ્રભુના એ માનવ રંગીલા
હવે ના કરશો તમે, ઘડવૈયાને વધુ વધુ છોભીલા.

# વિશ્વ વંદ્ય ગાંધી....

છંદ-શાલિની

મા ગુર્જરી, ધન્ય તું છે સુભાગી
તારા ખોળે, પ્રગટ્યો વિશ્વ ગાંધી

દ્રવે હૈયાં, દૈન્ય નિસ્તેજ લોકો
દેખી દુઃખી, ભારતીની ગુલામી

અંગ્રેજોની, યાતના ત્રાહિમામ
છેડી ક્રાંતિ, રાહ તારી અહિંસા

જાગ્યું જોશે, શૌર્ય તારી જ હાકે
આઝાદીની, ચાહ રેલાય આભે

ગાંધી મારો, શાંત વંટોળ ઘૂમે
ગર્જે છોડો, જાવ છે દેશ મારો

ઝંઝાવાતો, દે દુહાઈ જ પૂઠે
તોડી બેડી, રાષ્ટ્રપિતા અમારા

હિંસા ભર્યું, વિશ્વ આજે રડે છે
સંતાણી છે, બંધુતા માનવીની

દીઠી ગાંધી, રાહ તારી જ સાચી
વિશ્વ વંદ્ય, ઓ વિભૂતિ મહા તું

# ધન્ય! અખંડ ભારતના શિલ્પી.....

રાષ્ટ્ર ગૌરવે છો અભિમાની
ધીર વીર વલ્લભ સેનાની
વૈભવ યશ વકીલ ધુરંધર
ગુર્જર રત્ન ભૂમિ ચરોતર

સાદગી કુનેહ તવ અમીરી
ગાંધી બાપુ સંગ ઝગી ખમીરી
આત્મીય ધરતી પુત્ર કાર્યદક્ષ
વ્યવહાર શુદ્ધ તું લોહપુરુષ

ધન્ય! અખંડ ભારતના શિલ્પી
એકીકરણની અટપટી સુલઝી
લક્ષ્ય વેધી ચાણક્ય જ ખ્યાતિ
ભારત માતની વિરલ વિભૂતિ

દઢ સંકલ્પ એ સરદાર પરિચય
ભાવ વંદના ઉરથી જય જય(૨)

# ધન્ય! ઓ વિવેકાનંદ...

ભલી ભોમકા નગરી કોલકાતા
ચરણે ઝૂકે નરેન્દ્ર દુલારો
પરમહંસ શ્રીરામકૃષ્ણ હરખે
પાવન ગંગાસાગર કિનારો

ગા ભજન તું ભાવ ધરીને
માપું અંતરના ઊંડાણો
પરખ્યો યોગી આતમરામને
મળ્યો પુણ્ય ભૂમિ રખવાળો

રિદ્ધિ-સિદ્ધિ સીંચે મા કાલિ
પામ્યો પ્રકાશ પલભરમાં
લઈ કમંડલ હાલ્યો વેદાંતી
સાક્ષાત્કાર રમે અંતરમાં

ત્રણ સાગર સંગમના દર્શન
ધ્યાન ધરે વિવેકાનંદ
સંકલ્પ કીધો સાગર ખેડવા
હાલ્યા ધર્મ પરિષદ

જ્ઞાન ભંડારી સંત સાક્ષાત્કારી
ઉન્નત મનનો આનંદ
ફરક્યો વાવટો યશ દે શિકાગો
ધન્ય! ઓ વિવેકાનંદ

# ધન્ય! ડૉ. અબ્દુલ કલામ

પાવન ધરણ જ રામેશ્વરની
        જન્મભૂમિ તવ ગૌરવવંતી
મુઠી ઊંચેરી તવ શાન
        ધન્ય! ડૉ અબ્દુલ કલામ

સ્વયં પ્રકાશ્યો કર્મઠ દીપે
        ખ્યાત 'મિસાઇલ મૅન' યુગે
પ્રખર વિજ્ઞાની તવ નામ
        ધન્ય! ડૉ અબ્દુલ કલામ

દીઠું રત્નોમાં તું અદકું રત્ન
        ગૌરવવંતું જ સાચું ભારત રત્ન
ભારત દેશનું ગૌરવ ગાન
        ધન્ય! રાષ્ટ્રપતિ ડૉ કલામ

અમર ઇતિહાસે અંકિત તવ નામ
        દેશ દે શત શત સલામ
ધન્ય! ડૉ અબ્દુલ કલામ

# ભારત ભાગ્ય વિશેષ

ધન્ય ધરાતલ પુણ્ય ભૂમિ તું
મા ગંગાના આશિષ
વારણસી આ વિશ્વનાથની
ભારત ભાગ્ય વિશેષ

માંડે મીટ જ દેશ આપણો
જન કલ્યાણ જપ જપજે
ગૌરવ સાવજ શૂર ભોમનું
સૂરજ સમ તું તપજે

સ્વપ્ન જ તારું શ્રેષ્ઠ ભારત
કૃષિ ક્રાંતિ મહાજ્યોતિ
જનશક્તિ એ ભાગ્ય વિધાતા
નામ નરેન્દ્ર જ ખ્યાતિ

યુવાધન હથિયાર આપણું
વિકાસ શંખ હર દ્વારે
નિત ત્રિરંગે હો જયઘોષ
ઝૂમજે જ રણટંકારે
ઉન્નત શિશ હો પ્યારે(૨)

# મોંઘવારી

[છંદ : મંદાક્રાન્તા]

આવ્યા છે રે, કઠિન દનડા, મોંઘવારી રૂલાવે
પો ફાટેને, તન તપવતો, દોડતો કૃષ કાયે
ભાવો કૂદે, નિત શિખર ને, ખૂટતી આ કમાણી
સૌથી સસ્તો, હું જ સબળતો, કોણ સુણે કહાણી

# હું ને તું જ થઈ ગયા સસ્તા....

નથી વધી મોંઘવારી વીરા
વદ્દે રૂપિયા હસતા
સાંભળો મારી વાત સયાણી
        હું ને તું જ થઈ ગયા સસ્તા

ભ્રષ્ટાચારી તંત્ર મહા તગડું
રોજ સંવારે સપનું
સરકારી તિજોરી કેરું તાળું
        ખોલે ગણીને અપનું

કાળા ધનની આજ દુહાઈ
બંગલા વૈભવ ગાડી
ક્યાં છે મોંઘવારી બોલો?
        લહેર કરે ભાઈ લાડી

પરસેવાની કમાણી બાપડી
જાણે લંગડી ઘોડી
ખા થોડું ઓછું રે પહેલવાન
        રળ રડવાનું છોડી

# રંગરસિલી સરકારી મોંઘવારી.....

કોણ આવે જાજરમાન છમકારે,
વાલીડા! દોને અમને ઓળખાણ
રંગરસીલી સરકારી મોંઘવારી
રાય મોહનની પટરાણી જ જાણ

પાતળિયાં વ્હાલાં હતાં જ પહેલાં,
ફૂલતાં એ ફુગાવે જ રાતદિન
જાય મોંઘાં એ દિલ્હીના દરબારે,
રાહ જ જુએ ગઠબંધન મહાજન

ના કરશો ચિંતા ખર્ચની રાણી,
દેશ વિદેશો દેશે જ સૌગાદ
આર્થિક સંકટ અમે ધોઈજ પીશું,
ઝીંકશું ભાવ વધારો ત્યજી લાજ

લોક કાળા રે ધનની રટ લગાવે,
ને અમારે મોહનજી છમકછલ્લાં
દેશ આખો રટશે જ વિકાસ ઠેલાં,
વાહ! ભોળાજી રહીશું રાજ ઘેલાં

# ઉછાળો હર હૈયે તોફાન

ગજાવ આ અંબર, લઈ વિપ્લવની આગ
દહાડ દેશે આ વગડાના પહાડ
આવ્યું છે વીર ટાણું, દેશહિતનું લાખેણું
વનરાજ થઈ નાખવાને ત્રાડ...
ઉછાળો હર હૈયે તોફાન.

ભ્રષ્ટાચારી ભોરિંગે દીધા છે ભરડા
મહા લોકશાહીના મૂલ્યો બેભાન
માન્યાતા મોટા એ નીકળ્યા છે ખોટા
લૂંટતા દેશને લોભિયા શેતાન

પાખંડીઓ પીંખતા ધરાની ધૈર્યતા
કોટિજન શક્તિ કેમ અસહાય?
વાગ્યા રે બ્યૂગલ ઑગષ્ટને આંગણે
નથી કાયર શાને લજવાય?

દેશનું ગૌરવ હિમાલયશું પાવન
જુધ્ધે જાઓ ગરવા જુવાન
ગાજશો તો વરસશે વાદળ ભલાઈના
ઉછાળો હર હૈયે તોફાન (૨)

# ચૂંટણીના ચકરાવા...

ચૂંટણીના ચકરાવા ચક્રમ
પ્રચારના પડઘમ,
દાવત ભ્રષ્ટાચાર ભગાવો
ધન કાળું ને રમ.

સત્તા એ સગપણના સોદા
કોણ સંત કોણ ધૂત?
કામ આવે એ સાચો સાથી
અવર નકલી તંત

ધર્યા વેશ ઝભ્ભાથી સજ્જન
કટકી ગોરખ ધંધા
દંડા ઉગામી સત્યવાદીને
કરતા રાજ જ ખંધા

લેતીદેતીની બોલબાલાજી
ચૂંટાય એનાં જ વાજાં,
પક્ષ કરે રે સ્વાગત મોટાં
તકવાદીને ખાજા.

ચગે ચગાવતાં ટીવી છાપાં
જ્ઞાતિવાદ ને ધોકો,
મતાધિકારને ગણ્યો સસ્તો
તો પાંચ વર્ષની પોકો.

# નાયગ્રા ત્રિધોધે

ઠરે ઠારતા ઉત્તરીય ભૂખંડો
રચે જ સર જાણે મીઠા જલડેરા
લહેરે નદી નિર્મલા ત્રિધોધે
ધસે નીર ખીણે રચે જલમાર્ગા

મળી હૂંફ ને ખીલતી ધરણી આ
ઝૂમે ડુંગરા થઈ મદમાતા
ઊડે ચહકતાં વૃંદપંખી ભોળાં
ભરે કલરવે ગોદ અંતરાળાં

રમે સાગરા સ્વરૂપી જલરાશી
વહે ત્રિપથી નાયગ્રા રૂમઝૂમી
નયન રમ્ય દીસે જ ગૌરવવંતી
રચે ધોધ આ ખ્યાત જોબનવંતી

ઘણી આપદાઓ રમે કુદરતી
થઈ સાક્ષી તું ઇતિહાસ યુગી
વહે વીજળી વેગે આ જલધારે
અર્પે ઐશ્વર્ય દર્શના બહુરૂપી

## મયૂરના કામણ.....

તારા પીંછાનો વીંઝણો શોભે રૂપાળો
તારી કલગીનો તાજ રૂડો રઢિયાળો
મોર તું લાગે છે છેલછોગાળો

મેહુલિયો ગાજે ને થનગને નખરાળો
વનવગડે ઢેલ સંગ દીપે દીવાનો
મોર તું લાગે છે છેલછોગાળો

રમતો ભપકે કળાયેલ કોડીલો
મોરમુગટ ધરી હરખાવતો ગોપાલો
મોર તું લાગે છે છેલછોગાળો

મયૂર કેવાં રે કામણ તમે કીધાં
હરિએ તમારાં સરનામા રે દીધાં

મેં તો વહાલું કર્યું ગોકુલિયું ગામજી
મોરપીંછ મુગટે ઓળખાયો મારો કાનજી

તારા રાજ રાજેશ્વરી ભપકા રૂપાળા
મોરલા તમે સૌને ગમતા છેલ છોગાળા

# મજાની દાડમડી...

છંદ-ઇન્દ્રવજ્રા

રોપ્યો અમે આંગણમાં જ રોપો
ઝૂમે ઢળે રોજ થઈ બીચારો
પોષ્યો ધરાએ, છલકે રસીલો
દોડી રમાડું તન કુમળો એ

આકાશ મધ્યે રમતો રવિ ને
ભાવો ભરી મોસમ ગાય ગીતો
સીંચું ધરાએ જળ મીઠડાં ને
છેડે જ વાતો મનડે ચહિતો

બેઠાં જ શાખે ફૂલ લાલ રાતાં
આવી રમે રે વનમિત્રો રૂડાં
દે એ પ્રસાદી રસની જ સૌને
રે ધન્ય! તું ઈશ કૃતાર્થ ભાવે

બેઠા અમે સૌ પરિવાર હેતે
ખીંચે જ તસવીર બાળ નાનાં
ને પુષ્પ રાતાં હસતાં રૂપાળાં
મળ્યો ધની વૈભવ ખજાનો

દાદા ગમી દાડમડી મજાની
એથીય વ્હાલી તમ આ ખુશાલી
બોલી અમારી 'ખુશીજાનું' નાની
છે ને મજાની મધુરી કહાણી (૨)

## હું કોને કહું?

ધન્ય ઈંદુ! ધરે જગે શીળી ચાંદની
સદા સુણું મધુરા રવ ઉરે
છું ચંદ્ર પણ દાઝું,
સૂર્ય કિરણોથી, કોને કહું?

વાહ પ્રભા! શું અનુપમ શોભા ધરે
વદે સૌ જોતાં લાલીમા ગગન અંગે,
છું ઝાકળ ઊડી જાઉં,
સૂર્ય કિરણોથી, કોને કહું?

ભીંજવે ડુંગરા ગાતાં ગીતડાં
છેડતા મસ્ત સંગીત આ,
સુણે ઝરણું ને વદે રમતું,
છૂંદે દેહ પથ્થરો, કોને કહું?

ઘૂઘવતો સાગર હું સમ્રાટસો
સપ્ત ખંડે લહેરે ધ્વજા,
ના ત્યજી શકું ખારાશ મારી,
દાવાનળ જલે ઉરે, કોને કહું?

શ્રેષ્ઠ સર્જન પ્રભુ પ્યારું,
દેવત્ત્વ પ્રગટાવવા જગે ધરું
તું માણસ જ મટી જાય,
તો પ્રભુ કહે, હું કોને કહું?

# શબ્દ જ થઈ મારે ઊગવું છે વ્હાલે

શબ્દ જ થઈ મારે ઊગવું છે વ્હાલે
પણ લાગણીની ભીનાશ ના રે ભાળી
આ કાગળ રહી કોરા! નિઃસાસા નાખે
પિંજર મહીં પુરાણી જ મેના રાણી

આવ્યા જ સંદેશા ભીતરે ઘૂઘવતા
ચઢ્યું જ તોફાને કોક ભૂલીભાન
રેલાયું હૈયું , ભીંજ્યા કિનારા સૂકા
ને ચીતરાઈ આ રેત ભોળી ભાત

ખંખેરીયા રે વાટે અબોલા મીઠા
વાવ્યા અમે દાણા સ્નેહના ચોપાસ
ટહૂકી વસંત, રમે વાય રે રૂમઝૂમ
લખ્યા જ ખત ભરી શબ્દમાં સુવાસ

# અંકુર

[છંદ : શિખરિણી]

ધરાથી ડોકાયું, રૂપ મખમલી, અંકુર રૂડું
ધરી હૂંફો હૈયે, ષટરસ ભરી, ભાત ધરશે
લહેરાશે ગાશે, ઉપવન બધે, સ્નેહ ધરતું
રસે સીંચાઈ એ, કુસુમરજથી, આશ ભરશે

હતી મસ્તી અંગે, મન મલકતું, યૌવન તને
ખુશાલી ખીલીતી, હરખ લહરે, ગોદ ભરણે
પ્રણાલી સંસ્કારી, સબરસ ધરે, આંગણ મહીં
રમે માતૃત્ત્વથી, ઉર ગહનમાં, સ્વપ્ન ઝરણે

થજે તું વાજિંત્ર, મમ જગતનું, ખૂબ મધુરું
ઝગે હૈયે આશા, કળશ યશનો, શિખર ધરું
થજે લાખોમાં તું, પરમ ધરમી, એક વીરલો
રચે કોઈ ગાથા, અમર યશની, વાલ્મીકિ સમો

સૂણે દૈવી સત્તા, શુભ મનન આ, માત ઉરના
ચહી બોલે; મૈયા, ખુદ અવતરું, ગોદ રમવા

# લખ્યું જે કાગળમાં એ લોક સૌ વાંચે

લખ્યું જે કાગળમાં એ લોક સૌ વાંચે
મેં તો વાંચ્યા છે તમને એમને એમ

ભેટ ધરી અમૂલખી આ, વાહ વિધાતા!
સ્નેહ અને સુંદરતાના સગપણ અમીર
વાત લખેલી સઘળી લાગે જ અધૂરી
હૈયાની વાતોના જ ઊડાણ અગાધ

વૈભવ તારો આરસમાં ભાળું જ થીજેલ
ના નજરોમાં જ સમાય રૂપલીયું વરદાન
સૂના મનથી કાગળમાં કેમ આલેખું?
મે તો ઉકેલ્યા છે રે એમના એમ

આ સરતાં ફોરાં ગાલે જે લખે ભીનું
ઝીલે આ વિશ્વ હસી વવરાતું વાયરે
આ સફરોની સુરભિ એજ અમરવેલ
અક્ષર અઢીને પછી પઢવા કેમના રે કેમ?

વાત વસંત તણી પૂછીએ જ કોયલને
એ ટહુકે ને વગડો રે ઝૂમતો ગાય
બંધ જ હોઠોથી પૂર્યા રે જ વેણુએ
આ વગડામાં રમ્યા રે એમના એમ

લખ્યું જે કાગળમાં એ લોક સૌ વાંચે
મેં તો વાંચ્યા છે તમને એમ ને એમ

## કનક તું ભાગ્યશ્રી ઉપહાર....

સોનેરી ખનખન ઝગે જાત
જાણે ખીલતું નૂર પ્રભાત
કીર્તિ ને કલદાર...
        કનક તું ભાગ્યશ્રી ઉપહાર

રાજેશ્વરી મુગટ સિંહાસન
દે તું દરબારી જ સન્માન
સોનેરી સરતાજ
કાંચન તું
વિજયશ્રી શણગાર...
        કનક તું ભાગ્યશ્રી ઉપહાર

મુદ્રા હેમ તણી જગ વિશ્વાસી
શ્રીમંતાઈ શાન નિવાસી
કૌશલ્ય ને તોલે
હિરણ્ય તું
શ્રેષ્ઠી કદરદાર....
        કનક તું ભાગ્યશ્રી ઉપહાર

ચાહત મુદ્રા અંગૂઠી, વ્હાલાં
કંગન જોડ શકુન દુલારાં
ખનનન એ રણકાર
હેમ ઉમંગી
આનંદનો ઉપહાર ....
        કનક તું ધરતીનો ઉપહાર

# આવોને એકલતા ઘૂંટીએ...

ભૂલીને ભાંજગડ, ઓઢું હું ભોળપણ
વિસરી કોલાહલ, ઝંખું હું પલપલ
ખૂલ્લા આકાશ નીચે ઝૂમીએ
આવોને એકલતા ઘૂંટીએ

ગગનનું છત આ, અડોઅડ ને દૂર
વગડાને કંદરા, કલરવના નૂર
વરસતા આભલાને ઝીલીએ
આવોને એકલતા ઘૂંટીએ

મધુ વસંતીના વાયરાના ડાયરા
મનડાના ઓરતા, ઝરણાંના ઠૂમકા
કુદરતની મસ્તીમાં ડૂબીએ
આવોને એકલતા ઘૂંટીએ

નફરતને ઢોળી, હૈયાં હીંચોળી
ધરણ ધરતું ઉમંગોની ઝોળી
વ્હાલનાં વધામણાં વલોવીએ
આવોને એકલતા ઘૂંટીએ

# ઈતિહાસ આલેખાય છે.

મળી છે વામણી નેતાગીરી આ દેશને
થઈ ભોળા જ દેતા જે દગા, પૂજાય છે
નથી કોઈ સમજ, આતંકના આ મૂળની
બનીને ભાગલાવાદી પ્રજા છેતરાય છે

ધ્રુજાવે વિશ્વને ટૂંપી ગળું આ દાનવો
ન છે કોઈનું ભલું, ઊલટું એ પડઘાય છે
હવે આવ્યો સમય છે પરખવાનો સત્યને
ના બોલેલું ઘણું લોક મનડે વંચાય છે

કહોના કે જમાનાની સદા છે રીત આ
તમારા ભોળપણનો લાભ ઉઠાવાય છે
ધરી ને જોમ કૂદી રે પડો યાહોમથી
પ્રજા જાગે તો, ઇતિહાસ આલેખાય છે

## રૂપલું કોઈ મળ્યું મને...
ગઝલ [છંદ-જદીદ] ગાલગાગા ગાલગાગા ગાગાલગા

વાત મારી ફૂલડાં છાની ના રહી
આજ તમથી રૂપલું કોઈ મળ્યું મને

રંગમાંથી રંગ કેવા ખીલ્યા હવે
સ્વયંમ ચિત્રકાર થવાનું મળ્યું મને

શીદ માંડું દૂર વ્યોમે નજરું હવે
ચાંદ શું રૂપ ઘૂંઘટે તો જડ્યું મને

ના મને ઓ વાદળી ભીંજાવો વધુ
સ્નેહ સરવાણી શું કોઈ અડ્યું મને

ના જરૂર મારે તમારી ખૂશ્બુ પવન
તરબતર કરતું જ કોઈ ભેટ્યું મને

લાગતા ટમટમ દીવા ઝાંખા આ ગલી
ઝરૂખડે ઝગમગતું કોઈ મળ્યું મને

ના હવે દેજો પંખીડાં સંદેશ બહુ
છલકતું ઉર આનંદે તો મળ્યું મને

સુંદર ગઝલ થયા તમે ને ગાતો બધે
શાયરે મહેફિલનું બિરૂદ મળ્યું મને

આજ નયન ‘દીપ’ના શમણામાં રમે
ભૂલવા સઘળું જ કોઈ મળ્યું મને

# છે કિનારા બે જુદા...

ગઝલ

ધર્મ મારો ધર્મ તારો, છે કિનારા બે જુદા
જલ વહાવે એક બંને, સત્ય એ સાચું બધે

વાત મારી વાત તારી, રોજ હું રટતો રહું
જો અમારી વાતથી ડગ, જગ રમે ન્યારું બધે

રંગ ખીલી સાંજ વ્યોમે, આવકારે રાતને
જાણતી એ ભોર થાયે, મંગલા પ્યારું બધે

દૂર વ્યોમે સૂર્ય જલતો, તપત સાગર આ ધરા
મેઘ જ્યારે નાચશે, લીલી ધરા ચારું બધે

સાત સાગર; સાત ખંડો, રોજ નોંખા પાડતો
જો વિચરું વ્યોમે હું, છે મારી ધરા ચીતરું બધે

ગોખમાં ‘દીપ’ જલતો ને, અશ્રુ પશ્ચાતાપના
તેજમાં શ્રદ્ધા ભળે તો, તવ સંગ ભાળું બધે

# ઘૂમે ગરબો ગુજરાત....

ઢોલીડા...ઢોલીડા...
આજ ધબકે માઝમ રાત...
શોભે નવલા નોરતાની રાત
...કે ગરબે ઘૂમજો રંગે આજ.

ઘમ્મર ઘૂઘરીઓ ઘૂમે... ઘૂમે... ઘૂમે...
ઘૂમે ગરબો ગુજરાત... આજ મંગલ છે રાત,
જામ્યા તાલીઓના તાલ (૨)
કે ઢોલીડા.... કે ઢોલીડા....
ધબકે માઝમ રાત... કે ગરબે ઘૂમજો રંગે આજ.

એક તાલી, બે તાલી... દેજો રે સાથ તાલી(૨)
કે ગરબે...(2) ....ઘૂમે આરાસુરી માત
શોભે નવલા નોરતાની રાત
...કે ગરબે ઘૂમજો રંગે આજ.

ઘમ્મર ઘૂઘરીઓ ઘૂમે...ઘૂમે ...ઘૂમે ...
ઘૂમે ગરબો ગુજરાત...આજ મંગલ છે રાત,
જામ્યા તાલીઓના તાલ(૨)
કે ઢોલીડા.... કે ઢોલીડા....
ધબકે માઝમ રાત... કે ગરબે ઘૂમજો રંગે આજ.

એક તાલી, બે તાલી.. દેજો રે સાથ તાલી(૨)
કે ગરબે...કે ગરબે.... ઘૂમે પાવાવાળી માત
શોભે નવલા નોરતાની રાત
જામ્યા મીઠડા તાલીઓના તાલ
...કે ગરબે ઘૂમજો રંગે આજ.

શ્રદ્ધાના દીવડાને... તાલીઓના તાલ છે
ધબકે છે ઢોલને ભક્તિની હેલ છે
ગાઈએ ગુણલાને.... રમીએ રાસ છે... રમીએ રાસ છે
કે ગરબે..કે ગરબે ઘૂમે બહુચરમાત
કે ગરબે..કે ગરબે ઘૂમે ઉમિયામાત
કે ગરબે ઘૂમે આશાપુરીમાત
શોભે નવલાં નોરતાની રાત
ઘમ્મર ઘૂઘરીઓ ઘૂમે... ઘૂમે ...ઘૂમે ...
ઘૂમે ગરબો ગુજરાત... આજ મંગલ છે રાત,
જામ્યા તાલીઓના તાલ(૨)
કે ઢોલીડા.... કે ઢોલીડા... ધબકે માઝમ રાત...
કે ગરબે ઘૂમજો રંગે આજ.

## ગબ્બર ગોખ ઝગમગે રે લોલ.....

માડી તારું મંદિરીયું ગગન ગોખ
કોટિકોટિ તારલિયાની દીવડી રે લોલ
માડી તારી આરત શોભે પ્રભાત
કંકુવરણા રૂપ સાથિયા રે લોલ

માડીને ગરબે ઘૂમે નક્ષત્રો દિનરાત
ખમ્મા ચૈતર તોરણિયાં રે લોલ

માડી તને દઈએ મેઘાડંબર સ્વાગત
ઝરમર ભીંના ભાવે ભીંજવો રે લોલ

માડી તારાં બેસણાં આરાસુર ધામ
ગબ્બર ગોખ ઝગમગે રે લોલ

માડી વસુધા ધરે વસંત થાળ
અક્ષત આનંદના ઓવારણાં રે લોલ

માડી વાગે નોબત ને ઊડે ગુલાલ
ફરફર ફરકે આ ચૂંદલડી રે લોલ
માડી તારે શરણે ....(2)
સુખિયા રે લોલ

# રે ગરબે ઘૂમે ગુજરાત... લાલ સનેડો......

ઢમ ઢમ ઢોલ વાગીયાં.... ને આવી રૂડી નવરાત
મા દુર્ગા ભગવતીની ઉપાસના.....રે ગરબે ઘૂમે ગુજરાત... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

લીલાછમ જવારા માતના..., મા ધરણીના ઉપહાર
ગરબા કોરાવ્યા હેતના.... રે પધાર્યા ગરબે અંબામાત... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

કુમકુમ સાથિયા શોભતા.... ને ત્રિશૂળ શક્તિનું ધામ
નમીએ દઈ વધામણાં.... રે આશિષ દે પાવા માત... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

ભલી ભલી આભલે મઢી... ઘમ્મર ઘૂમે છત્તર આભ
રંગ-બેરંગી નર નારી ભલાં... રે ગરબે ઘૂમે બહુચર માત... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

આવી રહી છે દિવાળી ઢૂંકડી... દે સ્વચ્છતાનો સંદેશ
ઘર ગામ રૂડું દીપાવજો....રે ગરબે ઘૂમે ઉમિયા માત... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

રાસ રમવાની વેળા થઈ ભલા... જુએ રાહ નેપૂરના રણકાર
લાલ ચટક ચૂંદડીની ભાતું જ ગાતી....
ઉડાડે મા નવદુર્ગા ગુલાલ... લાલ સનેડો
સનેડો સનેડો... સનેડો... સનેડો... લાલ લાલ સનેડો.

# હો માત અમે...

હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ (૨)
મા તારા હૈયામાં મસ્તીથી ગાજંતા ગાજંતા દીઠા અષાઢી રે મેઘ,
....મા અમે દીઠા અષાઢી રે મેઘ.
ને ધન્ય અમે... (૨)

લાલ થઈ ઝીલ્યા એ ધસમસતા પુર....
ઓ માત અમે ઝીલ્યા એ ધસમસતા પુર
....હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ (૨).

એ સાગરના હિલોળે જ લહેરાતા લહેરાતા...
સુણ્યા અમે હાલરડાંના બોલ
....માડી અમે ઝીલ્યા હાલરડાંના બોલ

ને માડી ઓ માડી....
એ બોલે જ ખીલ્યા આ બાળપણ...
ને લાલ થઈ માણ્યા એ મઘમઘતા સંપુટ....
...હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ (૨).

હે માત તારી (2)...
હથેલીની થાપલીમાં ઘોળ્યા રે ઘોળ્યા રે...
લાખેણા લાડના રે કુંભ
...રે માડી તેં ઘોળ્યા લાખેણા લાડના રે કુંભ

એ ઝીલીને અંગ અંગ મહેક્યાં જ... મહેક્યાં જ..
ને વ્હાલ ભરી ચાખ્યા કસુંબલ રે ઘૂંટ...
....હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ. (૨)

હે મા તારાં અધરોની ચૂમીમાં ઘોળાતી ઘોળાતી .
ઝીલી અમે સ્નેહની સુગંધ
...હે માત અમે ઝીલી રે સ્નેહની સુગંધ.

ને ભલી ચૈતન્ય સૃષ્ટિના રંગે ઉમંગે....
લાલ થઈ ચાખ્યા જ અમૃતના ઘૂંટ....
હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ (૨).

સ્વાર્થી જગતમાં મા તું જ એક વિરડી...
સંસારે ઝગમગતી આશ
...રે માડી સંસારે ઝગમગતી આશ

કેમ જ ભૂલું ઓ જનની જશોદા (૨)
રે ભાગ્ય લઈ કોણ આળોટ્યું આંગણની ધૂળ...
ને વસુધાએ માણ્યાતા બ્રહ્માંડી સુખ....
હો માત અમે પીધા મમતાના રે ઘૂંટ (૨)

# મૈત્રી તું રે

મન મેળાપ તણી મોટાઈ
ભીતરની ભાવભરી શરણાઈ

રંક સુદામા, રાય શ્રીકૃષ્ણજી
ભાવ સખાના અભય હરખાઈ
બિન મિત્રતા જીવનની અધૂરાઈ
ભીતરની ભાવભરી શરણાઈ

કેવી ટાળી જ સંશય દુવિધાઈ
વદત, સુણ અર્જુન સખા જદુરાઈ
મુખ યોગેશ્વર ગીતાજી મલકાઈ
ભીતરની ભાવભરી શરણાઈ

હોય ખુશાલી કે મહા વિપદાઈ
સાથ મળે ભેરુ, ભવ હરખાઈ
વિશ્વાસ ભરી તું ગરવી સચ્ચાઈ
ભીતરની ભાવભરી શરણાઈ

ધન્ય ભાઈબંધી!
છલકંતી સ્નેહ ભરી મધુરાઈ
ભીતરની ભાવભરી શરણાઈ (૨)